# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો સને ૨૦૦૯-૧૦ ના વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલ

— સ્થળપ્રત —

ખાસ એલ.એ.ડી.૨૫

સ.મુ.વ.(એચ)-૭૦૯-૧૫૭૫૦-૩-૦૪

.......2009-2010 ................ માટેના ગુજરાત યુની........................ ના હિસાબના અંગેના ઓડિટ

અહેવાલ સાથે જોડવાનું પ્રમાણપત્ર.

(૧) પ્રાથમિક શિક્ષણ અંગે અને જિલ્લા પંચાયતો અંગે એ સિવાયના ખર્ચના માટે પ્રમાણિત કરવામાં આવે છે.

(૧) વિગતવાર ઓડિટ માટે નીચેના ત્રણ મહિના પસંદ કરવામાં આવ્યા હતા. અંતે એ મહિનાઓનું ઓડિટ સંપુર્ણ પણે અને વિગતવાર કરવામાં આવ્યું હતું.

(૧) 10-09

(૨) 03-૧0

(૨) બીજા મહિનાઓના હિસાબ સામાન્ય રીતે તપાસવામાં આવ્યા હતાં.

(3) જાહેર બાંધકામ હિસાબનું ઓડિટ તારીખ ૧ લી એપ્રિલ ૧૯૫૪ ના ખાનગી કચેરી હુકમ નંબર - ૧ માં આપેલી સુચનાઓ અનુસાર કરવામાં આવ્યું હતુ.

(૨) પ્રમાણિત કરવામાં આવે છે કે :-

(ક) આખા વર્ષ દરમ્યાન પ્રાથમિક શિક્ષણ અંગેનું ખર્ચનું ઓડિટ વિગતવાર કરવામાં આવ્યું છે. (માત્ર પ્રાથમિક શિક્ષણની બાબતમાં)

(ખ) જિલ્લા પંચાયતોના હિસાબનું તમામ મહિનાઓ માટે નિયત ટકાવારી મુજબ પ્રતિક ઓડિટ કરવામાં આવ્યુ છે.

(ગ)ઓડિટના વર્ષ માટેના તમામ હિસાબો અને રજીસ્ટરોનું ઓડિટ કરતી વેળા કચેરી નિયમસંગ્રહ અને કચેરી હુકમોમાં નિયમ રદ કરવું, કરેલ તમામ તપાસ યોગ્ય રીતે લાગુ પાડવામાં આવી છે.

(ધ) પ્રાથમિક વાંધા લોકલ ફંડ ઓડિટ નિયમોમાં નિયત કરેલ કાર્યપધ્ધતિ અનુસાર વખતોવખત રવાના કરવામાં આવ્યા હતા અને સ્થાનિક મંડળના ઉત્તરો રેકર્ડ પર રાખ્યા છે.

(3) આગલા ઓડિટ અહેવાલો અને વાંધાપત્રકના નિકાલની ખરાઇ સ્થળ પર કરવામાં આવી છે અને વિશેષ નોંધ આ સાથે રજુ કરેલા ઓડિટ અહેવાલના મુસદ્દા અને વાંધા પત્રકમાં સમાવિષ્ટ કરી છે.

(૪) ઓડિટ અહેવાલના મુસદ્દામાં જણાવેલ વાંધા અંગે સંસ્થાના વડા સાથે ચર્ચા કરવામાં આવી હતી અને આમ કર્યું હોવા બદલ એમની સહી લેવામાં આવી છે.

(૫) મળેલ ગ્રાન્ટ અને તેના ઉપયોગ અંગેની તપાસ નિયત ચકાસણીને આધીન રહીને કરવામાં આવી હતી અને એ અંગેનું પ્રમાણપત્ર ઓડિટ અહેવાલ સાથે જોડયું છે.

(૬) પ્રમાણિત કરવામાં આવે છે કે સ્થાનિક સંસ્થાના રોકડમેળમાં દર્શાવ્યા પ્રમાણેની તિજોરી ખાતેના બે મહિનાના ભરણાની જમા રકમની, તીજોરીમાં દર્શાવેલી મુળ જમા રકમ અને બેંકમાંની જમા રકમના સંદર્ભમાં ભરણા કાપલી સાથે ખરાઇ કરવામાં આવી છે અને રોકડમેળમાં દર્શાવ્યા

મુજબની બેંકની સિલકની, બેંક પાસેથી મેળવેલા છ માસિક સિલક પ્રમાણપત્રના સંદર્ભમાં ખરાઇ કરવામાં આવી છે.

(૭) કરવામાં આવી હોય અને જે અંગે હુકમ આપ્યા હોય એવી વસુલાતનું પ્રમાણપત્ર ઓડિટ અહેવાલ સાથે જોડયુ છે.

(૮) ઓડિટ અહેવાલના ફકરા નંબર ૩૮ ........................ ને વાર્ષિક અહેવાલમાં સમાવિષ્ટ કરવા માટે વિચારણામાં લેવા.

સ(૯) ફકરા નં. ...... માં જણાવેલ દસ્તાવેજોને બાદ કરતાં, ઓડિટ કરતાં, ઓડિટ માટે જરૂરી એવા તમામ દસ્તાવેજો રજુ કરવામાં આવ્યા હતા.

(૧૦) જિલ્લા કચેરીએ નોંધેલા મુદ્દાની ચકાસણી કરી હતી અને એ અંગેની નોંધ ફકરાઓમાં સમાવિષ્ટ કરી છે.

(૧૧) પ્રમાણિત કરવામાં આવે છે કે આગલા વર્ષોના ઓડિટ અહેવાલોને લગતી વિશેષનોંધ આ ઓડિટ અહેવાલના મુસદ્દાની સાથે મોકલી છે.

(૧૨) નીચે આપેલા ફકરાઓમાં જણાવેલી સામગ્રી જુનિયર ઓડિટરોએ તૈયાર કરી હતી.

ઓડિટર

| | | |
|---|---|---|
| (૧) શ્રી કે. આર. વાજા | ઓડિટર | ૪ થી ૩૭ |
| (૨) શ્રી [illegible] | જુ. ઓડિટર | ૧ થી ૩, પત્રક ૨ થી ૬ |
| (૩) શ્રી [illegible] | આસી. ઓડિટર | વાઉચરોની ચેકીંગ |

મથક અમદાવાદ

તારીખ ........................

શ્રી રાજા

ઓડિટર / ~~સ્થાનિક ઓડિટર~~

........૫........ સર્કલ

(૬૨૯)

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો સને ૨૦૦૯-૧૦ ના વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલની અનુક્રમણીકા



| અ.નં. | ફકરા નંબર | વિગત | પાના નં. |
|---|---|---|---|
| ૧ | ૧ | હોદ્દેદારોની વિગત | ૧ |
| ૨ | ૨ | પુર્વ અન્વેષણ બાકી ફકરાઓની વિગત | ૨ |
| ૩ | ૩ | આવક કરતાં ખર્ચમાં વધારો થવાના કારણે નાણાંકિય પરિસ્થિતિ પ્રતિકુળ હોવા બાબત. | ૬ |
| ૪ | ૪ | ખાઇવાળુ અને અવાસ્તવિક અંદાજપત્ર બનાવવા તથા અંદાજપત્રની અનિયમિતતા બાબત. | ૯ |
| ૫ | ૫ | વાર્ષિક હિસાબો બાબત | ૧૬ |
| ૬ | ૬ | રજા પ્રવાસ ભથ્થા પેશગીની રકમ સમયસર સરભર ન કરવા બાબત. | ૧૯ |
| ૭ | ૭ | ઘરભાડું ન ચુકવવા બાબત. | ૨૧ |
| ૮ | ૮ | કાયદાકીય નિષ્ણાંતને નિરર્થક ચુકવણું કરવા બાબત. | ૨૩ |
| ૯ | ૯ | ગુજરાત યુનિવર્સિટી દ્વાર તેમના નિયંત્રણની કોલેજોને પરીક્ષા તથા એન. એસ. એસ. પ્રવૃતિ માટે ચુકવેલ એડવાન્સની રકમ સરભર ન થવા બાબત. | ૨૪ |
| ૧૦ | ૧૦ | ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ બેંકોમાં કરવામાં આવેલ રોકાણોના હિસાબમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૨૬ |
| ૧૧ | ૧૧ | પરીક્ષા શાખાની બેગો ફાટી જવા / નાશ પામવા બાબત. | ૩૦ |
| ૧૨ | ૧૨ | ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત. | ૩૧ |
| ૧૩ | ૧૩ | યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત. | ૩૨ |
| ૧૪ | ૧૪ | યુનિવર્સિટી જર્નલ છાપકામ ખર્ચ બાબત | ૩૪ |
| ૧૫ | ૧૫ | બોઇઝ હોસ્ટેલને આપેલ એડવાન્સની રકમ સરભર ન થવા | ૩૫ |

| | | | |
|---|---|---|---|
| | | તથા સરભર કરેલ રકમમાં જણાયેલ અનિયમિતતા બાબત. | |
| ૧૬ | ૧૬ | સેલ્ફ ફાયનાન્સ કોલેજો પાસેથી ઉઘરાવવામાં આવતા ડેવલપમેન્ટ ફંડ બાબત. | ૩૬ |
| ૧૭ | ૧૭ | રસીદ બુકમાં જોવા મળેલ અનિયમિતતા બાબત. | ૩૭ |
| ૧૮ | ૧૮ | વિવિધ બેંકોમાં મુકેલ ફીક્સ ડીપોઝીટો પાકતી મુદ્દત પહેલાં વટાવવા બાબત. | ૩૯ |
| ૧૯ | ૧૯ | નાણાંકિય વ્યવહાર સંભાળનાર કર્મચારીઓની જામીનગીરી નહીં લેવા બાબત. | ૪૩ |
| ૨૦ | ૨૦ | કોરી પહોંચબુકોના હિસાબનું દફતર અન્વેષણમાં રજુ કરવા બાબત. | ૪૪ |
| ૨૧ | ૨૧ | ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ પેટે કર્મચારીઓને ચુકવેલ રેમ્યુનરેશન બાબત. | ૪૫ |
| ૨૨ | ૨૨ | યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત. | ૪૬ |
| ૨૩ | ૨૩ | ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને નહીં મળવાપાત્ર ઓવર ટાઇમ ભથ્થાની ચુકવણી બાબત. | ૪૮ |
| ૨૪ | ૨૪ | નિયમ વિરૂધ્ધ ખરીદવામાં આવેલ સ્ટેશનરી અને લેખન સામગ્રી બાબત. | ૪૯ |
| ૨૫ | ૨૫ | ખાનગી પેઢીઓની ચુકવેલ ઓન એકાઉન્ટ રકમના હિસાબો બાબત | ૫૧ |
| ૨૬ | ૨૬ | ટુંકા ગાળાની લોન સને પેશગીઓની વસુલાતમાં જણાયેલી અનિયમિતતા બાબત. | ૫૩ |
| ૨૭ | ૨૭ | યુનિવર્સિટી દ્વારા શિક્ષણ અને સંશોધન પાછળ અંદાજ કરતાં ઓછો ખર્ચ કરવા બાબત. | ૫૫ |
| ૨૮ | ૨૮ | બેંક મેળવણા પત્રક અને બેંક સિલકની અનિયમિતતા બાબત. | ૫૬ |
| ૨૯ | ૨૯ | આઇ. એ. એસ. ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત. | ૬૦ |
| ૩૦ | ૩૦ | કેમ્પસમાંની મેસો ચલાવવાના થયેલ કરારોમાં જોવા મળેલ અનિયમિતતા બાબત. | ૬૨ |
| ૩૧ | ૩૧ | પ્રકાશન વિભાગના રજિસ્ટરો ચકાસતાં જોવા મળેલ અનિયમિતતા બાબત. | ૬૪ |

| | | | |
|---|---|---|---|
| ૩૨ | ૩૧(૨) | પ્રકાશન શાખાના તમામ પ્રકાશનના ફોર્મ તથા મતદારયાદીઓ રજીસ્ટર ચકાસતા ધ્યાને આવેલ અનિયમિતતા બાબત. | ૬૫ |
| ૩૩ | ૩૨ | આપેલ એડવાન્સની રકમો સમયસર હિસાબમેળ ન કરવા બાબત. | ૭૧ |
| ૩૪ | ૩૩ | એફ. ડી. સમયસર રીન્યુ ન કરવા બાબત. | ૭૨ |
| ૩૫ | ૩૪ | પ્રકાશન શાખાના રદ કરેલ ફોર્મનો નિકાલ કરવા બાબત. | ૭૩ |
| ૩૬ | ૩૫ | સંસ્થાઓના લેણદારોને લાંબા સમયથી ચુકવવાપાત્ર રકમ ન ચુકવવા બાબત. | ૭૬ |
| ૩૭ | ૩૬ | પેન્શન કેસ તૈયાર કરી મોકલી આપવાની પ્રક્રિયામાં જોવા મળેલ અનિયમિતતા બાબત. | ૮૧ |
| ૩૮ | ૩૭ | ચીફ એકાઉન્ટ ઓફિસરની નિયમણૂંકમાં થયેલી અનિયમિતતા બાબત. | ૮૩ |
| ૩૯ | ૩૮(૧) થી ૩૮(૯) | યુનિ. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નં. ૧/૧૨ ના અનુસંધાને થયેલ અન્વેષણમાં સમાવેશ કરેલા ફકરાઓ | ૮૭ થી ૧૦૯ |
| ૪૦ | ૩૯ | પ્રમાણપત્ર | ૧૧૦ |
| ૪૧ | ૪૦ | પત્રકો | ૧૧૨ થી ૧૧૬ |

(૬૨૫)

ફકરા નં. ૧

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનો સને ૨૦૦૯-૧૦ ના વર્ષનો જનરલ ફંડનો અન્વેષણ અહેવાલ

---

ક્રમાંકઃએલ.એ.એમ.ડી./ગુ.યુ./જનરલફંડ/૨૦૦૯-૧૦ / ૯૧૩૭ થી ૯૧૪૦

જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ, જિલ્લા પંચાયત,
બિલ્ડીંગ, છઠ્ઠો માળ, અમદાવાદ
તા: ૬/૮/૧૪

પ્રેષકઃ

નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
વિમા અને લેખા ભવન,
ડો. જીવરાજ મહેતા ભવન,
સેક્ટર – ૧૦ બી, જુના સચિવાલય,
ગાંધીનગર.

પ્રતિશ્રી,
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષનું જનરલ ફંડના હિસાબોનું અન્વેષણ નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર દ્વારા ગુજરાત યુનિવર્સિટી એક્ટ – ૧૯૪૯ ના નિયમ (૪૯) અન્વયે તા.૨-૧૨-૧૩ થી તા.૨-૪-૧૪ દરમ્યાન હાથ ધરી પુર્ણ કરેલ હતું. ગુજરાત યુનિવર્સિટી એક્ટ – ૧૯૪૯ ની કલમ ૪૯ ની જોગવાઇ મુજબ ઓડીટ રીપોર્ટની નકલ કાર્યવાહક સભા દ્વારા સેનેટમાં રજુ કરવાના રહે છે.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે હતા.

| અ. નં. | હોદ્દેદારો | હોદ્દેદારનું નામ | સમયગાળો |
|---|---|---|---|
| ૧. | કુલપતિશ્રી | ડો. પરિમલ એચ. ત્રિવેદી | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૩-૧૦ |
| ૨ | ઉપકુલપતિશ્રી | --- | --- |
| ૩ | કા. કુલ સચિવશ્રી | ડો. એમ. એસ. શાહ | તા.૧-૪-૦૯ થી તા.૩૧-૩-૧૦ |

## ફકરા નં. ૨

પુર્વ અન્વેષણ બાકી ફકરાઓની વિગત

---

અગાઉના વર્ષોના અન્વેષણના પુર્તતા બાકી રહેલ ફકરાઓની વર્ષવાર માહિતિ દર્શાવતું પત્રક.

| અ. નં. | ઓડિટ વર્ષ | વર્ષની શરૂઆતના બાકી ફકરા | ચાલુ ઓડિટ દરમ્યાન નિકાલ કરેલ ફકરા | વર્ષના અંતે બાકી ફકરા | ફકરા નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૧૯૬૮-૬૯ | ૩ | ---- | ૩ | ૪(અ), ૭(૨), ૧૮ |
| ૨ | ૧૯૬૯-૭૦ | ૩ | ---- | ૩ | ૧૪, ૨૯(૨), ૩૨ |
| ૩ | ૧૯૭૦-૭૧ | ૯ | ---- | ૯ | ૪ થી ૮, ૧૩, ૧૮, ૨૧, ૨૨(૩) |
| ૪ | ૧૯૭૧-૭૨ | ૫ | ---- | ૫ | ૨૦, ૨૬, ૩૪, ૩૮(૧)(૨)(૩), ૪૩ |
| ૫ | ૧૯૭૨-૭૩ | ૪ | ---- | ૪ | ૪૧, ૩૬, ૩૭, ૩૮ |
| ૬ | ૧૯૭૩-૭૪ | ૧૦ | ---- | ૧૦ | ૪ એ.જી.એફ. ૬ એ. બી. સી., ૮-બી, ૯ થી ૧૫ |
| ૭ | ૧૯૭૪-૭૫ | ૩૪ | ---- | ૩૪ | ૪ થી ૭, ૯, ૧૦. ૧૨ થી ૧૭, ૧૯ થી ૨૯, ૩૧, ૩૩ થી ૪૦(૧) ૪૧. ૪૩ |
| ૮ | ૧૯૭૫-૭૬ | ૩ | ---- | ૩ | ૪, ૫(૨), ૧૨ |
| ૯ | ૧૯૭૬-૭૭ | ૧૮ | ---- | ૧૮ | ૪, ૫, ૬, ૧૦(૧), ૧૨, ૧૫, ૧૭, ૧૯, ૨૦, ૨૩ થી ૨૯, ૩૧, ૩૩ |
| ૧૦ | ૧૯૭૭-૭૮ | ૨૧ | ---- | ૨૧ | ૩ થી ૬, ૭(અ)(બ)(ક), ૮, ૯, ૧૦(અ)(બ), ૧૧ થી ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૧, ૩૩ |
| ૧૧ | ૧૯૭૮-૭૯ | ૨૦ | ---- | ૨૦ | ૪ થી ૭(૨), ૮ થી ૧૧, ૧૩ થી ૧૫(૧)(૨), ૧૭ થી ૨૧, ૨૫ થી ૨૮ |
| ૧૨ | ૧૯૭૯-૮૦ | ૨૪ | ---- | ૨૪ | ૪ થી ૭(૨), ૮ થી ૧૧, ૧૩ થી ૧૫(૨) (૪), ૧૭(૨), ૧૮(૨)(૩), ૨૦(૧)(૨), ૨૧ થી ૨૩(૨), ૨૫ થી ૨૭(૬), ૨૮ થી ૩૧(એ) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | ૧૯૮૦-૮૧ | ૮ | ---- | ૮ | ૪, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૬, ૧૭ |
| ૧૪ | ૧૯૮૧-૮૨ | ૨૫ | ---- | ૨૫ | ૪ થી ૮, ૧૦, ૧૧(૨), ૧૪ થી ૧૯, ૨૪ થી ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૬, ૩૭ |
| ૧૫ | ૧૯૮૨-૮૩ | ૧૭ | ---- | ૧૭ | ૧ થી ૧૭ |
| ૧૬ | ૧૯૮૩-૮૪ | ૩૦ | ---- | ૩૦ | ૪ થી ૧૦, ૧૩, ૧૫ થી ૨૫, ૨૭(૫), ૨૬, ૩૦, ૩૨, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧ |
| ૧૭ | ૧૯૮૪-૮૫ | ૩૩ | ---- | ૩૩ | ૫ થી ૮, ૧૧ થી ૧૪, ૧૬ થી ૨૭, ૩૦ થી ૩૩, ૩૫, ૩૬, ૩૯, ૪૦, ૪૨ થી ૪૬ |
| ૧૮ | ૧૯૮૫ ૮૬ | ૨૯ | ---- | ૨૯ | ૫(૧)(૩), ૬, ૭, ૧૦ થી ૧૨, ૧૬ થી ૨૪, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૫, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૮, ૫૦,૫૧, ૫૨ |
| ૧૯ | ૧૯૮૬-૮૭ | ૩૨ | ---- | ૩૨ | ૨, ૬, ૮, ૯, ૧૦, ૧૩(બ), ૧૪ થી ૧૮, ૨૨ થી ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૪, ૩૫, ૩૬, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૮, ૫૦, ૫૧, ૫૨ |
| ૨૦ | ૧૯૮૭-૮૮ | ૬૧ | ---- | ૬૧ | ૧ થી ૬૧ |
| ૨૧ | ૧૯૮૮-૮૯ | ૫૬ | ---- | ૫૬ | ૧ થી ૫૬ |
| ૨૨ | ૧૯૮૯-૯૦ | ૭૦ | ---- | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૩ | ૧૯૯૦-૯૧ | ૮૦ | ---- | ૮૦ | ૧ થી ૮૦ |
| ૨૪ | ૧૯૯૧-૯૨ | ૪૩ | ---- | ૪૩ | ૧ થી ૪૩ |
| ૨૫ | ૧૯૯૨-૯૩ | ૭૦ | ---- | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૬ | ૧૯૯૩-૯૪ | ૫૯ | ---- | ૫૯ | ૧ થી ૫૯ |
| ૨૭ | ૧૯૯૪-૯૫ | ૧૦૫ | ---- | ૧૦૫ | ૧ થી ૧૦૫ |
| ૨૮ | ૧૯૯૫-૯૬ | ૭૮ | ---- | ૭૮ | ૧ થી ૭૮ |
| ૨૯ | ૧૯૯૬-૯૭ | ૮૪ | ---- | ૮૪ | ૧ થી ૮૪ |
| ૩૦ | ૧૯૯૭-૯૮ | ૮૩ | ---- | ૮૩ | ૧ થી ૮૩ |
| ૩૧ | ૧૯૯૮-૯૯ | ૯૨ | ---- | ૯૨ | ૧ થી ૯૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ | ૧૯૯૯-૨૦૦૦ | ૧૦૩ | ---- | ૧૦૩ | ૧ થી ૧૦૩ |
| ૩૩ | ૨૦૦૦-૦૧ | ૧૦૧ | ---- | ૧૦૧ | ૧ થી ૧૦૧ |
| ૩૪ | ૨૦૦૧-૦૨ | ૧૦૬ | ---- | ૧૦૬ | ૧ થી ૧૦૬ |
| ૩૫ | ૨૦૦૨-૦૩ | ૮૦ | ---- | ૮૦ | ૧ થી ૮૦ |
| ૩૬ | ૨૦૦૩-૦૪ | ૩૬ | ---- | ૩૬ | ૧ થી ૩૬ |
| ૩૭ | ૨૦૦૪-૦૫ | ૭૫ | ---- | ૭૫ | ૧ થી ૭૫ |
| ૩૮ | ૨૦૦૫-૦૬ | ૩૯ | ---- | ૩૯ | ૧ થી ૩૯ |
| ૩૯ | ૨૦૦૬-૦૭ | ૬૩ | ---- | ૬૩ | ૧ થી ૬૩ |
| ૪૦ | ૨૦૦૭-૦૮ | ૩૯ | ---- | ૩૯ | ૧ થી ૩૯ |
| ૪૧ | ૨૦૦૮-૦૯ | ૪૧ | --- | ૪૧ | ૧ થી ૪૧ |
| | કુલ | | ---- | | |

આમ, ઉપરની વિગત જોતાં પાછળના ઓડિટ અહેવાલના ફકરાઓ કેટલા વર્ષ જુના અને કેટલા વખતના કેટલા ફકરા પડતર રહેવા પામેલ છે. તેની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ છે.

(૧) ૨૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા - ૩૨૮
(૨) ૧૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા - ૩૧૦
(૩) ૧૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા – ૪૦૬
(૪) ૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા – ૪૮૫
(૫) છેલ્લા વર્ષના બાકી ફકરા - ૩૭૩

------------------

૧૯૦૨

આમ, ઉપરોકત વિગત જોતાં સ્પષ્ટ જણાય છે કે સંસ્થા તરફથી બાકી ફકરાના નિકાલ માટે સદંતર ઉપેક્ષા સેવવામાં આવેલ છે. સને ૧૯૮૭-૮૮ થી ઓડિટ અહેવાલના પ્રથમ વખતના જવાબો થવા પામેલ નથી.

સને ૨૦૦૯-૧૦ ના વર્ષના ઓડિટ દરમ્યાન સંસ્થાએ ઓડિટે આવેલ પ્રાથમિક વાંધાની પુર્તતા કરી નિકાલ કરાવેલ નથી. આમ, સંસ્થા તરફથી ઓડીટ તરફ ઉદાસિનતા સેવવામાં આવે છે તે હકિકત તરફ ધ્યાન દોરવામાં આવે છે.

533

વધુમાં ઓડિટનો મુળભુત હેતુ નાણાંકિય બાબતોમાં નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરી અને નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનો ભંગ ન થાય તે બાબતે ધ્યાન દોરવામાં આવે છે. આ અગાઉના વર્ષોમાં જે ઓડિટ વાંધા લેવામાં આવેલ હોય તેનું પુનરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા અને તે મુજબ યુનિવર્સિટીના જુદા – જુદા વિભાગના વડાઓને માર્ગદર્શન તથા સુચનો પાઠવી ધ્યાનમાં લાવવાનો ઓડિટનો અનુરોધ છે. જેથી એકના એક પ્રકારના ઓડિટ વાંધાઓનું દર વર્ષે પુનરાવર્તન ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવું ઓડિટ ખાસ સુચન કરે છે અને તો જ ઓડિટનો હેતું જળવાઇ રહે.

ઓડિટ દરમ્યાન ધ્યાને આવેલ અનિયમિતતા ઉપર જવાબ રજુ ન થવાના કારણે સંસ્થા દ્વારા સુધારાત્મક પગલા લેવાય છે કે કેમ? તે સ્પષ્ટત થતું નથી અને નાણાકીય અનિયમિતતા થવાના અને વધવાની શક્યતાઓ પણ જણાય છે.

પ્રાથમિક વાંધા નં. ૧૦૮ નો જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૬૩૫

## ફકરા નં. ૩

આવક કરતાં ખર્ચમાં વધારો થવાના કારણે નાણાંકિય પરિસ્થિતિ પ્રતિકુળ હોવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીના છેલ્લા ત્રણ વર્ષના આવક ખર્ચની સરેરાશ જોતાં નીચે મુજબની પરિસ્થિતિ જોવા મળેલ છે.

**ઓડિટ વર્ષ – ૨૦૦૯-૧૦**

| વર્ષ | આવક | ખર્ચ | ખર્ચમાં વધારો | આવકમાં |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૩૧,૭૫,૦૬,૫૯૧/- | ૩૨,૧૬,૨૪,૩૧૪/- | ૪૧૧૭૭૨૩/- | --- |
| ૨૦૦૮-૦૯ | ૩૨,૬૪,૬૪,૧૬૪/- | ૩૩,૩૧,૧૦,૯૭૩/- | --- | ૬૬૪૬૮૦૯/- |
| ૨૦૦૯-૧૦ | ૪૦૪૯૯૦૩૯૬.૭૪ | ૪૧૪૨૮૩૪૪૦.૧૫ | ૯૨૯૩૦૪૩.૪૧ | ---- |
| કુલ | ૧૦૪૮૯૬૧૧૫૧.૭૪ | ૧૦૬૯૦૧૮૭૨૭.૧૫ | ---- | ---- |
| સરેરાશ | ૩૪૯૬૫૩૭૧૭.૦૦ | ૩૫૬૩૩૯૫૭૫.૦૦ | ૧૩૪૧૦૭૬૬.૪૧ | ૬૬૪૬૮૦૯.૦૦ |

સરેરાશ ખર્ચમાં વધારો રૂ.૬૦૫૯૦૯૪.૦૦

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષનાં આવક જાવકની ચકાસણી કરતાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂ.૪૦૪૯૯૦૩૯૬.૭૪/- ની સામે રૂ.૪૧૪૨૮૩૪૪૦.૧૫ નો ખર્ચ થવા પામેલ હતો જે આવક કરતાં રૂ.૯૨૯૩૦૪૩.૪૧/- વધારે હતો. આમ ફંડ અને દેવાં તેમજ મિલ્કત અને લેણાંની વિગતો જોતાં યુનિવર્સિટીની નાણાંકીય પરિસ્થિતિ અતિ ગંભીર હોવાનું સ્પષ્ટ પણે નીચેની વિગતે ફલિત થાય છે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ વાર્ષિક હિસાબ વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૩-૧૦ ના રોજના સરવૈયામાં તેના મિલ્કત – લેણાં બાજુએ આવક ખર્ચ એકાઉન્ટની વિગતની પરિસ્થિતિ નીચે મુજબ દર્શાવેલ છે.

**આવક - ખર્ચ એકાઉન્ટ**

(એ) છેલ્લા હિસાબ મુજબ - (-) ૨,૧૨,૪૮,૨૫૨.૫૮

ઉમેરો :-

(બી) ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો - ૯૨,૯૩,૦૪૩.૪૧

બાદ :-

(સી) ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા - (-) ૩,૨૪,૧૪,૧૦૭.૦૦

(ડી) - (-) ૪,૪૩,૬૯,૩૧૬.૧૭

આવક ખર્ચના એકાઉન્ટ મુજબ ઉપર (એ) માં દર્શાવ્યા મુજબ રૂા.૨૧૨.૪૮ લાખનો આવક કરતા ખર્ચનો વધારો એકત્રિત થયેલ છે. જેનાં વર્ષ ૨૦૦૯-૧૦ નો એકત્રિત વધારો રૂા.૯૨.૪૩ લાખ ઉમેરતાં કૂલ એકત્રિત રીતે ખર્ચનો વધારો રૂા.૩૦૪.૯૧ લાખ થાય. વધુમાં ચાલુ વર્ષે અગાઉના ખર્ચના કુલ રૂા. ૨૪,૧૪,૧૦૭/- ઉધારેલ છે અને તેથી આ રકમ પાકા સરવૈયામાં રૂા.૪૪૩.૬૯ લાખ દર્શાવેલ છે. આમ યુનિવર્સિટીની કુલ ખોટ રૂા.૪૪૩.૬૯ લાખ જોતાં યુનિવર્સિટીના નાણાંકિય સ્થિતિ ખૂબજ નબળી ગણાય.

યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ વાર્ષિક હિસાબ પાકા સરવૈયામાં મિલ્કત – લેણાં બાજુ સને ૨૦૦૯-૧૦ માં હિસાબનાં પાકા સરવૈયામાં મિલકત – લેણાં બાજુ રૂ.૨૧૨.૪૮ લાખ જેટલી માતબર રકમ આવક – ખર્ચ ખાતાની બતાવેલ છે. એટલે કે ગુજરાત યુનિવર્સિટીની કુલ ખાદ્ય (આવક કરતાં ખર્ચમાં વધારો) રહેવા પામેલ છે. આમ યુનિવર્સિટી દ્વારા પ્રતિવર્ષ ખાદ્ય વાળુ અંદાજપત્ર બનાવવાને કારણે આવકની મર્યાદામાં જ ખર્ચનું આયોજન નહીં કરવાને કારણે ખાદ્ય ઉત્તરોત્તર વધતી જવા પામેલ છે. જે યુનિવર્સિટીની નાણાંકીય સ્થિતિ કથળતી જતી હોવાનું મુળ કારણ છે.

સને ૨૦૦૯-૧૦ના અંતે વણવપરાયેલ ગ્રાંટ રૂ.૧૨૩૦૮૨૩૧૯.૭૬/- પણ યુનિવર્સિટીની જવાબદારી છે જો તે પરત કરવામાં આવે તો યુનિવર્સિટીની નાણાંકીય પરિસ્થિતિ અત્યંત ગંભીર બને તેમ છે.

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન એડવાન્સનાં રૂ.૧૧,૨૨,૩૬૨૬૪.૫૭/- મિલકત લેણાં બાજુ દર્શાવવાના કારણે હકીકતમાં આ પેશગીઓ સમયસર સરભર નહીં થવાને કારણે આ સ્વરૂપે થયેલ ખર્ચ ગણવાપાત્ર થાય છે. હકીકતમાં આવાં ખાતાં સરભર થયેલ હોત તો ખર્ચમાં તેટલો વધારો થાત અને ઉપર દર્શાવ્યા મુજબ ખર્ચમાં તેટલો વધુ વધારો થાય તે સ્વાભાવિક છે અને તેથી યુનિવર્સિટીના સાચા આવક - ખર્ચ તથા યુનિવર્સિટીના પાકા સરવૈયું સાચી પરિસ્થિતિ દર્શાવતું નથી.

ઉપરોકત ખોટ સત્વરે પુરી કરવા અને યુનિવર્સિટીની આર્થિક પરિસ્થિતિ સંગીન બનાવવા ઘટીત – ત્વરીત તેમજ જરૂર પડયે સરકારશ્રીની પુર્વ મંજુરી મેળવી આકરાં પગલાં લેવા અનુરોધ છે આ બાબતે નીચે જણાવેલ સુચનો ધ્યાને લેવાના રહે.

(૧) ખર્ચ આવકની મર્યાદામાં રહીને જ કરવુ.

(૨) પાર્ટી ઓન એકાઉન્ટ પ્રથા સદંતર બંધ કરવી.

(૩) યુનિવર્સિટી પ્રેસની આવક વધારી, ખર્ચમાં ઘટાડો કરી પ્રેસની ખોટ ઘટાડવી પરીક્ષાની તમામ કામગીરી પોતાના જ પ્રેસમાં કરવી.

(૪) પરીક્ષા ખર્ચમાં ઘટાડો કરવો.

(૫) વિદ્યોત્તેજક દાન મેળવવાના પ્રયત્નો સઘન બનાવવા.

(૬) સરકારશ્રીના કરકસરના પગલાંના ઠરાવ આધારે તમામ ખર્ચા, ફી, ટેલીફોન, સેમીનાર વિગેરે પાછળનો તેમજ કન્ટીજન્સી ખર્ચ જેવાકે ઝેરોક્ષ, ચા – પાણી, નાસ્તા ખર્ચ, મીટીંગ અંગેના ખર્ચ વિગેરેમાં કરકસર યુકત પગલાં લેવાં.

(૭) નિભાવ ગ્રાન્ટ ફાળવણી અંગેની શરતોનું પાલન કરવું અમાન્ય ખર્ચા બંધ કરવા.

(૮) સરકારશ્રીની પુર્વ મંજુરી મેળવી જુદી – જુદી ફી વગેરેમાં થયા યોગ્ય વધારો કરવો અને મંજુરી મેળવ્યા બાદ જ રોજમદાર કે ફીકસ પગાર કે અન્ય હંગામી મહેકમની નિયુક્તિ કરવી.

(૯) ફોમ્સ સંશોધન પ્રકાશિત થયેલ પુસ્તકો, લેખોનું વેચાણ તેમજ પરીક્ષાને લગતા અન્ય પ્રકાશનોના વેચાણ દ્વારા આવક ઉભી કરવી.

(૧૦) બહારની એજન્સી/ ખાનગી પ્રેસ પાસે પ્રિન્ટીંગ કે પરીક્ષા અંગેનું કામ બંધ કરાવવુ. પોતાની માલિકીના પ્રેસ તથા કોમ્પ્યુટર સેન્ટર મારફતે પરીક્ષાની સંપુર્ણ કામગીરી કરાવવી.

(૧૧) હેતુ પુર્ણ થવા છતાં વસુલ ન આવેલ લોન અને પેશગીઓ એક જ હપ્તામાં વસુલ લેવી અને એક પેશગી સરભર ન થાય ત્યાં સુધી બીજી પેશગી મંજુર કરવી નહી.

(૧૨) ખાલી કવાર્ટસ, હોલ વગેરે ભાડે આપી આવક ઉભી કરવી તે જ પ્રમાણે યુનિવર્સિટી કંપાઉન્ડમાં ઉગી નિકળેલ ઘાસ, સુકાઇ થયેલ વૃક્ષોનું વેચાણ કરી આવક ઉભી કરવી તેમજ અગાઉ ભાડે આપેલ યુનિવર્સિટીની માલિકીના મકાનો, દુકાનો, વગેરેના ભાડામાં વધારો કરી આવક ઉભી કરવી જોઇએ.

પ્રા. વાં. નં. ૧૨૮, તા.૧૧-૩-૧૪ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

537

**ફકરા નં. ૪**

ખાદ્યવાળુ અને અવાસ્તવિક અંદાજપત્ર બનાવવા તથા અંદાજપત્રની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ - ૪૯ તથા સ્ટે. – ૮૯ અનુસાર યુનિવર્સિટી કોર્ટે તેની વાર્ષિક સભામાં આગામી વર્ષનું અંદાજપત્ર તથા ચાલુ વર્ષનું પુનઃ નિર્મીત અંદાજપત્ર મંજુર કરવાનું રહે છે યુનિવર્સિટી કોર્ટની નીચેની તારીખે મળેલ વાર્ષિક સભામાં અંદાજપત્ર તથા પુનઃ નિર્મિત અંદાજપત્ર મંજુર કરવામાં આવેલ છે.

| યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભાની તારીખ | મંજુર કરેલ અંદાજપત્ર ... વર્ષ | મંજુર કરેલ પુનઃ નિર્મિત અંદાજપત્ર વર્ષ |
|---|---|---|
| ૩૦-૩-૦૯ | ૨૦૦૯-૧૦ | ------ |
| ૧૩-૨-૧૦ | ------ | ૨૦૦૯-૧૦ |

ઉપરોકત મંજુર કરેલ અંદાજપત્ર તથા પુનઃ નિર્મિત અંદાજપત્રમાં નીચે મુજબ આવક – ખર્ચના અંદાજોની રકમ મંજુર કરવામાં આવી છે.

| વિગત | અંદાજેલ રકમ | પુનઃ નિર્મિત અંદાજપત્રની રકમ | વાર્ષિક હિસાબ મુજબ ખરેખર આવક / ખર્ચ |
|---|---|---|---|
| આવક | ૪૪,૪૫,૫૯,૦૯૦ | ૭૫,૯૪,૬૨,૦૫૮ | ૪૦,૪૯,૯૦,૩૬૬.૭૪ |
| ખર્ચ | ૪૪,૮૯,૫૮,૫૦૦ | ૭૬,૬૪,૬૩,૦૪૦ | ૪૧,૪૨,૮૩,૪૪૦.૧૫ |
| આવક કરતાં ખર્ચમાં વધારો | (-)૪૩,૯૯,૪૧૦ | (-) ૭૦,૦૦,૯૮૨ | (-)૯૨૯૩૦૪૩.૪૧ |

**ઉપરોકત વિગતોને ધ્યાને લઇ નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ માં આવક કરતાં ખર્ચની રકમ અનુક્રમે રૂ.૪૩,૯૯,૫૦૦/- વધુ અંદાજવામાં આવેલ છે. આમ, ખાદ્યવાળુ અંદાજપત્ર તૈયાર કરવા અંગેના કારણો જણાવી ઓડિટ ને ખાત્રી કરાવવી ઘટે.

(૨) સને ૨૦૦૯-૧૦ માં યુનિવર્સિટીએ મુદ્રણાલયમાં યુનિવર્સિટીએ છપામણીની આવક રૂા.૧૦,૦૦,૦૦૦/- અંદાજેલ હતી. પરંતુ યુનિવર્સિટીને મુદ્રણાલયમાં બિલકુલ આવક થયેલ નથી. આમ. મુદ્રણાલયની આવક નહિ હોવા છતાં સંસ્થાએ તેના અંદાજપત્રમાં

અવાસ્તવિક આવકનો અંદાજ મુકીને અંદાજપત્ર તૈયાર કરેલ છે. તેવું ઓડિટના ધ્યાને આવેલ છે.

(૩) યુનિવર્સિટીએ રજુ કરેલ અંદાજપત્રની ચકાસણી કરતાં સને ૨૦૦૯-૧૦ માં કોમ્પ્યુટર સેન્ટરની આવક રૂા.૧૦,૪૦,૦૦૦/- અંદાજવામાં આવેલ હતી. અને પુનઃનિર્મિત અંદાજ રૂા.૧૦,૫૦,૦૦૦/- મુકવામાં આવેલ હતો. જેની સામે સંસ્થાને ખરેખર આવક રૂા.૪,૭૮,૧૨૫/- થવા પામેલ હતી. જેમાં સંસ્થાએ કોમ્પ્યુટર સેન્ટરની શિક્ષણ ફી ના રૂા.૫,૦૦,૦૦૦/- અંદાજેલ હતા. જેની સામે સંસ્થાને રૂા.૨,૧૭,૩૧૫/- ની આવક થયેલ હતી. અને અંદાજેલ પરચૂરણ આવક રૂા.૪૦,૦૦૦/- ની સામે રૂા.૪૪૦૧૦/- ની આવક, પ્રયોગ શાળાની અંદાજેલ આવક રૂા.૨,૫૦,૦૦૦/- ની સામે રૂા.૧,૯૭,૧૦૦/- ની તેમજ પરીક્ષા ફીની અંદાજેલ આવક રૂા.૧૫,૦૦૦/- ની સામે રૂા.૯૮૫૦/- આવક થવા પામેલ હતી. આમ, સામેલ પરિશિષ્ટની વિગતે દર્શાવ્યા મુજબ આવકના અવાસ્તવિક અંદાજો મુકીને અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવામાં આવેલ છે.

(૪) રમતગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ અંતર્ગત સંસ્થાએ અલગ અલગ પ્રવૃત્તિઓ માટે ખર્ચનો અંદાજ જેમાં રમતગમત વ્યા. શિ. પ્રવૃત્તિ ખર્ચ માટે રૂા.૨૭,૧૬,૦૦૦/- અંદાજવામાં આવેલ છે. જેની સામે સંસ્થાએ ખરેખર રૂા.૧૫૨૧૩૯૩.૪૦ નો ખર્ચ કરેલ છે આમ, અંદાજેલ આવકના ૧૦ ટકા ખર્ચ કરી ૯૦ ટકા અવાસ્તવિક અંદાજ મુકેલ છે અને સંસ્થાએ અંદાજેલ રકમ કરતાં ઓછો ખર્ચ કરી રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ ઉપર કાપ મુકેલ છે અને વિદ્યાર્થીઓ આ ક્ષેત્રે લાભથી વંચિત રહેલ છે યુવક કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ માટે રૂા.૧૧,૩૫,૦૦૦/- અંદાજેલ છે જેની સામે રકમ રૂા.૪,૯૦,૬૩૨/- નો ખર્ચ થયેલ છે આમ, અંદાજેલ ખર્ચ સામે સામે ૧૨ ટકા ખર્ચ કરી ૮૮ ટકા રકમનું અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરેલ છે. રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત રૂા.૩૪,૧૦,૦૦૦/- નો પુનઃનિર્મિત અંદાજ તૈયાર કરવામાં આવેલ છે જેના સામે રકમ રૂા.૨૮,૧૦,૩૪૬/- નો ખર્ચ કરેલ છે આમ, તૈયાર કરેલ પુનઃનિર્મિત અંદાજ કરતાં ૫૯૯૬૫૪/- ખર્ચ કરી અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરેલ છે.

(૫) યુનિવર્સિટી જમીન જાયદાદ હેઠળ મરામત અને જાળવણી ખર્ચ રૂા.૭૨,૨૫,૦૦૦/- અંદાજવામાં આવેલ હતો. જેની સામે રકમ રૂા.૧,૧૮,૪૦,૩૮૩/- નો ખર્ચ કરવામાં આવેલ હતો આમ, અંદાજેલ રકમ કરતાં રૂા.૪૬૧૫૩૮૩/- ખર્ચ કરેલ છે જે અવાસ્તવિક અંદાજેલ હોય તેવું ઓડિટના ધ્યાને આવેલ છે.

(૬) યુનિવર્સિટી મૃદણાલયનો ખર્ચનો પુનઃનિર્મિત અંદાજ રૂ.૭૪,૦૫,૦૦૦/- ની સામે રૂ.૯,૯૨,૫૨૭/- નો ખર્ચ કરેલ છે આમ, પુનઃનિર્મિત અંદાજેલ આવકની સામે ૧૩.૪૦ ટકા ખર્ચ કરેલ છે.

(૭) સંસ્થાએ વર્ષ ૨૦૦૯-૧૦ ના અંદાજમાં પેન્શન ગ્રેજ્યુઇટી રજાના રોકડમાં રૂપાંતરના લાભોમાં ગ્રેજ્યુઇટીમાં રૂ.૯૫,૦૦,૦૦૦/- નો અંદાજ તેમજ પુનઃનિર્મિત અંદાજ રૂ.૯૫,૦૦,૦૦૦/- નો કરેલ હતો. જેની સામે સંસ્થાએ રકમ રૂ.૫૨,૩૬,૮૫૫.૪૬ નો ખર્ચ કરેલ છે આમ, સંસ્થા દ્વારા ૫૫.૧૨ ટકા ખર્ચ કરી ૪૪.૮૮ ટકા જેટલો અવાસ્તવિક અંદાજ મુકીને અંદાજપત્ર તૈયાર કરેલ છે.

આમ, ઉપરોકત વિગતો જોતાં સુધારેલ અંદાજો કરતાં યુનિવર્સિટીની થયેલ ખરેખર આવક – ખર્ચમાં ૧૦ ટકા કરતાં ઘણા મોટા પ્રમાણમાં વધ / ઘટ થયેલ જણાય છે આમ, યુનિવર્સિટી કોર્ટે અગાઉના વર્ષોના અંદાજપત્ર તથા વાર્ષિક હિસાબોને ધ્યાને લીધા સિવાય ખાદ્યવાળુ અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર મંજુર કરેલ છે. આમ, અવાસ્તવિક તથા ખાદ્યવાળુ અંદાજપત્ર મંજુર કરવા અંગેના કારણો દર્શાવી ઓડિટને આધારિત ખાત્રી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ આ બાબતની ખાત્રી કરાવેલ નથી.

ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૦૯-૧૦ ના અંદાજપત્ર, પુનઃનિર્મિત અંદાજપત્ર તેમજ વાર્ષિક હિસાબ મુજબ ખરેખર આવક ખર્ચને ધ્યાનમાં લેતા અંદાજીત આવક ખર્ચ અને પુનઃનિર્મિત આવક – ખર્ચમાં ઘણુ મોટુ તફાવત રહેલ છે. તેવી જ રીતે પુનઃનિર્મિત અંદાજપત્ર તેમજ વાર્ષિક હિસાબ મુજબ આવક અને ખર્ચમાં પણ ઘણો મોટો તફાવત રહેલ છે. જે ઉપરની વિગતથી સ્પષ્ટ થાય છે.

પુનઃનિર્મિત અંદાજપત્ર યુનિવર્સિટી દ્વારા માર્ચ માસમાં મંજુર કરવામાં આવે છે. જેથી તે દરમ્યાન નાણાકીય વર્ષમાં મહત્તમ સમય પસાર થઇ ગયેલ છે. અને સામાન્ય રીતે અંદાજપત્રીય પ્રણાલિકા મુજબ પુનઃ નિર્મિત અંદાજપત્ર અને વાસ્તવિક આવક અને ખર્ચમાં વિશેષ તફાવત રહે નહીં.

આમ, યુનિવર્સિટી દ્વારા અંદાજપત્રીય બાબતોમાં યોગ્ય તકેદારી રાખેલ નથી અને આવક અને ખર્ચની સમીક્ષા થયેલ નથી.

આ અંગે પ્રવૃત્તિ દીઠ વિગતવાર માહિતી પરિશિષ્ટ – ૧, ૨, ૨(અ) હેઠળ સ્પષ્ટ કરેલ છે.

હવે પછીના આગામી વર્ષોમાં વાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવા ઓડિટનું સૂચન છે.

પ્રા. વાં. નં. ૧૪ તા.૩-૧૨-૧૩ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦ ના જુદા – જુદા વિભાગના આવકના પુનઃ નિર્મિત અંદાજ તથા ખરેખર થયેલ આવક / ખર્ચ વચ્ચેના તફાવત દર્શાવતું પરિશિષ્ટ – ૧

| અ.નં. | વિગત | અંદાજ રૂ. | પુનર્નિર્મિત અંદાજ રૂ. | ખરેખર આવક / ખર્ચ | વધુ આવક / વધુ ખર્ચ | પુનઃ નિર્મિત અંદાજપત્ર સાથેની ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| અ. | આવકઃ | | | | | |
| ૧ | કોમ્પ્યુટર સેન્ટરની આવક | ૧૦૪૦૦૦ | ૧૦૫૦૦૦ | ૪૭૮૧૨૫ | -૩૭૩૧૨૫ | ૪૫.૫૩ ટકા |
| | કોમ્પ્યુટર સેન્ટરની શિક્ષણ ફી | ૫૦૦૦૦૦ | ૫૦૦૦૦૦ | ૨૭૮૩૧૫ | ૨૨૧૬૮૫ | ૫૫.૬૬ ટકા |
| | પરચૂરણ આવક | ૪૦૦૦૦ | ૪૦૦૦૦ | ૪૪૦૧૦ | -૪૦૧૦ | ૧૧૦ ટકા |
| | પ્રયોગશાળાની આવક | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ | ૧૯૭૧૦૦ | ૫૨૯૦૦ | ૭૮.૮૪ ટકા |
| | પરીક્ષા ફી | ૧૫૦૦૦ | ૧૦૦૦૦૦ | ૯૮૫૦ | ૯૦૧૫૦ | ૬૫.૬૬ ટકા |
| બ. | ખર્ચ | | | | | |
| ૧ | રમતગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | | | | | |
| | રમતગમત વ્યા. શિ. જી. ખર્ચ | ૨૭૧૬૦૦૦ | ૨૭૧૬૦૦૦ | ૧૫૨૧૩૯૩.૪૦ | ૧૧૯૪૬૦૬.૬૦ | ૫૬ ટકા |
| | યુવક કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | ૯૯૫૫૦૦ | ૯૯૫૫૦૦ | ૪૯૦૬૩૨ | ૫૦૪૮૬૮ | ૪૯.૨૮ ટકા |
| | રાષ્ટ્રીય સેવા યોજના | ૩૪૧૦૦૦૦ | ૩૪૧૦૦૦૦ | ૨૮૧૦૩૪૬ | ૩૧૨૮૯૫૪ | ૮૨.૪૧ ટકા |
| ૨ | યુનિવર્સિટી જમીન જાયદાદ | ૭૨૨૫૦૦૦ | ૭૨૨૫૦૦૦ | ૧૧૮૪૦૩૮૩ | -૪૬૧૫૩૮૩ | ૧૬૩.૮૮ ટકા |
| ૩ | યુનિવર્સિટી મુદ્રણાલય | ૭૪૦૫૦૦૦ | ૭૪૦૫૦૦૦ | ૯૯૨૫૨૭ | ૬૪૧૨૪૭૩ | ૧૩.૪૦ ટકા |
| ૪ | પેન્શન ગ્રેજ્યુઇટી ઇત્યાદી | ૯૫૦૦૦૦૦ | ૯૫૦૦૦૦૦ | ૫૨૩૬૮૫૫.૪૬ | ૪૨૬૩૧૪૪.૫૪ | ૫૫.૧૨ ટકા |

૫૫

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦ ના જુદા – જુદા વિભાગના આવકના પુનઃ નિર્મિત અંદાજ તથા ખરેખર થયેલ આવક વચ્ચેના તફાવત દર્શાવતું પરિશિષ્ટ – ૨

| અ. નં. | વિગત | ૨૦૦૯-૧૦ | | | |
|---|---|---|---|---|---|
| | | અંદાજે રૂ. | પુનઃ નિર્મિત અંદાજ રૂ. | ખરેખર આવક | તફાવત પુનઃ નિર્મિત તથા ખરેખર આવક વચ્ચે |
| ૧ | પ્રકાશનોની આવક | ૧,૦૦,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦,૦૦૦ | ૧,૧૭,૦૬,૫૦૪.૩૦ | ૧૭૦૬૫૦૪.૩૦ |
| ૨ | પરચુરણ આવક | ૧,૪૫,૨૭,૦૦૦ | ૧૧૦૨૭૦૦૦ | ૨,૩૪,૩૮,૫૬૪.૫૪ | ૧૨૪૧૧૫૬૪.૫૪ |
| ૩ | અનુસ્નાતક શિક્ષણ કાર્ય | ૨,૧૦,૦૪,૦૦૦ | ૨૫૩૬૪૦૦૦ | ૧,૮૬,૭૪,૫૧૫ | ૬૬૮૯૪૮૫.૦૦ |
| ૪ | અતિથિગૃહની આવક | ૫,૦૦૦. | ૫૦૦૦૦ | ૩૬,૩૫૦ | ૧૩૬૫૦ |
| ૫ | જમીનની આવક | ૩૦,૦૦,૦૦૦ | ૫૦,૦૦,૦૦૦ | ૨૮,૪૪,૨૦૦ | ૨૧૫૫૮૦૦ |
| ૬ | યુનિવર્સિટી મુદ્રણાલય | ૧૦,૫૦,૦૦૦ | ૧૦,૫૦,૦૦૦ | --- | --- |
| ૭ | યુનિવર્સિટી ગ્રંથાલય | ૪,૦૦,૦૦૦ | ૪,૦૦,૦૦૦ | ૫૩૮૮૯ | ૪૪૬૧૧૧ |
| ૮ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન | ૪,૩૩,૦૦૦ | ૪,૩૩,૦૦૦ | ૩,૮૫,૯૦૦ | ૪૭૧૦૦ |
| ૯ | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક | ૧૦,૪૦,૦૦૦ | ૧૦,૫૦,૦૦૦ | ૪,૭૮,૧૨૫ | ૫૭૧૮૭૫ |
| ૧૦ | પ્રોફેશનલ તાલિમ સેન્ટરની આવક | ૬,૧૦,૦૦૦ | ૬,૧૦,૦૦૦ | ૩૯૦,૦૬૦ | ૨૧૯૯૪૦ |
| ૧૧ | ડેવલપમેન્ટ કોમ્પ્યુનિકેશન | ૨,૫૬,૦૦૦ | ૨,૫૬,૦૦૦ | ૨૨,૮૦૦ | ૨૩૩૨૦૦ |
| ૧૨ | પત્રકારત્વ વિભાગ | ૧,૮૩,૫૦૦ | ૧,૮૩,૫૦૦ | ૫૮,૧૦૦ | ૧૨૫૪૦૦ |
| ૧૩ | માસ્ટર ઓફ ફિઝિકલ એજયુકેશન | ૭,૦૦,૦૦૦ | ૭,૦૦,૦૦૦ | ૪,૪૫,૬૩૫ | ૨૫૪૩૬૫ |

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦ ના જુદા – જુદા વિભાગના ખર્ચના પુનઃ નિર્મિત અંદાજ તથા ખરેખર થયેલ આવક / ખર્ચ વચ્ચેના તફાવત દર્શાવતું પરિશિષ્ટ – ૨(અ)

| અ. નં. | વિગત | ૨૦૦૯-૧૦ અંદાજે રૂ. | પુનઃ નિર્મિત અંદાજ રૂ. | ખરેખર ખર્ચ | તફાવત પુનઃ નિર્મિત તથા ખરેખર ખર્ચ વચ્ચે |
|---|---|---|---|---|---|
| ૧ | કર્મચારી વર્ગ ખર્ચ | ૫૭૬૫૦૦૦૦ | ૬૧૯૧૦૦૦૦ | ૭૧૮૩૫૩૪૫.૭૫ | ૯૯૨૫૩૪૫.૭૫ |
| ૨ | મુસાફરી ભથ્થા | ૧૫૧૫૦૦૦ | ૧૫૧૫૦૦૦ | ૬૨૪૧૫૨ | ૮૯૦૮૪૮ |
| ૩ | મુદ્રણ, લેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | ૨૨૫૦૦૦૦ | ૨૨૫૦૦૦૦ | | ૨૨૫૦૦૦૦ |
| ૪ | રમત ગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | | | | |
| (અ) | રમત ગમત વ્યા. શિ. પ્ર. ખર્ચ | ૨૭૧૬૦૦૦ | ૨૮૧૫૦૦૦ | ૧૫૨૧૩૯૩.૦૦ | ૧૨૯૩૬૦૬.૬૦ |
| (બ) | યુવક – કલ્યાણ પ્રવૃત્તી ખર્ચ | ૧૧૩૫૦૦૦ | ૧૧૫૫૦૦૦ | ૪૯૦૬૩૨ | ૬૬૪૩૬૮ |
| (ક) | રાષ્ટ્રિય સેવા યોજના | ૩૪૧૦૦૦૦ | ૩૪૧૦૦૦૦ | ૨૮૧૦૩૪૬ | ૫૯૯૬૫૪ |
| (ડ) | યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખર્ચ | ૩૮૪૫૦૦૦ | ૩૭૪૫૦૦૦ | ૧૯૧૮૭૪૪ | ૧૮૨૬૨૫૬ |
| (ઇ) | અભ્યાસેત્તર શિક્ષણ પુરક પ્રવૃત્તિ યુનિવર્સિટી સપ્તાહ વગેરે | ૨૮૫૦૦૦ | ૨૮૫૦૦૦ | ૩૯૨૦૩૭ | ૧૦૭૦૩૭ |
| ૫ | વીમા અન્ય કર, કાનુની ખર્ચ | ૫૫૦૦૦૦૦ | ૬૨૦૦૦૦૦ | ૫૦૬૮૬૯૫.૯૪ | ૧૧૩૧૩૦૪.૦૬ |
| ૬ | બીજા કાર્યાલય ખર્ચ | ૧૯૩૬૨૦૦૦ | ૨૨૪૧૨૦૦૦ | ૨૧૨૭૮૦૯૭.૨૯ | ૧૧૩૩૯૦૨.૭૧ |
| ૭ | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | ૧૧૮૪૮૭૫૦૦ | ૧૫૦૩૦૩૫૦૦ | ૯૦૧૦૩૪૪૭.૯૭ | ૬૦૨૦૦૦૫૨.૦૩ |
| | યુનિવર્સિટી જમીન - જાયદાદ | ૭૨૨૫૦૦૦ | ૭૨૨૫૦૦૦ | ૧૧૮૪૦૩૮૩ | ૪૬૧૫૩૮૩ |
| | યુનિવર્સિટી મુદ્રણાલય | ૭૪૦૫૦૦૦ | ૮૬૮૨૦૦૦ | | ૮૬૮૨૦૦૦ |

542

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન ખર્ચ | ૧૧૫૫૫૦૦ | ૧૨૫૭૫૦૦ | ૭૩૩૯૮૩.૨૮ | ૫૨૩૫૧૬.૭૨ |
| ૧૧ | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર | ૮૭૨૫૦૦૦ | ૧૦૧૯૯૦૦૦ | ૬૧૫૫૯૦૧.૫૧ | ૪૦૪૩૦૯૮.૪૯ |
| ૧૨ | ડેવલપમેન્ટ કોમ્પ્યુનિકેશન | ૯૯૫૦૦૦ | ૯૫૯૦૦૦ | ૭૨૪૮૯૮.૩૮ | ૨૩૪૧૦૧.૬૨ |
| ૧૩ | પત્રકારત્વ વિભાગ | ૧૧૫૫૦૦૦ | ૧૩૪૦૦૦૦ | ૮૨૯૨૪૮ | ૫૧૦૭૫૨ |
| ૧૪ | પેન્શન / ગ્રેજ્યુટી / રજાનું રોકડમાં રૂપાંતર | ૯૫૦૦૦૦૦ | ૯૫૦૦૦૦૦ | ૫૨૩૬૮૫૫.૪૬ | ૪૨૬૩૧૪૪.૫૪ |
| ૧૫ | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | ૪૦૦૦૦૦ | ૪૦૦૦૦૦ | ૧૭૦૫૫૫ | ૨૨૯૪૪૫ |
| ૧૬ | એસ. ટી. એસ. સી. એલ. | ૯૨૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૨૦૯૯૭૩ | ૭૯૦૦૨૭ |

543

ફકરા નં. ૫

વાર્ષિક હિસાબો બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ વાર્ષિક વહીવટી અહેવાલની ચકાસણી કરતાં યુનિવર્સિટી ધારાની કલમ – ૪૯(૪) તથા સ્ટેચ્યુટ – ૮૯ અનુસાર યુનિવર્સિટીએ તૈયાર કરેલ વાર્ષિક હિસાબો યુનિવર્સિટી કોર્ટ દ્વારા મંજુર કરવાના રહે છે સને ૨૦૦૯-૧૦ નાં વાર્ષિક હિસાબો સદર અધિનિયમની કલમ – ૪૯(૪) અન્વયે મંજુર નહીં કરવા બાબતે જવાબદારોથી જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટીના હિસાબો દ્વિનોંધી નામા પદ્ધતિના સિધ્ધાંતો મુજબ સદરવાર આવક – ખર્ચ દર્શાવી વર્ષાન્તે પાકુ સરવૈયુ બનાવી તા.૩૧-૩-૧૦ ની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે. સદરહું બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે. રજુ કરેલ વાર્ષિક હિસાબો - આવક ખર્ચના હિસાબો નીચે મુજબ હતાં.

(અ) આવક ખર્ચના હિસાબો :

(૧) આવક ખર્ચ હિસાબોમાં વાર્ષિક આવક રૂા.૪૦,૪૯,૯૦,૩૯૬/-, વાર્ષિક ખર્ચ રૂા.૪૧,૪૨,૮૩,૪૪૦/- આવક કરતા ખર્ચમાં વધારો રૂા.૯૨,૯૩,૦૪૩/- દર્શાવેલ છે.

(૨) પાકા સરવૈયા મુજબ ફંડ દેવા રૂા.૭૮,૨૨,૫૦,૭૪૨.૦૭/- તથા મિલકત લેણાં રૂા.૭૮,૨૨,૫૦,૭૪૨.૦૭/- દર્શાવેલ છે.

ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં વર્ષના અંતે બાકી રહેલા એડવાન્સ અને બીજા ખાતાના સને ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂ.૧૧,૨૨,૩૬,૨૬૪.૫૭ મિલ્કત લેણા બાજુ દર્શાવેલ છે. આમ આટલી મોટી રકમ જે તે કામ / હેતુ જેવા કે પરીક્ષાની કામગીરી માટે, ભવનોની ખરીદી માટે, કોલેજોની પરીક્ષાની કામગીરી તથા અન્ય કામગીરી માટે તેમજ કર્મચારીઓને ચોક્કસ કામગીરી માટે આપેલ એડવાન્સ પૈકી હિસાબ મેળ / સરભર થયા વગરના બાકી ખેંચાયેલ છે ખરેખર જયારે ચોક્કસ હેતુ / કામગીરી માટે એડવાન્સ ચુકવેલ છે. તેથી કામગીરી થયેલ હશે પરંતુ હિસાબ મેળ થયેલ ન હોવાથી તે ખર્ચ માટે ઉધાર થયેલ નથી અને પરિણામે યુનિવર્સિટી દ્વારા સને ૨૦૦૯-૧૦ માટે રૂ.૪૧,૪૨,૮૩,૪૪૦.૦૦ દર્શાવેલ કુલ ખર્ચ વર્ષના અંત સુધીમા થયેલ છે તેટલા અંશે ઓછા દર્શાવેલ ગણાય વધુમાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન રૂ.૪૧,૪૨,૮૩,૪૪૦.૦૦ સામે રૂ.૧૧,૨૨,૩૬,૨૬૪.૫૭ બાકી રહેલ એડવાન્સ કુલ ખર્ચના ૨૭.૦૯ ટકા જેટલી થાય છે. જે બાકી રહેલ એડવાન્સની ઘણી મોટી રકમ ગણાય.

આ ઉપરાંત જો ઉપરોક્ત રકમ પૈકી વર્ષના અંત સુધીમાં થયેલ ખર્ચ એડવાન્સ સામે સરભર કરી ખર્ચ ખાતે ઉધારવામાં આવેલ હોત તો સને ૨૦૦૯-૧૦ માં રૂ.૯૨,૯૩,૦૪૩.૦૦ દર્શાવેલ છે. તેના બદલે આવક કરતાં ખર્ચનો વધારો વધારે થવા પામેલ હોત અને તેટલા અંશે આવક – ખર્ચના હિસાબો ક્ષતિયુક્ત ગણાવી શકાય.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ વાર્ષિક હિસાબ વર્ષ ૨૦૦૯-૧૦ માં તા.૩૧-૩-૧૦ ના રોજના સરવૈયામાં પૃષ્ઠ – ૩૦ ઉપર તેના મિલ્કત – લેણાં બાજુએ આવક ખર્ચ એકાઉન્ટની વિગતની પરિસ્થિતિ નીચે મુજબ દર્શાવેલ છે.

(બ) વાર્ષિક હિસાબ મુજબ મિલ્કત લેણા બાજુની આવક ખર્ચની વિગતો.

| | | |
|---|---|---|
| આવક – ખર્ચ એકાઉન્ટ | | |
| (A) છેલ્લા હિસાબ મુજબ | - | (-) ૨,૧૨,૪૮,૨૫૨.૫૮ |
| | | |
| ઉમેરો :- | | |
| (B) ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો | - | ૯૨,૯૩,૦૪૩.૪૧ |
| બાદ :- | | |
| (C) ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા | - | (-) ૩,૨૪,૧૪,૧૦૭.૦૦ |
| (D) | - | (-) ૪,૪૩,૬૯,૩૧૬.૧૭ |

આવક ખર્ચના એકાઉન્ટ મુજબ ઉપર (A) માં દર્શાવ્યા મુજબ રૂા.૨૧૨.૪૮ લાખનો આવક કરતા ખર્ચનો વધારો એકત્રિત થયેલ છે. જેમાં વર્ષ ૨૦૦૯-૧૦ નો એકત્રિત વધારો રૂા.૯૨.૯૩ લાખનો ઉમેરતાં કૂલ એકત્રિત રીતે ખર્ચનો વધારો રૂા.૩૦૫.૪૧ લાખનો થાય. જ્યારે આ રકમ પાકા સરવૈયામાં રૂા.૪૪૩.૬૯ લાખનો દર્શાવેલ છે. જેથી પ્રાથમિક દૃષ્ટિએ જણાય છે કે પાકા સરવૈયાની વિગતોમાં આંતરિક ચકાસણી સંપુર્ણપણે થયેલ નથી. આમ, પાકા સરવૈયાની વિગતો ની ચકાસણી કરીને સુધારેલ પાકુ સરવૈયુ રજુ કરવા વિનંતી

ઉપર (C) માં દર્શાવેલ રકમ (-) ૩,૨૪,૧૪,૧૦૭.૦૦ ની વિગતો સ્પષ્ટ કરવી.

(ક) યુનિવર્સિટી વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતો તરીકે નીચે મુજબની વિગતો છે.

| અ. નં. | વિગત | મિલ્કતો |
|---|---|---|
| ૧ | વર્ષની શરૂઆતમાં | ૧૫,૯૫,૭૧,૭૦૨.૭૬ |
| ૨ | વર્ષ દરમ્યાન ઉમેરો | ૩૧,૬૦,૬૫૦.૦૦ |
| | કૂલ મિલકત | ૧૬,૨૭,૩૨,૩૫૨.૭૬ |

| | | |
|---|---|---|
| | બાદ ઘસારો | ૮,૩૮,૫૮,૦૯૨.૬૨ |
| | વર્ષના અંતે | ૭,૮૮,૭૪,૨૬૦.૧૪ |

યુનિવર્સિટી કુલ મિલકતો કે જેમાં યુનિવર્સિટીના મકાનો, જમીન ફર્નિચર, વૈજ્ઞાનિક સાધનો, સામગ્રીઓ અને પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમાં સને ૨૦૦૯-૧૦ ના અંતે રૂ.૧૬,૨૭,૩૨,૩૫૨.૭૬ ની મિલકતો સામે કુલ રૂ.૮,૩૮,૫૮,૦૯૨.૧૨ ઘસારો બાદ કરી ચોખ્ખી મિલકતો રૂ.૭,૮૮,૭૪,૨૬૦.૧૪ દર્શાવેલ છે. આમ ઘસારાની રકમ મિલ્કતમાંથી બાદ કરેલ છે. પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઇ રોકાણો, કરવામાં આવેલ નથી તો આ રીતે અલગ ફંડ રાખ્યા સિવાય, કોઇ રોકાણો કર્યા સિવાય ફકત ઘસારો ગણી મિલકતો ઓછી બતાવવાનું કોઇ કારણ સ્પષ્ટ થતુ નથી. તેમજ સરકારશ્રી દ્વારા યુનિવર્સિટીની મિલકતોની જાળવણી અને મરામત માટે અલગ ગ્રાન્ટ પણ ફાળવેલ છે તેથી આ રીતે ઘસારો કયા હેતુ માટે ગણવામાં આવે છે તે બાબતે આધાર સહ સ્પષ્ટતા થવાં વિનંતી.

(ડ) વાર્ષિક હિસાબો પર વિશેષ ટીપ્પણી :

દ્વિનોંધી નામા પદ્ધતિના સામાન્ય સિધ્ધાંતો મુજબ મિલકતો કોઇ કારણસર ઘસાઇ જાય, બિન ઉપયોગી થઇ જાય ત્યારે નવી મિલકતો ઉભી કરવાના આશયથી મિલકતો ઉપર ઘસારો ગણી ખર્ચ દર્શાવી અલગ ફંડ ઉભુ કરવામાં આવે છે અને તેનું રોકાણ કરવામાં આવે છે અને જ્યારે નવી મિલકત ઉભી કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તયારે આ ફંડ / રોકાણોમાંથી નવી મિલકત ઉભી કરી શકાય પરંતુ યુનિવર્સિટી દ્વારા આવુ અલગ ફંડ રાખવામાં આવેલ નથી કે રોકાણ કરવામાં આવેલ નથી અને આમ મિલકતોની પુનઃ ખરીદી કરવા માટેની કોઇ જોગવાઇ થયેલ નથી તેથી ઘસારો બાદ કરવાનો કોઇ અર્થ રહેતો નથી. વધુમાં ધ્યાન ખેંચતી બાબતએ છે કે કુલ મિલકતો સામે સને ૨૦૦૯-૧૦ દરમ્યાન ૫૨.૫૫ ટકા ઘસારો ગણી મિલકતો ઓછી ગણેલ છે એટલે કે તેટલા પ્રમાણમાં મિલકતો નાશવંત થઇ ગઇ છે. પરંતુ નવી મિલકતો ઉભી કરવા કોઇ જોગવાઇ થયેલ નથી. આ માટે ફંડ ઉપલબ્ધ જોગવાઇ નહીં કરવા બદલ સ્પષ્ટતા થવી જરૂરી છે.

વાર્ષિક હિસાબમાં મિલકત લેણાં બાજુ કાયમી મિલકતોમાંથી અત્યાર સુધીનો કુલ ઘસારો સને ૨૦૦૯-૧૦ માં રૂ.૮,૩૮,૫૮,૦૯૨.૬૨ દર્શાવવામાં આવેલ છે. જયારે મુડી દેવાં બાજુ અગાઉ ઉપર જણાવ્યા પ્રમાણે ફકત એક જ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે તો મિલકતોમાં અગાઉના વર્ષો સહિતનો ઘસારો કયા કારણોસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે, તેમ જણાવવા છતાં સંસ્થા દ્વારા કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી.

પ્રા. વાં. નં. ૧૨૭ નો સંસ્થાએ જવાબ આપેલ નથી.

ફકરા નં. ૬

રજા પ્રવાસ ભથ્થા પેશગીની રકમ સમયસર સરભર ન કરવા બાબત.

---

ગુજરાત યુનીવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન એડવાન્સ રજિસ્ટરની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ - ૩ ની વિગતે અધિકારીશ્રી / કર્મચારીશ્રી પાસેથી ૨૦૦૦-૦૧ થી ઓડિટ વર્ષ ૨૦૦૯-૧૦ સુધી પરિશિષ્ટમાં દર્શાવેલ અધિકારીશ્રી / કર્મચારીશ્રી પાસેથી ચુકવેલ પેશગીની રકમ વસુલાત / સરભર કરવાની કામગીરી સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવેલ ન્હોતી. પરિશિષ્ટ - ૩ ની વિગતે અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓ જો સંસ્થામાં હાલ ફરજ બજાવતાં હોય તો તેમના પગારમાંથી પેન્શન મેળવતા હોય તો પેન્શનમાંથી કે સંસ્થાને યોગ્ય લાગે તે રીતે તાકીદે આ રકમ સંબંધિતોથી વસુલાત કરવા જણાવેલ હતું.

સંસ્થાએ પ્રાથમિક વાંધા નં. ૨૧ તા. ૫-૧૨-૧૩ ના જવાબમાં પરિશિષ્ટ - ૩ ની વિગતે અનુક્રમ ૧,૨,૫ થી ૯ ના કર્મચારીઓએ જે તે સમયે રકમ સરભર કરાવેલ હતી અને ૧૦ થી ૧૬ નંબરપરના કર્મચારીઓની ભુલસુધારણા નોંધ કરેલ છે તેમ સ્પષ્ટતા કરેલ હતી અનુ. ૩ અને ૪ કર્મચારીઓ દ્વારા સ્પષ્ટતા મેળવવાની બાકીમાં હોવાનું જણાવેલ હતું. આ બાબતે ઓડિટનું માનવુ છે કે જો અનું. ૧ થી ૧૬ પૈકી અનું. ૩ અને ૪ ના કર્મચારીઓને બાદ કરતાં તમામ કર્મચારીઓની રકમ સરભર થઇ ગયેલ છે તો ૨૦૦૦-૨૦૦૧ થી આ રકમ અન્વેષણ વર્ષ સુધી સરભર થયા વગર કેમ બાકી રહેલ છે તે અંગે આધાર સહ સ્પષ્ટતા ન થાય ત્યાંસુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

 (૬૫૪)

# રજા પ્રવાસ ભથ્થા પેશગીની રકમ પરત જમા ન કરાવ્યાની વિગત

## દર્શાવતું પરિશિષ્ટ - ૩

## ગુજરાત યુનીવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦

| અ.નં. | તારીખ | વા. નં. | નામ | રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૫-૪-૨૦૦૦ | ૧૮૪ | ડી. જી. પટેલ | ૧૫૦૦૦ | |
| ૨ | ૧૭-૪-૨૦૦૦ | ૧૯૮ | ડી. જી. પટેલ | ૪૫૦૦ | |
| ૩ | ૨૦-૯-૨૦૦૦ | ૨૫૮૩ | જે. જી. પરમાર | ૧૦૯૭૬ | |
| ૪ | ૩-૧૦-૨૦૦૦ | ૨૮૫૦ | હીતેશભાઇ ગઢવી | ૫૪૦૦ | |
| ૫ | ૨૦-૧૦-૨૦૦૦ | ૩૧૧૫ | આર. જે. મનસુરી | ૮૨૦૦ | |
| ૬ | ૨૧-૧૦-૨૦૦૦ | ૩૧૩૦ | એસ. એમ. મસરો | ૧૯૦૦ | |
| ૭ | ૨૩-૧૦-૨૦૦૦ | ૩૧૪૫ | એમ. સુક | ૩૧૦૦ | |
| ૮ | ૭-૧૨-૨૦૦૦ | ૩૯૮૫ | જી. એ. ભટ્ટ | ૧૦૦૦૦ | |
| ૯ | ૯-૧-૨૦૦૦ | ૪૩૯૧ | બી. જે. પંડયા | ૭૬૮૦ | |
| ૧૦ | ૩૧-૩-૨૦૦૧ | ૫૬૬૩ | કેશબુકમાં કર્મચારી / અધિકારીશ્રી નામ લખેલ નથી. | ૭૪૦૦ | |
| ૧૧ | !! | ૫૭૪૦ | !! | ૨૨૨ | |
| ૧૨ | !! | ૫૭૪૨ | !! | ૨૦૦ | |
| ૧૩ | !! | ૫૭૪૪ | !! | ૪૯૮ | |
| ૧૪ | !! | ૫૭૪૫ | !! | ૪૯૮ | |
| ૧૫ | ૩૧-૧-૨૦૦૨ | ૪૮૦૬ | !! | ૩૩૭૨ | |
| ૧૬ | ૩૧-૩-૨૦૦૧ | ૫૭૪૩ | !! | ૫૦૦૦ | |
| | કુલ સરવાળો | | | ૮૩૯૪૬ | |

ફકરા નં. ૭

ઘરભાડું ન ચુકવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન હિસાબી શાખાનું એ. બી. સી. રજીસ્ટર ચકાસતાં સામેલ પરિશિષ્ટ - ૪ ની વિગતે દર્શાવેલ કર્મચારીઓને ઘરભાડું ચુકવવામાં આવતું નથી.

વધુ પરિશિષ્ટ ની વિગતે દર્શાવેલ કર્મચારીઓને સંસ્થા દ્વારા કવૉટર પણ ફાળવવામાં આવેલ નથી અને કવૉટર ભાડાની કોઇ વસુલાત કરવામાં આવતી નથી તો સબબ બાબતે ઘરભાડું ન ચુકવવા કે કવૉટરભાડું વસુલ ન કરવા બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરાંત પરિશિષ્ટ - ૪ ની વિગતે દર્શાવેલ તમામ કર્મચારીઓને નિયમિત પગાર ધોરણમાં નોકરી કરે છે અને તેઓ જીપીઓ નંબર ફાળવેલ છે અને તેઓના પગારમાંથી નિયમિત જી.પી.એફ. કપાત કરવામાં આવતી હોવા છતાં ઉક્ત કર્મચારીઓને ઘરભાડું સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાંધા નં. ૨૨, તા. ૫-૧૨-૧૩ નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

(550)

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ના અન્વેષણ દરમ્યાન ઘરભાડુ અને ક્વાટર ભાડુ ન ચુકવવાનું હોઇ તેવા કર્મચારઓની વિગત દર્શાવતું

### પરિશિષ્ટ - ૪

| અ. નં. | એમ્પલોઇ નંબર | નામ | ઘરભાડુ | ઘરભાડાની કપાત | સર્વિસ ટેક્સ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૧૮૨ | પી. આર. યાદવ | -- | -- | -- | |
| ૨ | ૬૯૦ | આર. એમ. યાદવ | -- | -- | -- | સી - ટાઇપ ક્વાટર નં. |
| ૩ | ૭૪૨ | આર. જે. યાદવ | -- | -- | -- | |
| ૪ | ૧૦૩૯ | એસ. જી. યાદવ | -- | -- | -- | |
| ૫ | ૮૯૩ | રામનારાયણ બી. | -- | -- | -- | |
| ૬ | ૯૨૫ | બી. આર. ગોસાઇ | -- | -- | ૧૩.૧૪ | |
| ૭ | ૮૯૭ | આર. એન. ચાવડા | -- | -- | ૨.૦૩ | સી - ટાઇપ ક્વાટર નં. |
| ૮ | ૧૧૦૩ | જી. એસ. કોરી | -- | -- | -- | |
| ૯ | ૧૫૦૨ | પી. એચ. ત્રિવેદી | -- | -- | -- | |
| ૧૦ | ૧૧૨૪ | એન. ટી. માથી | -- | -- | ૩.૨૪ | ક્વાટર નં. |
| ૧૧ | ૬૩૪ | આર. ડી. શાહ | -- | -- | ૮.૩૦ | |
| ૧૨ | ૭૮૫ | ટી. જી. વાઘેલા | -- | -- | ૧૩.૧૪ | ક્વાટર નં. ૨૧ |
| ૧૩ | ૧૧૮૩ | એસ. ડી. બીહોલા | -- | -- | -- | |
| ૧૪ | ૧૮૪ | આર. પી. નાનુમલ | -- | -- | -- | |
| ૧૫ | ૬૨૮ | આર. આર. જાદવ | -- | -- | -- | |

551

ફકરા નં. ૮

કાયદાકીય નિષ્ણાંતને નિરર્થક ચુકવણું કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટીનું સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન ફાઇલોની ચકાસણી કરતાં સંસ્થાએ તેના તાબાના કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચની રકમ ચુકવવા સબબ કાયદાકીય નિષ્ણાંતની સલાહ લેવામાં આવેલ હતી.

સંસ્થાની મહેકમ શાખાએ રજુ કરેલ ફાઇલની ચકાસણી કરતાં તેમના તાબાના અધિકારી / કર્મચારીઓને છઠ્ઠા પગારપંચની રકમ ચુકવવા અંગે શ્રી એસ. એન. શેલત કાયદાકીય નિષ્ણાંતની સલાહ લેવા આવેલ હતી. જેનું ચુકવણું સંસ્થાના વાઉચર નં. ૭૭૨૬ તા. ૨૫-૩-૧૦ થી રકમ રૂ.૧૫૦૦૦/- ચુકવી દેવામાં આવેલ હતાં.

ગુજરાત સરકારના નાણાં વિભાગના તા.૧૨-૨-૦૯ થી ઠરાવ કરી તા.૨૦-૩-૦૯ ના ઠરાવથી પગારપંચનો પ્રથમ હપ્તો ચુકવવાના આદેશ કરેલ હતાં. રાજ્ય સરકારે ઠરાવ કરેલ ન્હોતો તે પહેલા તો સંસ્થાની મહેકમ શાખા દ્વારા ખર્ચ ચુકવવા મંજુરી મેળવેલ હતી.

છઠ્ઠા પગાર પંચના ચુકવણા સબબ કાયદાકીય નિષ્ણાંતને બદલે રાજ્ય સરકારના સંબંધિત શિક્ષણ વિભાગ / નાણાં વિભાગનો અભિપ્રાય લઇ શકાયો હોત. પરંતુ અગમ્ય કારણોસર ઉક્ત કાયદાકીય નિષ્ણાંતની સલાહ લેવાનો નિર્ણય કરી નિરર્થક ખર્ચ કરવામાં આવેલ હતો. જે અંગે સંબંધિતોથી સ્પષ્ટતા ન આવે ત્યાં સુધી સંસ્થાએ કરેલ રૂ.૧૫૦૦૦/- નો ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વાંધા નં. ૫૬, તા.૩-૧-૧૪ નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ. ૧૫૦૦૦/-

ફકરા નં. ૯

ગુજરાત યુનિવર્સિટી દ્વાર તેમના નિયંત્રણની કોલેજોને પરીક્ષા તથા એન. એસ. એસ. પ્રવૃતિ માટે ચુકવેલ એડવાન્સની રકમ સરભર ન થવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ તેમની તાબાની કોલેજોને વિવિધ પ્રકારની પરીક્ષાઓના ખર્ચ માટે તથા એન. એસ. એસ. ની પ્રવૃત્તિ માટે એડવાન્સ ચુકવેલ છે. કોલેજોને ચુકવવામાં આવેલ એડવાન્સની રકમ પેશગીના સામાન્ય નિયમો અન્વયે ચુકવણીની તારીખથી ત્રણ માસની અંદર રકમ સરભર કરવાની હોય છે. એડવાન્સ રજીસ્ટર તથા લેઝરની ચકાસણી કરતાં અન્વેષણ વર્ષ દરમ્યાન ચુકવેલ એડવાન્સની વિગત નીચે મુજબ છે.

| વિગત | પરીક્ષા માટે ચુકવેલ એડવાન્સ | એન. એસ. એસ. પ્રવૃત્તિ માટે ચુકવેલ એડવાન્સ |
|---|---|---|
| તા.૧-૪-૦૯ ના રોજની ઉઘડતી સિલક | ૪,૦૫,૮૮,૦૧૮.૫૨ | ૭૬,૯૨,૧૩૮.૨૬ |
| વર્ષ દરમ્યાન ચુકવેલ એડવાન્સ | ૨,૪૨,૬૫,૩૯૨.૨૧ | ૨૯,૫૫,૦૦૦.૦૦ |
| કુલ | ૬,૪૮,૫૩,૪૧૦.૭૩ | ૧,૦૬,૪૭,૧૩૮.૨૬ |
| વર્ષ દરમ્યાન સરભર કરેલ | ૩,૨૬,૪૮,૫૮૩.૪૨ | ૨૮,૨૬,૧૨૦.૦૦ |
| વર્ષના અંતે સરભર કરવાની બાકી રકમ | ૩,૨૨,૦૪,૮૨૭.૩૧ | ૭૮,૨૧,૦૧૮.૨૬ |

ઉપરોકત વિગતો જોતાં નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સંસ્થાએ વર્ષ દરમ્યાન ચુકવેલ પરીક્ષા એડવાન્સની રકમ કરતાં ઓછી રકમ સરભર કરેલ છે. જેને લીધે ચુકવેલ એડવાન્સની રકમ સરભર કરવાની બાકી રકમમાં ઉત્તરોત્તર વધારો જોવા મળે છે. જેથી ચુકવેલ એડવાન્સની રકમ ત્રણ માસમાં સરભર ન થાય તો જે તે કોલેજને તાકીદ કરી સત્વરે એડવાન્સના હિસાબો મેળવી લેવાની પ્રથાનો ચુસ્તપણે અમલ થાય તેવી વ્યવસ્થા ગોઠવી ઓડિટને આધારિત ખાત્રી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ આ બાબતની ખાત્રી કરાવેલ નથી.

553

(૨) ચુકવેલ એડવાન્સની રકમ જે તે વર્ષમાં સરભર થાય તેવી તકેદારી રાખવા અંગે ઓડિટનું સુચન છે.

(૩) ચુકવેલ એડવાન્સની રકમ સમયસર સરભર થાય તેવી વ્યવસ્થા ગોઠવવા અગાઉના વર્ષોના ઓડિટ – રીપોર્ટમાં ઓડિટ નોંધ આપવામાં આવેલ હોવા છતાં રકમ સરભર કરવા અંગે સઘન પ્રયત્નો કરવામાં આવેલ **નથી.** જે અંગે જવાબદારેથી સ્પષ્ટતા મેળવી રકમ સરભર કરવા અંગે કરેલ કાર્યવાહીની ફાઇલ રજુ કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ ખાત્રી કરાવેલ નથી.

(૪) વર્ષની શરૂઆતમાં બાકી દર્શાવેલ રકમ અગાઉના ક્યા વર્ષમાં કેટલી રકમ ચુકવવામાં આવેલ તેની નામ, તારીખ, વાઉચર નંબર અને રકમ સહિતની વિગતો રજીસ્ટરમાં ઉપલબ્ધ ન હોઇ સંસ્થા દ્વારા આ રકમ વસુલાતની કાર્યવાહી સમયે કોની પાસે કેટલી રકમ વસુલાત કરવી તે બાબત સ્પષ્ટ થતી નથી. જેથી સંસ્થા દ્વારા વસુલાત કાર્યવાહી ઝડપી અને સરળ થઇ શકે નહિ તેમ ઓડિટનું માનવું રહે વધુમાં આ માહિતી ઉપલબ્ધ ન હોઇ કેટલા વર્ષની કેટલી રકમ બાકી છે તેનું વિશ્લેષણ કરી શકાયેલ નથી.
ઉપરોક્ત સુચન મુજબ અદ્યતન એડવાન્સ રજીસ્ટર તૈયાર કરી આગામી ઓડીટે અન્વેષણ સમક્ષ રજુ થવુ ઘટે.

પ્રા. વાં. નં. ૧૭, તા.૪-૧૨-૧૩ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

૬૬૫

ફકરા નં. ૧૦

ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ બેંકોમાં કરવામાં આવેલ રોકાણોના હિસાબમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં વાર્ષિક હિસાબના પરિશિષ્ટ – '૫' માં જણાવ્યા મુજબ વિવિધ બેંકોમાં ટૂંકી મુદ્દતની ડીપોઝીટો ખાતે રૂા.૬૦૮૩૬૦૧૧૨.૪૬ ની રકમો વિવિધ બેંકોમાં રોકાણો તરીકે દર્શાવેલ છે. જેની ચકાસણી કરતાં નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

---

(૧) ગુજરાત યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિવિધ બેંકોમાં મોટી રકમના રોકાણો કરવામાં આવતા હોય છે અને મુદ્દત પુર્ણ થયે તે રોકાણો રીન્યુ પણ કરાવવામાં આવતા હોય છે. સદર રોકાણ રજીસ્ટરની ચકાસણી કરતાં રજિસ્ટરમાં બેંકવાર સિલક કાઢી તારીજ બનાવવામાં આવતી નથી વાર્ષિક હિસાબોમાં રૂા.૬૦૮૩૬૦૧૧૨.૪૬ જેટલા જ રોકાણો રોકાણ રજિસ્ટરમાં નોંધવામાં આવેલ હતા કે કેમ? અને તેટલી રકમોના રોકાણો યુનિવર્સિટી પાસે હતા કે કેમ? જે તે સમયે ટૂંકી મુદ્દતની થાપણો બેંકમાં ડીપોઝીટ તરીકે રાખી અને તેનું પ્રમાણપત્ર રાખવાની પ્રથા હોવી જોઇતી હતી. રોકાણોની ભૌતિક ચકાસણી દરમ્યાન રોકાણો અથવા તો બેંકમાં મુકેલ ડીપોઝીટોની પાવતી ઓડિટમાં રજુ થયેલ નથી. તેથી તા.૩૧-૩-૧૦ ના રોજ વાર્ષિક હિસાબમાં દર્શાવ્યા મુજબના રોકાણો જે તે સમયે યુનિવર્સિટી પાસે હોવાની ખાત્રી થઇ શકેલ નથી.

(૨) બેંકોમાં મુકવામાં આવેલ એફ. ડી. ની નોંધ રોકાણ રજિસ્ટરમાં કર્યા પછી જયારે એફ. ડી. પાક્યા તારીખે રીન્યુ કરવામાં આવે છે. ત્યારે મુળ એફ. ડી. ની નોંધ ઉપર રાઉન્ડ કરી વ્યાજ સહિત નવી એફ. ડી.ની રસીદ આવે તેના સળંગ નંબર આપી એફ. ડી. રજિસ્ટરમાં નોંધ કરવી જોઇએ અને તે મુજબ વર્ષના અંતે કઇ બેંકમાં કેટલી એફ. ડી. છે. તેની તારીજ અને તમામ બેંકોની મળીને કુલ કેટલી એફ. ડી. (રોકાણો) છે તેની એકત્રિત તારીજ તૈયાર કરી વાર્ષિક હિસાબમાં દર્શાવેલ રકમો સામે મેળવણું કરવુ જરૂરી છે. યુનિવર્સિટી દ્વારા આ પ્રથાનો અમલ કરેલ નથી. પરિણામે તા.૩૧-૩-૧૦ ના રોજ દર્શાવેલ રોકાણો યુનિવર્સિટી ખાતે હતા તેની યુનિવર્સિટી કક્ષાએ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પણ ખાત્રી કરવામાં આવેલ નથી. જે અંગે સ્પષ્ટતા સહ અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

(૩) એફ. ડી. રજિસ્ટરમાં જે તે રોકાણો કર્યા અંગેની નોંધો કરવામાં આવેલ છે જેની સામે યુનિવર્સિટીના કોઇ સક્ષમ અધિકારીશ્રીની સહીઓ થયેલ નથી તો તમામ નોંધોમાં સક્ષમ અધિકારીશ્રીની સહીઓ મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. વધુમાં રોકાણો અને ટુંકી મુદ્દતની થાપણો સક્ષમ અધિકારીશ્રીની કસ્ટડીમાં રાખવી અને ગુજરાત નાણાંકિય નિયમ – ૧૭૬(૧) મુજબ જે કર્મચારી / અધિકારીને આવી કામગીરી સોંપવામાં આવેલ હોય તો તેની પાસેથી જામીનગીરી મેળવી લેવામાં આવેલ છે કે કેમ? તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૪) રોકાણ રજિસ્ટર અવ્યવસ્થિત રીતે નિભાવવામાં આવેલ છે જેમાં અધિકારીશ્રીની સહી થયેલ નથી તેમજ વ્યાજની આવકની નોંધો થયેલ નથી. સદર રજિસ્ટરની સક્ષમ અધિકારીશ્રી દ્વારા ચકાસણી કરવામાં આવતી હોય તેમ જણાતુ નથી જે ખુબ જ ગંભીર બાબત ગણાવી શકાય. ગુજરાત નાણાંકીય નિયમો ૧૯૭૧ ના નિયમ ૮ અને તેના આનુષંગિક પેટા નિયમો મુજબ રજીસ્ટર નિભાવવામાં નિષ્કાળજી દાખવનાર અધિકારી / કર્મચારી સામે રેકર્ડ અદ્યતન ન નિભાવવા માટે શિક્ષાત્મક પગલા ભરવા કુલપતિશ્રીનું અંગત ધ્યાન ઓડિટ દ્વારા દોરવામાં આવે છે. આ બાબતે જવાબદારશ્રીનું અંગત ધ્યાન દોરી રજિસ્ટર અદ્યતન રીતે નિભાવી તમામ નોંધ પ્રમાણિત કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૫) એફ. ડી. રજિસ્ટર સહી – સિક્કા રજિસ્ટરે પણ ચઢાવવામાં આવેલ નથી. આ રજિસ્ટરમાં કેટલા પાનાનો સમાવેશ થયેલ છે. તે વિગત સહિતનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ નથી.

ઉકત તમામ મુદ્દાઓની સ્પષ્ટતા સહ ઓડિટે રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા. વાં. નં. , નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

556

# ગુજરાત યુનિવર્સિટી

## વાર્ષિક હિસાબો વર્ષ ૨૦૦૯-૨૦૧૦

## પરિશિષ્ટ - કે

| ક્રમ | રોકડ અને બીજી પુરાંતો | ઉધાર | જમા |
|---|---|---|---|
| | **પરિશિષ્ટ - એલ મુજબ** | ૧૦૦૫૭.૯૮ | |
| | (૧) જનરલ ફંડ સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા જી. એફ. | | ૭૭૮૪.૨૦ |
| | (૨) ઇ. આર. ડી. એફ. એસ. બી. આઇ. | ૨૩૨૨૬૭૬૦.૯૨ | |
| | (૩) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા યુનિ. Bed.Admi. | ૮૫૧૧૨૩૫.૦૦ | |
| | (૪) એસ. બી. આઇ. બ્રાન્ચ લાઇબ્રેરી | ૪૬૯૯.૩૪ | |
| | (૫) ગુજ. યુનિ. સ્પોર્ટસ એકાઉન્ટ | | |
| | (૬) બેંક ઓફ ઇન્ડીયા જી. એફ. | | ૧૯૯૩.૫૧ |
| | (૭) બેંક ઓફ બરોડા જી. એફ. | ૪૮૩.૦૩ | |
| | (૯) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા યુનિ. બ્રાન્ચ | | ૧૭૯૫૫૮૩૯.૭૫ |
| | (૧૦) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા ગ્રાન્ટ એકા. | ૯૧૯૨૨૫૯.૯૧ | |
| | (૧૧) પી. જી. ફી. બી. જે. મેડીકલ | ૧૦૦.૦૦ | |
| | (૧૨) પી. જી. ફી. વી. એસ. હોસ્પીટલ | ૧૦૦.૦૦ | |
| | (૧૩) B.O.I. રજીસ્ટ્રાર ગુજ. યુનિ. એકા. | ૧૦૦૦૦.૦૦ | |
| | | | |
| | બેંક પુરાંત | ૪૦૯૪૫૬૩૮.૨૦ | ૧૭૯૬૫૬૧૭૫૫ |
| | | ૨૨૯૮૦૦૨૦.૬૫ | |
| ટૂંકી મુદતની ડીપોઝીટ | | | |
| ૨ | (૧) બેંક ઓફ ઇન્ડીયા | ૦.૦૦ | |
| | (૧) બેંક ઓફ ઇન્ડીયા | ૧૫૦૦૦.૦૦ | |
| | (૨) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા યુનિ. બ્રાન્ચ | ૫૫૨૩૧૭૯૨.૧૫ | |
| | (૩ ઇન્ડીયન બેંક | ૨૭૭૬૮૦૧૦૮.૦૦ | |
| | (૪) દેના બેંક | ૧૬૦૩૩૮૫.૬૦ | |
| | (૫) સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા | ૬૪૨૬૪૯૬.૦૦ | |
| | (૬) યુનિયન બેંક ઓફ ઇન્ડીયા | ૨૬૮૫૬૮૯૪.૦૦ | |
| | (૭) ઇ. આર. ડી. એફ. એસ બી. આઇ. | ૧૧૭૮૮૮૩૪૦.૦૦ | |

(૬૬૭)

| | | | |
|---|---|---|---|
| | (૮) સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયા નરોડા બ્રાન્ચ | ૨૨૩૧૪૪.૦૦ | |
| | (૯) એ. ડી. સી. બેંક નરોડા બ્રાન્ચ | ૩૭૦૮૧૨.૦૦ | |
| | (૧૦) આન્ધ્ર બેંક | ૯૭૬૬૨૩૪.૦૦ | |
| | (૧૧) અલ્હાબાદ બેંક | ૧૦૪૩૮૪૭૬૧.૦૦ | |
| | (૧૨) કોલેજોની ફીક્સ ડીપોઝીટ પર વ્યાજ | | ૬૧૮૯૨૧૬૦.૨૯ |
| | (૧૩) બેંક ઓફ સૌરાષ્ટ્ર | ૩૮૩૧૨૪૪.૦૦ | |
| | (૧૩) બેંક ઓફ મહારાષ્ટ્ર | ૬૭૪૮૩૫૪૬.૦૦ | |
| | ટુંકી મુદતની ડીપોઝીટ | ૬૭૧૭૬૧૭૫૬.૭૫ | ૬૩૪૦૧૬૪૪.૨૯ |
| | (૧) બેંક પુરાંતો | ૨૨૯૮૦૦૨૦.૬૫ | |
| | (૨) રોકડ અને બીજી પુરાંત | ૧૦૦૫૭.૯૮ | |
| | (૩) ટુંકી મુદતની ડીપોઝીટ | ૬૦૮૩૬૦૧૧૨.૪૬ | |
| | (૪) પોસ્ટ ઓફિસ એકાઉન્ટ નવરંગપુરા | ૪૦૩૭.૯૬ | |
| | | ૬૩૧૩૫૪૨૨૯.૦૫ | |

(૬૬૪)

**ફકરા નં. ૧૧**

પરીક્ષા શાખાની બેગો ફાટી જવા / નાશ પામવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટીનું સને ૨૦૦૯-૧૦ અન્વેષણ દરમ્યાન પરીક્ષા શાખા દ્વારા ૨003 માં પરિણામો મોકલી આપવા માટે કુલ ૩000 બેગો બનાવેલ હતી. પરીક્ષા શાખાની તા. ૨૨-૫-0૯ ની વી. સી. - ૩૯ થી મુકવામાં આવેલ નોંધ વંચાણે લેતાં નોંધમાં ૨003 માં ખરીદવામાં આવેલ ૩000 બેગો પૈકી સમય અંતરે તેનો વપરાશના થતાં મોટાભાગની બેગો ફાટી જતાં પરીક્ષા શાખા પાસે ૧૨00 બેગોનો જથ્થો વધેલ છે અને માન. કુલપતિશ્રીની મૌખિક મંજુરી થી ભાવપત્રકો મંગાવી લીડર લગેજ કું. પાસેથી તેના બીલ નં. ૨૧૪ તા.૨૨-૫-0૯ ને વાઉચર નં. ૧૧૫૩ તા.૩0-૫-0૯ થી રૂા.૪૨/- ના ભાવે વત્તા ૫% ટકા વેટ મુજબ ૧000 બેગો ખરીદી સંસ્થા દ્વારા ચુકવણું કરવામાં આવેલ હતું.

પ્રાથમિક વાંધા નં. ૭૬, તા. ૨૧-૧-૨૦૧૪ થી સંસ્થાને ૨003 થી ૨00૮ દરમ્યાન ૩000 બેગો પૈકી કેટલી બેગોનો વપરાશ કરવામાં આવ્યો, કેટલી બેગો વપરાશ કર્યા વગર પડી રહી અને સમયઆંતરે ફાટી ગઇ અને નાશ પામેલ તે અંગેની માહિતી માંગવામાં આવેલ હતી. આ બેગો બિનવપરાશી થતાં સુધી આ બાબતે જવાબદાર અધિકારી / કર્મચારી દ્વારા સંસ્થાના વડાનું ધ્યાન ન દોરવા બાબતે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે સને ૨003 થી ૨00૮ દરમ્યાન ૩000 બેગો સામે ૨00૯ માં ૧૨00 બેગો હાથ પર રહેતી હોય તો નવી ૧000 બેગો ખરીદવા અંગે સંસ્થાનો જવાબ મળેલ ન હોઇ ફકરો ચાલુ રાખવામાં આવે છે. સબબ બાબતે સંસ્થાએ ચુકવેલ રકમ રૂા.૪૪૧૮૮.00 વાંધા હેઠળ રાખવામાં આવે છે.

**પ્રા. વાંધા નં. ૭૬ નો જવાબ સંસ્થા તરફથી મળેલ નથી.**

વાંધા હેઠળ રૂા. ૪૪૧૮૮/-

**ફકરા નં. ૧૨**

ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમો સરભર થયા વિનાની પડી રહેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ લેઝરની ચકાસણી કરતાં નીચે મુજબની ઉપલક (સસ્પેન્સ) રકમો સરભર કરવાની બાકીમાં છે.

| ક્રમ નં. | સદર | ૨૦૦૯-૧૦ |
|---|---|---|
| ૧ | ૮૧૦૧૦૦૧ જી. પી. એફ. | ૫,૭૫,૮૫૩.૯૭ |
| ૨ | ૮૧૦૧003 લાયબ્રેરી | ૨,૦૭,૧૨૧.૮૫ |
| 3 | ૮૧૦૧૦૦૪ એકાઉન્ટ નં. ૨ | ૧,૦૧,૦૧૯.30 |

આવક ખર્ચની રકમનું વર્ગીકરણ નક્કી કરી ન શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ) સદરે નોંધવામાં આવે છે અને જયારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તે રકમ ઉપલક સદરે સરભર કરવાની રહે છે. આ કાર્યવાહી નાણાંકીય વર્ષના અંતે પુર્ણ કરવાની રહે છે. પરંતુ હિસાબો વ્યવસ્થિત રીતે ન લખાવાના કારણે ઉપલક સદરની રકમ વર્ષના અંતે આગળ ખેંચવામાં આવે છે.

લાયબ્રેરી – ૮૧૦૧003 સદર સસ્પેન્સ એકાઉન્ટમાં તા.૧-૪-૦૬ થી રૂ.૨,૦૭,૧૨૧.૮૫ ની જમા લીધેલ રકમ દર વર્ષે આગળ ખેંચવામાં આવે છે તો આ રકમ યોગ્ય સદરે જમા લઇ ઉપલક સદરે રકમ સરભર કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ ખાત્રી કરાવેલ નથી. ઉપરોકત રકમો સત્વરે સરભર કરવા અંગેનું ઓડિટ સુચન છે.

પ્રા. વાં. નં. ૪૪ તા.૪-૧-૧૪ નો સંસ્થાએ જવાબ રજુ કરેલ નથી.

**ફકરા નં. ૧૩**

**યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ફી પેટે મળેલ રકમ અને તેના ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં એકાઉન્ટ કોડ ૭૮૦૨૦૩૨ સદરે યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમો હેઠળ અન્વેષણ વર્ષ દરમ્યાન થયેલ આવક ખર્ચની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

| વિગત | ૨૦૦૯-૧૦ |
|---|---|
| ૧-૪-૦૯ ની ઉઘડતી સિલક | ૧,૫૩,૯૩,૪૧૭. ૦૦ |
| વર્ષ દરમ્યાન આવક | ૧૯,૨૭,૦૭૬.૦૦ |
| કુલ | ૧,૭૩,૨૦,૪૯૩. ૦૦ |
| વર્ષ દરમ્યાન ખર્ચ | શુન્ય |
| | ૧,૭૩,૨૦,૪૯૩. ૦૦ |

એકઝીકયુટીવ કાઉન્સીલના તા.૨૩-૫-૯૯ ની બાબત – ૧૭ ઓર્ડિનન્સ – ૧૫૦ સી માં કરવામાં આવેલ સુધારા યોજવા જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે સંલગ્ન કોલેજોના વિદ્યાર્થી દીઠ એક સત્રના રૂ.૧૦/- લેખે વસુલાત મેળવી હિસાબમાં જમા લઇ જે તે પ્રવૃત્તિઓ સંગે ખર્ચ કરવાનો રહે છે.

હિસાબો ચકાસતાં જણાયેલ હતુ કે મળેલ કુલ આવકના સંદર્ભે સાંસ્કૃતિક કાર્યક્રમો પાછળ કરેલ ખર્ચ ખુબજ ઓછો રહેવાને કારણે પ્રતિ વર્ષ બચતમાં વધારો થયેલ હોવાનું જણાય છે જેથી વણ – વપરાયેલ રકમો સિલકમાં જોવા મળેલ હતી આમ જે હેતુ માટે આવક મેળવવામાં આવે છે તે હેતુ પરિપુર્ણ થતો નથી અને વિદ્યાર્થીઓ તેના લાભથી વંચિત રહે છે. આમ આવક મેળવી ખર્ચા નહીં કરવા બાબતે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે અને સદર ભંડોળનો વિદ્યાર્થીઓના વિકાસની પ્રવૃત્તિઓ પાછળ ખર્ચવા ઓડિટનો અનુરોધ છે.

ઓર્ડિનન્સ મુજબ સત્રદીઠ રૂ.૧૦/- લેખે બે સત્રના રૂ.૨૦/- લેખે સને ૨૦૦૯-૧૦ [illegible] ૧,૯૬,૯૫૮/- નોંધાયેલ વિદ્યાર્થીઓના રૂ.૨૦/- લેખે રૂ.૩૯,૩૯,૧૬૦/- સંલગ્ન કોલેજો તરફથી મળવા જોઇએ જેની સામે સને ૨૦૦૯-૧૦ માં રૂ.૧૯,૨૭,૦૭૬.૦૦ જમા આવેલ છે. આમ સને ૨૦૦૯-૧૦ ની રૂ.૨૦,૧૨,૦૮૪/- જેટલી રકમ વસુલ કરવાની બાકીમાં [illegible] બાબત બાકી કોલેજોના નામ તથા તેના નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી કઇ કોલેજની

કેટલી રકમ બાકીમાં નીકળે છે. તેની વિગતો તૈયાર કરી ઓડિટે પુરી પાડવા વિનંતિ તેમજ તેટલી રકમની સત્વરે વસુલાત મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

**વસુલાતપાત્ર રકમ**

**રકમ રૂ.૨૦,૧૨,૦૮૪/-**

પ્રા. વાં. ૬૫, **નો સંસ્થાએ કરેલ જવાંબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.**

562

ફકરા નં. ૧૪

યુનિવર્સિટી જર્નલ છાપકામ ખર્ચ બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાઉચરોની તથા હિસાબી દફતરની ચકાસણી કરતાં હિસાબી સદર ૪૪૦૧૦૦૦ હેઠળ યુનિવર્સિટી જર્નલ છાપકામ પેટે રૂ.૮,૬૧,૨૬૪/- નો ખર્ચ કરેલ હતો.

| વા. નં. | તારીખ | પાર્ટીનું નામ | રકમ |
|---|---|---|---|
| ૪૩૨૮ | ૧૨-૧૦-૦૯ | રીલાયેબલ આર્ટ પ્રિન્ટરી | ૪,૦૧,૮૫૯.૦૦ |
| ૬૬૩૫ | ૪-૨-૧૦ | !! | ૪,૫૯,૪૦૫.૦૦ |
| | કુલ | | ૮,૬૧,૨૬૪.૦૦ |

સદરહું બાબતે ઓડિટ નોંધ આપતાં જણાવવાનું કે આ ખર્ચ કયા હેતુ માટે કરવામાં આવેલ છે તેમજ સદર કામ અંગેનો અગાઉનો સ્ટોક વપરાશ તથા બચત રહેલ સ્ટોક અંગેનું હિસાબી રેકર્ડ પ્રા. વાંધા નં. ૧૧૩, તા.૨૦-૨-૨૦૧૪ થી માંગવા છતાં ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી. જેથી ખર્ચ નિયમોનુસાર હોવાની નિયમોનુસારની ચકાસણી થઇ શકેલ નથી. જેથી ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે તેમજ જરૂરી રેકર્ડ રજુ નહી કરવા બદલ જવાબદાર સામે કાર્યવાહી કરી ઓડિટને આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રા. વાં. નં. ૫૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

<u>વાંધા હેઠળ રકમ</u>

૨૦૦૯-૧૦ – રૂ.૮,૬૧,૨૬૪/-

ફકરા નં. ૧૫

વિદ્યાર્થી છાત્રાલયને આપેલ એડવાન્સની રકમ સરભર ન થવા તથા સરભર કરેલ રકમમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન બોઇઝ હોસ્ટેલને આપેલ એડવાન્સ રજીસ્ટર જેનો કોડ નં. ૯૩૧૨૦૦૧ ની ચકાસણી કરતાં ઉક્ત એકાઉન્ટમાં તા.૧-૪-૦૯ ના રોજ રૂ.૭૫૫૨૪.૯૦ ની ઉધડતી સિલક હતી. ૨૦૦૯-૧૦ દરમ્યાને ઉક્ત શાખાને કોઇ નવી પેશગી રજિસ્ટરની વિગતે ચુકવવામાં આવેલ ન હતી. જ્યારે પહોંચ નંબર ૧૦૫૫૪ તા.૧૪-૯-૨૦૦૯ થી રૂ. ૬૪૬ અને પહોંચ નંબર ૧૧૧૫૨, તા. ૫-૧૦-૦૯ રૂ. ૫૦,૦૦૦/- અને પહોંચ નંબર ૧૬૧૯૫ દ્વારા રૂ. ૧૨૪૩૫/- એમ કુલ રૂ. ૬૩૦૮૧/- જમા લેવામાં આવેલ હતાં. પરંતુ રૂ. ૬૪૬/- ની રકમ આપેલ એડવાન્સ સામે જમા લેવાની ન હતી કારણ કે આ રકમ કોઇ પેશગી પેટે આપેલ ન હતી પરંતુ ઉડી ગયેલ ટ્યુબલાઇટ અને ભંગારન વસ્તુની વેચાણ દ્વારા ઉપજેલ રકમ હતી. જેથી આ રકમ પેશગી સદરે જમા ન લઇ શકાય.

આજ રીતે એ. બી. મેશના ઇજારદાર દ્વારા સને ૨૦૦૯-૧૦ ના કરારને આધિન રૂ.૫૦૦૦૦/- ડિપોઝીટ પેટે જમા કરાવેલ હતી નહિ કે આ રકમ એ. બી. મેશને પેશગી તરીકે અગાઉ ચુકવેલ રકમ સામે જમા કરાવેલ હતી. વધુમાં રૂ. ૧૨૪૩૫/- ની રકમ કઇ તારીખ વાઉચર નંબર થી ચુકવેલ રકમ સામે હિસાબ મેળ કરી જમા લીધેલ છે તેની વિગત ઉક્ત રજિસ્ટરમાં સ્પષ્ટ લખેલ ન હતી.

આમ, રૂ.૬૪૬/- ની રકમ સંસ્થાની પરચુરણ ઉપજની રૂ. ૫૦,૦૦૦/- ડીપોઝીટ તરીકે જમા ન લેતા પેશગી તરીકે ચોપડેલ જમા લેવા સબબ જવાબદારોથી સ્પષ્ટતા પ્રાથમિક વાંધા નંબર ૮૨, તા. ૧-૨-૧૪ થી માંગેલ જેના જવાબમાં સંસ્થાને સને ૨૦૧૩-૧૪ ના વર્ષના હિસાબોમાં વાઉચર નં. ૬૪૨૭ અને ૬૪૨૮, તા. ૩૦-૧૧-૨૦૧૩ થી અનું. રૂ.૬૪૬/-, રૂ.૫૦૦૦૦/- અને રૂ. ૧૨૪૩૫/- ભૂલ સુધારણા નોંધ કરી હિસાબમેળ કર્યાના આધારો રજુ કરેલ હતાં.

પરંતુ આ પ્રકારની હિસાબમેળ કરવાની કામગીરી વધુ ગંભીરતાથી હાથ ધરવામાં આવે અને ચોકસાઇ થી કરવામાં આવે તે બાબતને ધ્યાને લઇ ફકરો ચાલુ રાખવામાં આવે છે.

પ્રા. વાં. ૮૨ નો જવાબ ગ્રાહ્ય રાખી શકાય નહિ.

## ફકરા નં. ૧૬

**સેલ્ફ ફાયનાન્સ કોલેજો પાસેથી ઉઘરાવવામાં આવતા ડેવલપમેન્ટ ફંડ બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજુરી આપવામાં આવતી હોય છે અને તે માટે દરેક કોલેજ પાસેથી ડેવલપમેન્ટ ફંડ પેટે પાંચ લાખ રકમ લેવામાં આવતી હોય છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

પ્રા. વાં. નં. ૬૩, તા.૧૩-૧-૨૦૧૪ ના અનુસંધાને સંસ્થાએ આપેલ જવાબ મુજબ ઓડિટ વર્ષમાં કુલ ૧૮૪ સેલ્ફ ફાયનાન્સ કોલેજો હતી. જે પૈકી ત્રણ કોલેજો (૧) શેઠ સી. એલ. કોમર્સ કોલેજ રખીયાલ (૨) એન. એમ. ઝાલા આર્ટસ / કોમર્સ કોલેજ નરોડા તેમજ (૩) શ્રીમતી આર. બી. પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સાણંદ નબળી હોવાથી એકઝીકયુટીવ કાઉન્સીલમાં તેઓની આવુ ફંડ ભથ્થાંમાંથી મુક્તિ આપવા સંબંધે વિચાર કરી મુક્તિ નહીં આપવા બાબતે નિર્ણય લેવામાં આવેલ.

આ કોલેજો પાસેથી પ્રત્યેક કોલેજ દીઠ રૂપિયા પાંચ લાખ વસુલવામાં બાકીમાં છે જે બાબતે યુનિવર્સિટી દ્વારા શું પગલાં લીધાં તે બાબતે કોઇ સ્પષ્ટતા કરેલ નથી અને આવી કોલેજોનું એફીલેશન ચાલુ રાખેલ છે સંસ્થાના તા.૭-૨-૨૦૧૪ ના જવાબમાં જણાવ્યા મુજબ સેલ્ફ ફાયનાન્સ કોલેજો ડેવલપમેન્ટ ફંડ ન ભરેતો તે માટે દંડની કોઇ જોગવાઇ રાખવામાં આવેલ નથી. આમ કયા કારણોસર દંડની જોગવાઇ રાખવામાં આવેલ નથી અને જે તે કોલેજો ડેવલપમેન્ટ ફંડ ન ભરેતો શું પગલાં લેવા યુનિવર્સિટીએ નક્કી કરેલ છે તે બાબતે જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

ડેવલપમેન્ટ ફંડની રકમ નક્કી કરવાના કોઇ નિયમો કે ધારાધોરણ રજુ થયેલ નથી. જેથી સંસ્થાએ નિયમો બનાવેલ નહીં હોવાનું ફલિત થાય છે તેમજ નિયમોનુસાર હોવાની ખાત્રી થઇ શકેલ નથી. ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડ કયા નિયમો અને ધારા ધોરણ અનુસાર છે તેની વિગત રજુ થયેલ નથી. તેના ઉપયોગની વિગતો પણ રજુ થયેલ નથી. તેમજ ઉઘરાવેલ ડેવલપમેન્ટ ફંડનો કઇ રીતે ઉપયોગ કરવો તેના પણ કોઇ સ્પષ્ટ નિયમો રજુ કરવામાં આવેલ નથી.

ઉપરાંત સંસ્થા દ્વારા નાણાંકીય વર્ષ દરમ્યાન થયેલ આવક અને ખર્ચની વિગતો ઉપલબ્ધ કરાવેલ ન હોઇ તેનું વિશ્લેષણ કરી શકાયેલ નથી.

ફકરા નં. ૧૭

રસીદ બુકમાં જોવા મળેલ અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમિયાન કેસ કાઉન્ટરની રસીદબુક રજિસ્ટરની ચકાસણી કરતાં એકસટર્નલ બી. એ. ના વિદ્યાર્થીઓ પાસેથી વિદ્યાર્થી દીઠ રૂ.૭૦૦/- લેખે ફી લઇ પહોંચ આપવામાં આવતી હતી. જે રજિસ્ટરની વિગત નીચે મુજબ હતી.

| અ. નં. | તારીખ | ઉ. સિલક | બુકો | નંબર | પહોંચનો દર રૂ. ૭૦૦ લેખે |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૪-૦૯ | ૪૦૦ | ૪ | ૧૪૬૦૧ થી ૧૫૦૦૦ | ઉ. સિલક |
| ૨ | ૧૮-૯-૦૯ | ૧૦,૦૦૦ | ૧૦૦ | ૫૦૦૧ થી ૧૫૦૦૦ | આવક |
| ૩ | ૧-૧૦-૦૯ | ૫૦૦૦ | ૫૦ | ૧૫૦૦૧ થી ૨૦૦૦૦ | આવક |
| ૪ | રજિસ્ટરમાં લખેલ નથી. | ૫૦૦૦ | ૫૦ | ૨૦૦૦૧ થી ૨૫૦૦૦ | આવક |
| ૫ | કુલ | ૨૦,૪૦૦ | ૨૦૪ | | |
| ૬ | ૯/૦૯ થી ૨/૧૦ | ૧૮,૪૦૦ | ૧૮૪ | ૫૦૦૧ થી ૨૩૦૦૦<br>૧૪૬૦૧ થી ૧૫૦૦૦ | વપરાશ |
| ૭ | ૩૧-૩-૧૦ | ૨૦૦૦ | ૨૦ | ૨૩૦૦૧ થી ૨૫૦૦૦ | બંધ સિલક |

ઉક્ત ૧૮૪ બુકો પૈકી અનુક્રમ નંબર ૨૨૮૦૧ થી ૨૩૦૦૦ ની પહોંચોના નાણાં કેસ કાઉન્ટર જમા લીધેલ છે. પરંતુ આ પહોંચો ઓડિટ સમક્ષ રજુ કરેલ નથી.

ઉપરાંત ઉક્ત ૧૮૪ બુકો પૈકી પહોંચ નંબર ૨૧૧૦૧ થી ૨૧૨૦૦, ૨૧૬૦૧ થી ૨૧૭૦૦ અને ૨૨૨૦૧ થી ૨૨૩૦૦ નંબરની ત્રણં પહોંચબુકો કાઉન્ટર પર ઇસ્યુ કરવામાં આવેલ છે. પરંતુ ઉક્ત ત્રણેય પહોંચબુકોના નાણાં કેશ કાઉન્ટર રજિસ્ટર ચકાસતાં જમા લીધેલ જણાતા નથી અને ઉક્ત ત્રણેય પહોંચબુકો બિન વપરાશી પડી રહેલ હોય તો તે રદ કરેલ બુકો અથવા આ પહોંચબુકોના તો તે રદ કરેલ બુકો અથવા આ પહોંચબુકોના સંસ્થાએ નાણાં સ્વીકારેલ હોય તો કેસ કાઉન્ટર રજિસ્ટરમાં કઇ તારીખે, કેટલી રકમ જમા લીધેલ છે તેનો આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

આ જ રીતે એચ. આર. બી. ની પહોંચબુકો કેશ કાઉન્ટરની રસીદબુક રજિસ્ટરમાં (હોસ્ટેલ ડીપોઝીટ ઓફ બોયઝ) ચકાસણી કરતાં નીચેની વિગતો સ્પષ્ટ થતી હતી

566

## એચ. આર. બી.

| અ. નં. | તારીખ | ઉ. સિલક | બુકો | નંબર | પહોંચનો દર રૂા. ૫૦ લેખે |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૪-૦૯ | ૧૧૦૦ | ૧૧ | ૯૦૧ થી ૨૦૦૦ | ઉ. સિલક |
| ૨ | ૨૫-૧૧-૦૯ | ૨૦૦૦ | ૨૦ | ૧ થી ૨૦૦૦ | આવક |
| | કુલ | ૩૧૦૦ | ૩૧ | | |
| ૩ | ૪/૦૯ થી ૧૧/૦૯ | ૧૬૦૦ | ૧૬ | ૯૦૧ થી ૨૦૦૦<br>૧ થી ૪૦૦ | વપરાશ |
| ૪ | ૩૧-૩-૧૦ | ૧૫૦૦ | ૧૫ | ૫૦૧ થી ૨૦૦૦ | આવક |

કેશ કાઉન્ટર રજિસ્ટર ચકાસતાં તા. ૧૬-૭-૨૦૦૯ ના રોજ ૪૦૧ થી ૪૬૬ નંબરની કુલ ૬૬ પહોચબુકોનું વેચાણ કરેલ છે. જે નંબરની પહોંચો પ્રેસમાંથી સંસ્થાને તા. ૨૫-૧૧-૦૯ ના રોજ મળેલ હોય તો ૧૬-૭-૦૯ ના રોજ કઇ પહોંચોનું વેચાણ કરેલ છે.

વધુમાં કેશ કાઉન્ટર રજિસ્ટરની ચકાસણી કરતાં તા. ૧૬-૭-૦૯ ના રોજ એચ. એસ. બી. ડી. (સ્ટોક બેઝ ડીપોઝીટ) ની પહોંચ નંબર ૪૦૧ થી ૪૬૬ પહોંચ નંગ ૬૬ દર રૂા. ૨૦ ના કુલ ૧૩૨૦ અને એચ. આર. બી. ની પહોંચ નંબર ૪૦૧ થી ૪૬૬ પહોંચ નંગ ૬૬ ના રૂા. ૫૦ લેખે ૩૩૦૦ મળી કુલ કેશ ૪૬૨૦/- કેશ કાઉન્ટરે જમા લીધેલ છે અને કેશબુકમાં રૂા.૧૩૨૦/- જમા લીધેલ હોઇ રૂા.૩૩૦૦/- જમા ન લેવાના આધારો અંગે આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે. જે બાબતે સંસ્થાએ ડીપોઝીટ તરીકે રૂા. ૩૩૦૦/ લઇ સામે રૂા. ૧૧૦૦/- વા. નં. ૩૩૨૫, તા. ૩૧-૮-૦૯ થી રકમ જમા લીધેલ અને વા. નં. ૮૬૦૩, તા. ૩૧-૩-૧૦ રકમ રૂા.૨૨૦૦/- થી રકમ એડજસ્ટ કરેલ હતાં જે નાણાંકીય હિસાબો જાળવવાની પધ્ધતિ સાથે સુસંગત નથી.

પ્રા. વાં. નં. ૧૨૯ નો જવાબ સંસ્થા તરફથી મળેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા. ૩૩૦૦/-

567

ફકરા નં. ૧૮

વિવિધ બેંકોમાં મુકેલ ફીક્સ ડીપોઝીટો પાકતી મુદ્દત પહેલાં વટાવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન ડીપોઝીટ રજિસ્ટરની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ – ૬ ની વિગતે કોલમ નં. ૯ માં જણાવેલ વિગતે મુકેલ ડીપોઝીટો કાચી વટાવવામાં આવેલ છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સદરહુ ડીપોઝીટો મુદ્દત વિત્યા અગાઉ કયા કારણોસર વટાવવામાં આવેલ હતી અને વટાવેલ ડીપોઝીટોનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવેલ હતો તે બાબતે સ્પષ્ટતા કરેલ નથી. જે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થા દ્વારા નિભાવવામાં આવતુ ડીપોઝીટ રજિસ્ટરમાં કરવામાં આવેલ નોંધો અધુરી વિગતે કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા ફીકસ ડીપોઝીટના સર્ટીફીકેટો સક્ષમ અધિકારીશ્રીની સેફ કસ્ટડીમાં રાખવાના હોય છે જે ખરેખર કેશીયર પાસે રાખવામાં આવેલ છે. નિયમોચિત નથી વળી કેશીયરશ્રીના નિયમોનુસાર જામીનખત લેવા જોઇએ જે પણ લીધેલ નથી આમ નિયમનો અમલ નહીં કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં પરિશિષ્ટ - ૬ ની વિગતે જોતાં મહદઅંશે રકમો કાચી મુદતે વટાવવા માટેના કારણોમાં જે તે કોલેજે યુનિવર્સિટીમાં જમા કરાવેલ એફ. ડી. નું કરેલ રોકાણ સામે જમા થયેલ વ્યાજ ચુકવવા ઉપાડ કરવામાં આવેલ છે પરંતુ અનું. ૨૦ અને ૨૧ ની રકમો અર્જન્ટ પેમેન્ટ નીકળતા એફ. ટી. વટાવી રકમ ચુકવ્યાનું જણાવેલ છે જે બાબતે સંસ્થાએ તેના જવાબમાં કોઇ વ્યાજબી કારણ આપેલ નથી જેથી સંસ્થાએ પોતાના નાણાંકીય વ્યવહારો સરળતાથી ચાલે તે માટે નિયમોચિત પગલા જે તે સમયે સમયસર ભરેલ હોત તો એફ. ડી. કાચી વટાવવાની જરૂરિયાત ટાળી શકાઇ હોત તેવું ઓડિટનું માનવુ રહે.

વધુમાં સદરહુ ડીપોઝીટો મુદ્દત વિતતા પહેલાં વટાવવાને કારણે યુનિવર્સિટીને રૂ.૯૪,૦૩,૩૬૭/- ની વ્યાજ ખાધ પડેલ છે જે બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૪, તા.૨-૧૨-૧૩ નો સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય નહી.

# પરિશિષ્ટ - ૬

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦

### તા. ૧-૪-૦૯ થી તા. ૩૧-૩-૧૦ ના સમયગાળા દરમિયાન પ્રિ-મેચ્યોર વટાવેલ એફ. ડી. ની યાદી

| અ નં | રજિ. પરતા નંબર | એફ. ડી. નંબર | રકમ | મુદત | વ્યાજ દર | મૂકવા તારીખ | પાકતી તારીખ | વટાવ્યા તારીખ | મળવાપાત્ર રકમ | મળેલ રકમ | વટાવવાનું કારણ | રી ફ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૦/૧ | ૬૩૬૪૪ | ૨૦૯૬૬૩૬ | ૧ વર્ષ | ૯.૨૫ | ૫-૫-૦૮ | ૫-૫-૦૯ | ૫-૫-૦૯ | ૨૨૯૭૪૦૬ | ૨૨૯૭૪૦૬ | કોલેજને વ્યાજ મુડી પરત કરવા માટે | |
| ૨ | ૧/૧ | ૧૦૭૯૩૯ | ૨૯૫૪૮૮૪ | ૧ વર્ષ | ૮.૦૦ | ૨૧-૫-૦૯ | ૨૧-૫-૧૦ | ૧૩-૭-૦૯ | ૩૧૯૮૪૬૧ | ૨૯૭૧૩૯૯ | કોલેજને એફ. ડી. વ્યાજ પરત કરવા માટે | |
| ૩ | ૧/૨ | ૦૧૦૦૦૫ | ૧૪૫૬૦૯૦ | ૨૧ માસ | ૧૦.૫૦ | ૧૪-૧૨-૦૮ | ૨૫-૯-૧૦ | ૨૦-૪-૦૯ | ૧૭૫૧૧૮૭ | ૧૪૮૩૩૭૫ | કોલેજને વ્યાજ ચુકવવા માટે | |
| ૪ | ૯/૨ | ૦૦૭૦૪૫૦ ૦૦૭૦૪૬૮ | ૧૫૨૨૮૨૭ ૫૭૯૪ | ૨૧ એમ. | ૭.૨૫ | ૨૫-૮-૦૯ | ૨૫-૮-૧૨ | ૮-૧-૧૦ | ૧૮૮૯૧૩૮ ૭૧૮૮ | ૧૫૪૪૦૦૨ | કોલેજને મુડી વ્યાજ પરત કરવા માટે | |
| ૫ | ૧૦/૨ | ૮૪૯૧૨૯ | ૧૫૦૬૬૩૪ | ૨૬ એમ. | ૮.૦૦ | ૨૫-૮-૦૬ | ૨૫-૮-૦૯ | ૯-૭-૦૯ | ૧૯૧૦૭૭૬ | ૧૭૮૩૯૬૧ | મુડી વ્યાજ વટાવીને કોલેજને પરત કર્યા | |
| ૬ | ૨૧/૨ | ૪૯૮૭૩૯ | ૭૨૦૭૫૦ | ૧ વર્ષ | ૯.૦૦ | ૩૧-૧-૦૯ | ૩૧-૧-૧૦ | ૫-૧૦-૦૯ | ૭૮૭૮૪૦ | ૭૫૦૪૭૨ | મુડી વ્યાજ કોલેજને પરત કરવા માટે | |
| ૭ | [illegible] | ૦૦૦૨ | ૨૦૦૯૩૭૦ | ૧ વર્ષ | ૧૦.૩૦ | ૩૧-૭-૦૮ | ૩૧-૭-૦૯ | ૨૮-૪-૦૯ | ૨૨૨૪૪૮૭ | ૨૧૦૭૭૬૦ | કોલેજ બંધ થવાથી વી. સી. આદેશ થી ડીપોઝીટ, મુડી, વ્યાજ પરત કર્યા. | |

568

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ८ | ७८/२ | 0003 | २००६३७० | १ વર્ષ | १0.30 | ३१-७-०८ | ३१-७-०९ | १-८-०९ | २२२४४८७ | २२२४४८७ | કોલેજ જી. ટી. યુ. માં ટ્રાન્સફર થવાથી એફ. ડી. વટાવીને વ્યાજ મુડી પરત કરી. |
| ९ | ८१/२ | 0005 | २००६३७० | १ વર્ષ | १0.30 | ३१-७-०८ | ३१-७-०९ | २८-४-०९ | २२२४४८७ | २१०७७५० | !! |
| १० | ९५/२ | 0001९ | २००६३७० | १ વર્ષ | १0.30 | ३१-७-०८ | ३१-७-०९ | २८-४-०९ | २२२४४८७ | २१०७७५० | !! |
| ११ | ९७/२ | ३९४५८६ | २०००००० | १ વર્ષ | ११.१० | २५-१०-०८ | २५-१०-०९ | २८-४-०९ | २२२२००० | २०८७६२८ | કોલેજને એફ. ડી. વટાવીને મુડી વ્યાજ ચુકવ્યા |
| १२ | ९७/२ | ३९४५८६ | २०००००० | १ વર્ષ | ११.१० | २५-१०-०८ | २५-१०-०९ | २८-४-०९ | २२२२००० | २०८७६२८ | !! |
| १३ | ९७/२ | ३९४५८६ | २०००००० | १ વર્ષ | ११.१० | २५-१०-०८ | २५-१०-०९ | २८-४-०९ | २२२२००० | २०८७६२८ | !! |
| १४ | ९७/२ | ३९४५८६ | १५००००० | १ વર્ષ | ११.१० | २५-१०-०८ | २५-१०-०९ | २८-४-०९ | १६६६५०० | २०८७६२८ | !! |
| १५ | ९७/२ | ३९४५८६ | २०००००० | १ વર્ષ | ११.१० | २५-१०-०८ | २५-१०-०९ | २८-४-०९ | २२२२००० | २०८७६२८ | !! |
| १६ | ९७/२ | ३९४५८६ | २०००००० | १ વર્ષ | ११.१० | २५-१०-०८ | २५-१०-०९ | २८-४-०९ | २२२२००० | २०८७६२८ | !! |
| १७ | १७ | १०७६४२ | ५४९७५५८ | १ વર્ષ | ८.५० | २०-३-०९ | २०-३-१० | ७-८-०९ | ५९७९९५८ | ५६१९६७२ | વી. સી. આદેશ મુજબ પેમેન્ટ કરવા માટે |

569

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૮ | ૧૯ | ૧૦૭૬૪૩ | ૫૪૯૭૫૫૮ | ૧ વર્ષ | ૮.૫૦ | ૨૦-૩-૦૯ | ૨૦-૩-૧૦ | ૧૦-૯-૦૯ | ૫૯૭૯૯૫૮ | ૫૬૭૯૬૭૨ | !! |
| ૧૯ | ૧૯ | ૧૦૭૬૪૪ | ૫૪૯૭૫૫૮ | ૧ વર્ષ | ૮.૫૦ | ૨૦-૩-૦૯ | ૨૦-૩-૧૦ | ૧૦-૯-૦૯ | ૫૯૭૯૯૫૮ | ૫૬૪૮૨૫૧ | વી. સી. આદેશ મુજબ પેમેન્ટ કરવા માટે |
| ૨૦ | [illegible] | ૩૩૦૫૦૨ | ૫૦૦૦૦૦૦ | ૧ વર્ષ | ૮.૭૫ | ૭-૪-૦૯ | ૭-૪-૧૦ | ૨૪-૪-૦૯ | ૫૪૫૨૦૬૬ | ૫૦૦૮૬૩૦ | !! |
| ૨૧ | [illegible] | ૩૩૦૫૦૫ | ૫૦૦૦૦૦૦ | ૧ વર્ષ | ૮.૭૫ | ૭-૪-૦૯ | ૭-૪-૧૦ | ૨૪-૪-૦૯ | ૫૪૫૨૦૬૬ | ૫૦૦૮૬૩૦ | !! |
| ૨૨ | ૧૯ | ૧૦૭૯૪૧થી ૧૦૭૯૪૪ | ૨૦૦૦૦૦૦૦ | ૧ વર્ષ | ૮.૦૦ | ૨૧-૫-૦૯ | ૨૧-૫-૧૦ | ૧૯-૬-૦૯ | ૨૧૬૪૮૬૪૪ | ૨૦૦૫૩૪૨૪ | !! |
| ૨૩ | ૧૯ | ૧૦૭૯૪૫થી ૧૦૭૯૪૭ | ૧૩૭૩૫૫૪૪ | ૧ વર્ષ | ૮.૦૦ | ૨૧-૫-૦૯ | ૨૧-૫-૧૦ | ૭-૮-૦૯ | ૧૪૮૬૭૭૯૫ | ૧૩૮૬૧૮૯૨ | !! |
| ૨૪ | ૨૦ | ૭૯૨૧૩૬ | ૯૦૦૦૦૦૦ | ૧ વર્ષ | ૭.૦૦ | ૯-૧૦-૦૯ | ૯-૧૦-૧૦ | ૯-૧૦-૦૯ | ૯૬૪૬૭૩ | ૯૦૦૦૦૦૦ | અર્જન્ટ પેમેન્ટ નીકળતાં પેમેન્ટ માટે તરત જ વટાવી દીધી હતી. |
| ૨૫ | [illegible] | [illegible] | ૯૦૦૦૦૦૦ | ૧ વર્ષ | ૭.૦૦ | ૯-૧૦-૦૯ | ૯-૧૦-૧૦ | ૯-૧૦-૦૯ | ૯૬૪૬૭૩ | ૯૦૦૦૦૦૦ | અર્જન્ટ પેમેન્ટ નીકળતાં પેમેન્ટ માટે તરત જ વટાવી દીધી હતી. |
| | | | ૧૦૮૦૨૯૩૧૩ | | | | | | ૧૦૦૭૯૯૦૪૭ | ૧૧૦૭૮૪૩૨૧ | (-) ૯૪૦૩૩૬૭.૦૦ |

570

૬૩/૧

**ફકરા નં. ૧૯**

નાણાંકિય વ્યવહાર સંભાળનાર કર્મચારીઓની જામીનગીરી નહીં લેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટીના કેશ કાઉન્ટરો તથા મુખ્ય હિસાબી શાખાની કેશ શાખાની દફતરની ચકાસણી કરતાં જાણવા મળેલ હતુ કે યુનિવર્સિટીના કેશ કાઉન્ટરોના તથા મુખ્ય કેશીયરનો હવાલો સંભાળનારની કોઇ પણ જામીનગીરી લેવામાં આવેલ ન હતી જે અંગે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

યુનિવર્સિટીના કાર્યાલયમાં જુદા – જુદા કાઉન્ટરો ઉપર થતી કેશ કલેકશન તથા મુખ્ય હિસાબી કાર્યાલયમાં કેશીયર તરીકે ફરજ બજાવનાર કર્મચારી / અધિકારી પાસેથી કેશની કામગીરી સબબ જે તે નાણાંકિય વ્યવહારોના ધોરણે ગુજરાત નાણાંકિય નિયમો – ૧૯૭૧ ના નિયમ – ૧૭૬(૧) ની જોગવાઇ મુજબ નિયત રકમની જામીનગીરી મેળવવી જોઇએ. જે મુજબ યુનિવર્સિટી ખાતે સદરહુ નિયમની જોગવાઇ મુજબની પ્રથા અપનાવવામાં આવેલ નથી. તો ઉકત નિયમમાં કરેલ જોગવાઇ મુજબ યુનિવર્સિટીની રોકડ, સ્ટોર, સ્ટેમ્પ અને વેલ્યુએબલ આર્ટીકલ્સ તથા અન્ય બીજી કોઇ યુનિવર્સિટીની મિલકતો સંભાળવાની જવાબદારી સોંપવામાં આવી હોય તો તેવી કામગીરી સંભાળનાર કર્મચારીઓ પાસેથી જામીનગીરી મેળવી દર વર્ષે આવી જામીનગીરી આપનાર જામીનદારોની હયાતી પણાની અને સધ્ધરતાની ખરાઇ કરવાની રહે છે તો આ પ્રથાનો અમલ તાત્કાલિક ધોરણે કરી થયેલ કાર્યવાહીની ઓડિટ પુર્ણ થતાં સુધી ખાત્રી કરાવેલ નથી.

પ્રા. વાં. નં. ૧૩, તા. ૩-૧૨-૧૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

572

ફકરા નં. ૨૦

કોરી પહોંચબુકોના હિસાબનું દફતર અન્વેષણમાં રજુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદનું સને ૨૦૦૯-૧૦ નું અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટીએ વિદ્યાર્થીઓની ફી પેટે સને ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન પરીક્ષાફીની આવક પેટે રૂ.૭,૫૫,૦૮,૯૯૯.૯૫ પ્રકાશનોની આવક પેટે રૂ.૧,૧૭,૦૬,૫૦૪.૩૦, કોમ્પ્યુટર સેન્ટરની આવક પેટે રૂ.૪,૭૮,૧૨૫.૦૦ તથા અન્ય ફીની આવક પેટે રૂ.૩,૭૮,૭૭,૦૮૪.૦૦ ની કુલ આવક રૂા.૧૨,૫૫,૭૦,૭૧૩.૨૫ મેળવેલ હતી.

આ માટે યુનિવર્સિટી દ્વારા ૬૦ પ્રકારની આવકવાર છાપેલી કિંમતની પહોંચ બુકો ઉપયોગમાં લેવામાં આવેલ છે.

યુનિવર્સિટી દ્વારા છાપેલી પહોંચો દ્વારા ખુબ મોટા પ્રમાણમાં આવક થતી હોઇ આવી કોરી પહોંચબુકોનું સ્ટોક રજિસ્ટર તથા છપાવેલ પહોંચો માટે કરવામાં આવેલ પ્રક્રિયાની ફાઇલો, અગાઉનો જથ્થો, છપાવેલ પહોંચબુકો, વપરાયેલ જથ્થો તથા તેની વિગત તેમજ અન્વેષણ વર્ષના અંતે બાકી રહેલ જથ્થા અંગેનું રજિસ્ટર ઓડિટ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ થયેલ નથી. જેથી વપરાયેલ છપાયેલ પહોંચ જમા લઇ આવક સંસ્થામાંથી ચોપડે જમા થયાની ખરાઇ થઇ શકેલ નથી.

વધુમાં દરેક કાઉન્ટર ઉપર નિભાવવામાં આવતુ પહોંચબુકોનું રજિસ્ટર મળેલ કોરી પહોંચબુકો, દિવસ દરમ્યાન વપરાયેલ પહોંચબુકો તથા દિવસના અંતે બાકી રહેલ કોરી પહોંચબુકોના હિસાબોનું રજિસ્ટર ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી. જેથી રેકર્ડ આધારિત ખાત્રી થઇ શકેલ નથી. આ ગંભીર બાબત છે અનિયમિતતાઓ થવા સંભવ છે વિગતો તૈયાર કરી ચકાસણી સહ રજુ કરવી અને જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૦ નો જવાબ સંસ્થા તરફથી મળેલ નથી

573

ફકરા નં.૨૧

ગુજરાત યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓ પેટે કર્મચારીઓને ચુકવેલ રેમ્યુનરેશન બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ દફતરની ચકાસણી કરતાં પરીક્ષા શાખાએ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ જુદી – જુદી પરીક્ષાઓ અનુસંધાને કર્મચારીઓને નીચેની વિગતે રેમ્યુનરેશન (માનદવેતન) ચુકવેલ છે.

| અ. નં. | પરીક્ષાનો વિભાગ | હિસાબી કોડ | રકમ |
|---|---|---|---|
| ૧ | આર્ટસ | ૩૫૦૧૦૦૦ | ૧,૦૬,૬૯,૫૩૯.૦૦ |
| ૨ | સાયન્સ | ૩૫૦૨૦૦૦ | ૧૫,૮૪,૯૧૯.૦૦ |
| ૩ | મેડીકલ | ૩૫૦૩૦૦૧ | ૪૪,૭૧,૬૬૬.૦૦ |
| ૪ | કાયદા | ૩૫૦૪૦૦૦ | ૨,૭૫,૩૨૭.૦૦ |
| ૫ | કોમર્સ | ૩૫૦૫૦૦૦ | ૯૪,૭૮,૦૦૭.૫૦ |
| ૬ | એન્જિનિયરીંગ | ૩૫૦૬૦૦૦ | ૪૯,૩૧,૫૮૯.૦૦ |
| ૭ | ફાર્મસી | ૩૫૦૭૦૦૦ | ૬,૦૨,૧૪૯.૦૦ |
| ૮ | ડેન્ટીસ્ટ | ૩૫૦૮૦૦૦ | ૧,૭૪,૭૨૧.૦૦ |
| | કૂલ | | ૩,૨૧,૮૭,૯૧૭ |

ઉપરોકત વિગતે કરેલ ખર્ચ બાબતે નીચેની વિગતો રજુ કરવામાં આવેલ નથી.

(૧) તમામ ફેકલ્ટીવાર યુનિવર્સિટીએ અન્વેષણ સમયગાળા દરમ્યાન લીધેલ પરીક્ષાઓની સંખ્યા રેકર્ડ રજુ નહીં થવાને કારણે જાણી શકાયેલ નથી.

(૨) માનદવેતન ચુકવવા બાબતે નક્કી થયેલ ફાયનાન્સ કમિટિની મીનીટ્સ તથા તેના દર, સદર વેતન ચુકવવા માટેના આદેશો સરકારશ્રીએ કરેલ છે કે યુનિવર્સિટીએ નક્કી કરેલ છે તેની વિગતો ઓડિટે રજુ કરવી ઘટે.

(૩) માનદવેતન ચુકવેલ કર્મચારીઓ પાસેથી જે તે સમયે લીધેલ કામગીરીની વિગતો ઓડિટે રજુ થયેલ નથી જેથી કઇ કામગીરી લેવામાં આવેલ છે તે જાણી શકાયેલ નથી. તેમજ કર્મચારીઓને ચુકવેલ માનદવેતનની પહોંચો રજુ થયેલ નથી. જેથી કોને કેટલુ ચુકવણું કરેલ છે તથા જે તે કર્મચારીને જ ચુકવણું થયેલ છે કે કેમ તેની ચકાસણી રેકર્ડ આધારિત થઇ શકેલ નથી. જેથી ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વાં. નં. ૪૬, નો જવાબ ગ્રાહ્ય રાખી શકાય નહિ.

વાંધા હેઠળ રકમ ૨૦૦૯-૧૦ -રૂ.૩,૨૧,૮૭,૯૧૭/-

## ફકરા નં. ૨૨

### યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન ધ્યાને આવેલ હતુ કે ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલ દ્વારા ઠરાવ્યા મુજબ અને ઓર્ડિનન્સ – ૧૫૯ અન્વયે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થી દીઠ એક સત્રના રૂ.૫/- લેખે સ્પોર્ટસ ફી વસુલ મેળવી થયેલ એકત્રિત ભંડોળનો ઉપયોગ યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતી રમત ગમત પ્રવૃત્તિઓના વિકાસ માટે કરવાનો રહે છે આ યોજનાનો અમલ અને ૧૯૮૫-૮૬ ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ હતો. ઓડિટ વર્ષ દરમ્યાન સ્પોર્ટસ ફીના હિસાબોની પરિસ્થિતિ નીચે પ્રમાણે જોવા મળેલ હતી.

| અ.નં. | મુખ્ય સદર : ૭૮૦૨૦૩૬ | ડીપીઇ સ્પોર્ટસ ફી |
|---|---|---|
| | વિગત | ૨૦૦૯-૧૦ |
| ૧ | તા. ૧-૪-૦૯ ની ઉઘડતી | ૨,૦૭,૯૬,૭૫૫.૨૮ |
| ૨ | ઓડિટ વર્ષ દરમ્યાન આવક | ૧૮,૭૯,૬૯૩.૦૦ |
| | કુલ | ૨,૨૬,૭૬,૪૪૮.૨૮ |
| ૩ | ઓડિટ વર્ષ દરમ્યાન ખર્ચ | શૂન્ય |
| ૪ | તા.૩૧-૩-૧૦ ની બંધ સિલક | ૨,૨૬,૭૬,૪૪૮.૨૮ |

ઉપરોકત વિગતો જોતાં સ્પોર્ટસ ફીની આવક - ખર્ચ બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સને ૧૯૮૫-૮૬ થી અમલમાં આવેલ સદરહું યોજનાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓ માટે રમત – ગમતની પ્રવૃત્તિઓના વિકાસ અર્થે નાણાં એકઠાં કરી વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવાનો હતો પરંતુ પ્રતિવર્ષ ફી પેટે મળેલ આવકનો ઉત્તરોત્તર વધારો થવા પામેલ છે. જ્યારે વિકાસની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ હોવાનું જણાતુ નથી. જે આવક બિન ઉપયોગી રહેવા પામેલ જણાય છે અગાઉના વર્ષોમાં પણ આવકમાં સતત વધારો થવા છતા રમત - ગમતની પ્રવૃત્તિઓનો વિકાસ નહીં થવાને કારણે વિદ્યાર્થીઓ મુળભુત હેતુથી વંચીત રહેવા પામેલ છે જે ઉચિત ગણી શકાય નહિં આ બાબતે જવાબદારોથી સ્પષ્ટતા સહ આવી પ્રવૃત્તિઓ કરવા ઓડિટનું સુચન છે

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ દરમ્યાન નોંધાયેલ કોલેજો કુલ ૩૩૩ થયેલ હતી અને તેના નોંધાયેલ વિદ્યાર્થીઓ ૧૯૬૯૫૮ ની સ્પોર્ટસ ફી પેટે રૂ. ૧૦ લેખે રૂા. ૧૯૬૯૫૮૦/- ની રકમ વસુલાત થવી જોઇએ તેને બદલે રૂા. ૧૮૭૯૬૯૩/- રકમ જમા થયેલ હતી જેની વાર્ષિક વસુલાત વસુલાત થવા પામેલ હતી. આમ નિયમોનુસાર કોલેજોએ સ્પોર્ટસ ફી યુનિવર્સિટી ખાતે રૂા. ૮૯૮૮/- નું જમા કરાવેલ જણાતુ નથી તો બાકી ફીની વસુલાત લઇ યુનિવર્સિટી સ્પોર્ટસ ફી ખાતે જમા લઇ ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૩) સ્પોર્ટસ ફીની વસુલાત બાબતે યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોની વિગત સહિત નોંધાયેલા વિદ્યાર્થીઓની વિગતો સાથે કઇ કોલેજના કેટલા વિદ્યાર્થીઓની સ્પોર્ટસ ફી વસુલ લેવાની નિકળે છે તેની તમામ વિગતો ઓડિટે રજુ કરી સત્વરે વસુલાત મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૪) આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રમત - ગમતની પ્રવૃત્તિઓ કરી વિદ્યાર્થીઓના વિકાસ પાછળ ખર્ચ કરવાનો રહે છે જે ઓડિટ વર્ષ દરમ્યાન તેમજ અગાઉના વર્ષોમાં પણ થતો નથી તો સદરહુ ભંડોળનો સદ્ઉપયોગ કરી વિદ્યાર્થીઓના વિકાસની પ્રવૃત્તિઓ થાય તેવાં પગલાં લેવા ઉચ્ચ સ્તરેથી જવાબદારોની સુચના આપી ઘટતી કાર્યવાહી કરવા ઓડિટનું સુચન છે.

(૫) છેલ્લા ત્રણ વર્ષથી રમત - ગમત પ્રવૃત્તિ પાછળ ખર્ચ ન કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૬૦, તા.૪-૧-૧૪ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા. ૮૯૮૮૭/-

(576)

ફકરા નં. ૨૩

ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને નહીં મળવાપાત્ર ઓવર ટાઇમ ભથ્થાની ચુકવણી બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં યુનિવર્સિટી દ્વારા હિસાબી સદર ૩૫૩૨૦૦૭ હેઠળ રૂ.૧૪,૮૮,૫૬૦.૨૩ ખર્ચ પરીક્ષા દરમ્યાનના અધિક સમયના મહેનતાણા પેટે ખર્ચ કરવામાં આવેલ છે.

ચોથા કેન્દ્રિય પગાર પંચની ભલામણો અન્વયે તા.૧-૧-૮૬ થી સ્વીકારેલ આર. ઓ. પી. - ૧૯૮૭ મુજબ ઓવર ટાઇમ ભથ્થુ ચુકવવાની પ્રથા રદ કરેલ છે તે મુજબ સદર ઓવર ટાઇમ ભથ્થુ મળવાપાત્ર થતુ નથી છતાં તેની ચુકવણી કરી ખોટી રીતે ખર્ચ કરવા બદલ સ્પષ્ટતા સહ તા.૧-૧-૮૬ થી આજ દિન સુધી ચુકવેલ ઓવર ટાઇમની વિગતો તૈયાર કરી નિયમો વિરૂધ્ધ કરેલ ચુકવણાથી સંસ્થાને થયેલ નુકસાન અંગેની જવાબદારી નક્કી કરી સંબંધિત તમામ કર્મચારીઓ પાસેથી કરવાપાત્ર થતી વસુલાત તાત્કાલિક ધોરણે કરી ઓડિટને રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી જણાવેલ તેમ છતાં સંસ્થાએ આ બાબતની ખાત્રી કરાવેલ નથી.

સદરહું બાબતે અગાઉના વર્ષોમાં પણ ઓડિટનોંધ આપવામાં આવેલ હોવા છતાં આ પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે તો આ પ્રથા તાત્કાલિક ધોરણે બંધ કરી સંસ્થાને થતા આર્થિક નુકસાનમાંથી બહાર લાવવા માટે જવાબદારો સામે પગલા ભરી સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોક્ત વિગતે ચુકવેલ ઓવર ટાઇમ ભથ્થા બાબતે કુલપતિશ્રીનું અંગત ધ્યાન દોરવામાં આવે છે. તેમજ આ બાબતે નિયમોનુસાર કાર્યવાહી કરી યુનિવર્સિટીને આર્થિક નુકસાનમાંથી બચાવી શકાય તેવી વ્યવસ્થા ગોઠવી ઓડિટને ખાત્રી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ આ બાબતે ખાત્રી કરાવેલ નથી.

પ્રા. વાં. નં. ૨૩ તા.૧૧-૧૨-૧૩ આપેલ વાંધાનો જવાબ મળેલ નથી.

<u>વાંધા હેઠળ</u> - રૂ.૧૪,૮૮,૫૬૦.૨૩

577

ફકરા નં.૨૪

નિયમ વિરૂધ્ધ ખરીદવામાં આવેલ સ્ટેશનરી અને લેખન સામગ્રી બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં ગુજરાત યુનિવર્સિટીના વિવિધ વિભાગો અને ભવનો દ્વારા ઓડિટ વર્ષમાં આ સાથે સામેલ પરિશિષ્ટ – ૭ ની વિગતે રૂ.૭,૧૫,૬૯૬.૨૫ ની ખરીદી કરવામાં આવેલ હતી.

યુનિવર્સિટી ખાતે આવેલ જુદા – જુદા ભવનો તથા વિભાગોને હિસાબી શાખા દ્વારા જરૂરી સ્ટેશનરી તથા લેખન સામગ્રી પુરી પાડવામાં આવતી હોવા છતાં વિભાગો દ્વારા અથવા ભવનો દ્વારા સીધે સીધી જ ખરીદી કરવામાં આવે તે નિયમો વિરૂધ્ધ ગણાવી શકાય જે બાબતે જવાબદારથી સ્પષ્ટતા સહ ખરીદી અંગે મંજુરી મેળવવામાં આવેલ હોયતો મંજુરી આદેશ સહીત ખરીદી માટે યોજવામાં આવેલ પ્રક્રિયા અંગેની નિભાવવામાં આવેલ ફાઇલો માંગવામાં આવેલ પરંતુ ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી. જેથી ચકાસણી થઇ શકેલ નથી. વર્ષ દરમ્યાન સ્ટેશનરીની જરૂરીયાત અને ઉપયોગના વ્યાજબીપણાની વિગતો પણ રજુ કરેલ નથી. આ ઉપરાંત યુનિવર્સિટી દ્વારા રૂ.૨,૧૯,૨૬૮/- નો સ્ટેશનરી પાછળ ભાવો મંગાવી ખર્ચ કરવામાં આવેલ છે આમ કુલ રૂ.૭,૧૫,૬૯૬.૨૫ ની ખરીદી કરેલ છે આમ આટલી મોટી ખરીદી સંયુકત રીતે જાહેરાત આપીને કરવામાં આવેલ હોત તો સંસ્થાને સ્પર્ધાત્મક ભાવોને કારણે વ્યાજબી ભાવથી ખરીદી કરવામાં આવેલ હોત તો વ્યાજબી ભાવથી ખરીદી થઇ શકેલ હોત અને સંસ્થાને આર્થિક લાભ મળી શકેલ હોત.

આમ ખરીદીની નિયમોનુસારની પધ્ધતિ નહીં અપનાવવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થયેલ નથી અને પ્રથાનો અમલ શરૂ કરવા ઓડિટનું સુચન છે.

ઉકત બાબતે સ્પષ્ટતા થતા સુધી નિયમ વિરૂધ્ધ ખરીદેલ સ્ટેશનરી અને લેખન સામગ્રીની રકમ રૂા.૭,૧૫,૬૯૬.૨૫/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વાં. નં. ૩૩, જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

<u>વાંધા હેઠળ રકમ</u>

સને ૨૦૦૯-૧૦ – રૂા.૭,૧૫,૬૯૬.૨૫/-

5184

## પરિશિષ્ટ – ૭

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન એસ્ટેટ વિભાગની મંજુરી વગર સંબંધિત વિભાગો દ્વારા ખરીદવામાં આવેલ લેખન સામગ્રી / સ્ટેશનરીની વિગત દર્શાવતું

પત્રક

| અ. નં. | વિભાગ / ભવનનું નામ | રકમ |
|---|---|---|
| ૧ | છાત્રાલયો | ૧૭૨૧ |
| ૨ | ગ્રંથાલય | ૨૮૦૫૫ |
| ૩ | સમાજવિદ્યા ભવન | ૫૪૭૬ |
| ૪ | ભાષા સાહિત્ય ભવન | ૮૪૪૧ |
| ૫ | મનો વિજ્ઞાન, તત્વજ્ઞાન અને શિક્ષણ શાસ્ત્ર વિદ્યા ભવન | ૧૪૪૭ |
| ૬ | વિજ્ઞાન વિદ્યા ભવન | ૧૨૨૭૭ |
| ૭ | વાણિજય વિદ્યા ભવન | ૧૪૫૨ |
| ૮ | સ્કુલ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ | ૬૦૦ |
| ૯ | કાયદા શાસ્ત્ર ભવન | ૩૧૭૧ |
| ૧૦ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન | ૨૨૮૧ |
| ૧૧ | કોમ્પ્યુટર સેન્ટર (કોમ્પ્યુટર સ્ટેશનરી) | ૩૩૯૪.૭૫ |
| ૧૨ | એચ. કે. પ્રોફેશનલ તાલીમ સેન્ટર | ૬૧૬.૫૦ |
| ૧૩ | ડેવલપમેન્ટ કોમ્પ્યુનીકેશન | ૧૬૨૩૬ |
| ૧૪ | પત્રકારત્વ વિભાગ | ૫૨૮ |
| | કુલ | ૭૧૫૬૯૬.૨૫ |

ફકરા નં. ૨૫

ખાનગી પેઢીઓની ચુકવેલ ઓન એકાઉન્ટ રકમના હિસાબો બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષના હિસાબોની ચકાસણી કરતાં જણાયેલ છે કે યુનિવર્સિટી દ્વારા જુદી – જુદી પેઢીઓને ચીજ વસ્તુઓ, સાધન સામગ્રીની ખરીદી પેટે કોઇ સેવા પુરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ "ઓન એકાઉન્ટ" મુજબ ચુકવણું કરવામાં આવેલ હતુ. પરંતુ આ પ્રકારે આપેલ રકમોના હિસાબો જે તે નાણાંકિય વર્ષમાં સરભર કરવામાં આવેલ નથી અને સામેલ પરિશિષ્ટ – ૮ ની વિગતે ઘણો લાંબો સમય વ્યતિત થવા છતાં આવી રકમો સરભર થયેલ નથી.

પેઢીઓ પાસેથી માલ – સામાન કે કોઇપણ પ્રકારની સેવા મેળવ્યા અગાઉ એડવાન્સ રજિસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય " ઓન એકાઉન્ટ" ચુકવણું કયા આધારે કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા થવી ઘટે.

ખરીદ પધ્ધતિ મુજબ કોઇપણ પેઢી / વેપારી પાસેથી માલ સામાન ખરીદી અંગેના કે તેની પાસેથી લીધેલ કોઇપણ પ્રકારની સેવાના બીલો રજુ થયા બાદ જ જે તે સદરે ખર્ચ પાડી ચુકવણું કરી શકાય આમ, ખાસ જોગવાઇના આધારે કે પેઢી સાથે કરાર કરવામાં આવેલ હોય તો પણ નાણાંકીય નિયમોને આધિન એડવાન્સ રકમ ચુકવી શકાય નહીં તેમ છતાં કોઇ સંજોગોમાં એડવાન્સ રકમ ચુકવ્યા સિવાય ખરીદી કે સેવા શક્ય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજિસ્ટરે નોંધ કરી જયારે જયારે તે અંગેના બીલો રજુ કરવામાં આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમમાંથી સરભર કરવાની રહે જે પ્રથાનું યુનિવર્સિટી ખાતે પાલન થતુ નથી અને "ઓન એકાઉન્ટ" રકમ આપવાના કારણે સીધુ ખર્ચ જે તે સદરે પડવાથી ગંભીર ગેરરીતી થવાનો પુરેપુરી સંભાવના રહેલ છે તો આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે યુનિવર્સિટી દ્વારા શુ પગલાં લીધેલ છે તે અંગે ઓડિટને ખાત્રી કરાવવી ઘટે. અગાઉના અન્વેષણમાં પણ આ બાબતે ધ્યાન દોરવા છતાં પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે જે ઉચિત નથી. આ પ્રથા સત્વરે સદંતર બંધ કરવા ઓડિટનું સુચન છે.

આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ રકમ રૂ.૩૬,૮૧,૭૦૬.૪૨ ની ઓન એકાઉન્ટ કરેલ ચુકવણા સંદર્ભે ઘણા લાંબા સમયથી હિસાબો સરભર થયેલ નથી જે બાબતે ઘટતી કાર્યવાહી કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોકત બાબતે સ્પષ્ટતા થતાં સુધી કુલ રકમ રૂ.૩૬,૮૧,૭૦૬.૪૨ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વા. નં. ૧૨૭, નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ સને ૨૦૦૮-૦૯ - રૂ.૩૬,૮૧,૭૦૬.૪૨

# પરિશિષ્ટ – ૮

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા ચુકવેલ પાર્ટી ઓન એકાઉન્ટની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | વિગત | વા. નં. તારીખ | કોડ નંબર | ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|---|
| ૧ | ગુજ. યુનિ. કન્ઝયુમર સ્ટોર્સ | ૩૧-૩-૦૮ | ૯૩૩૧૧૨૨ | ૨૨,૬૭,૬૧૪.૨૦ |
| ૨ | કે. કપુર | ૧-૪-૦૬ | ૯૩૩૧૨૦૨ | ૬,૨૧,૬૪૩.૩૨ |
| ૩ | સી. એમ. સી. લીમીટેડ | ૧-૪-૯૨ | ૯૩૩૧૨૧૦ | ૧,૩૨,૧૩૨.૦૦ |
| ૪ | એ. આઇ. યુ. કોન્ફરન્સ | ૧-૪-૯૪ | ૯૩૩૧૨૧૩ | ૨૩,૬૪૬.૯૦ |
| ૫ | પી. એમ. પુરોહિત | ૧-૪-૦૩ | ૯૩૫૧૦૦૯ | ૬,૦૫,૪૨૦.૦૦ |
| ૬ | ઉમેશ ગોર | ૧-૪-૯૭ | ૯૩૫૧૦૧૧ | ૨૦,૦૦૦.૦૦ |
| ૭ | એસોસીએટેડ પેટ્રોલીયમ કોર્પોરેશન | ૧-૪-૯૭ | ૯૩૫૧૦૧૨ | ૧૧,૨૫૦.૦૦ |
| | કૂલ | | | ૩૬,૮૧,૭૦૬.૪૨ |

૬૯૧

ફકરા નં. ૨૬

ટુંકા ગાળાની લોન સને પેશગીઓની વસુલાતમાં જણાયેલી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન ઓડિટે રજુ થયેલ ટુંકા ગાળાની લોન અને પેગશીઓના હિસાબી રજિસ્ટરોની વાર્ષિક હિસાબો તેમજ લેઝરની સાથે ખરાઇ કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ – ૯ ની વિગતે તેમજ <u>તા.૩૧-૩-૧૦</u> ના રોજ રૂ.૮,૦૦,૦૭૩.૭૭ ની બાકી વસુલાત રહે છે.

**જે બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.**

(૧) ઉકત ટુંકા ગાળાની લોન પેશગીઓના વસુલાત રજિસ્ટરે નાણાંકિય વર્ષ મુજબ સરવાળો કરી હિસાબમેળ કરવામાં આવેલ નથી પરિણામે બાકી વસુલાતની રકમ તેમજ બાકી દર કર્મચારીઓની વિગતો જાણી શકાયેલ નથી તો સદરહું રજિસ્ટરોમાં નાણાંકિય વર્ષ મુજબ વસુલાતની વિગતો નોંધી વર્ષના અંતે બાકી વસુલાત દર્શાવી જરૂરી હિસાબ મેળ કરી ઓડિટે અદ્યતન રજિસ્ટર તૈયાર કરી રજુ કરેલ નથી.

(૨) સદરહુ એડવાન્સ પૈકી એલ. ટી. સી. એડવાન્સના કિસ્સાઓમાં નિયત સમય મર્યાદામાં હિસાબો સરભર થતા નહીં હોવાને કારણે રકમો આગળ ખેંચાય છે તેવા કિસ્સાઓમાં વ્યાજની વસુલાત કરવાની કાર્યવાહી કરી ઓડિટે ખાત્રી કરાવવા જણાવેલ તેમ છતાં સંસ્થાએ આ બાબતે ખાત્રી કરાવેલ નથી.

(૩) વાહન લોન / સ્પે. લોનના કિસ્સાઓમાં નિયમોનુસાર નિયત થયેલ વ્યાજ વસુલ કરવામાં આવે છે કે કેમ? તે અંગે તેમજ કયા દરે વ્યાજ લેવામાં આવેલ છે અને કુલ કેટલુ વ્યાજ વસુલ કરેલ છે તેની વિગતો સહીતની ઓડિટે રેકર્ડ આધારિત ખાત્રી કરાવેલ નથી.

પ્રા. વાં. નં. ૩૫, તા.૧૮-૧૨-૧૩ નો સંસ્થાએ આપેલ નથી.

<u>વસુલાતપાત્ર</u>

સને ૨૦૦૯-૧૦ રૂ.૮,૦૦,૦૭૩.૭૭

# પરિશિષ્ટ -૯

## ગુજરાત યુનિવર્સિટી અન્વેષણ વર્ષ ૨૦૦૯-૧૦ દરમ્યાન લોન પેશગીઓની બાકી વસુલાતની વિગત દર્શાવતુ પત્રક

| અ. નં. | વિગત | પેશગી ચુકવ્યા તારીખ | સને ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| જનરલ ફંડ | | | |
| ૧ | દિવાળી એડવાન્સ | ૧-૦૪-૦૯ પહેલાની | ૨,૧૩,૦૪૫.૭૦ |
| ૨ | અનાજ એડવાન્સ | ૧-૦૪-૦૯ પહેલાની | ૨,૦૯,૮૮૬.૯૧ |
| ૩ | વ્હીકલ એડવાન્સ | ૧-૦૪-૦૯ પહેલાની | ૩૫,૬૬૧.૦૦ |
| ૪ | સ્પે. લોન | ૧-૦૪-૦૮ પહેલાની | ૭૭,૭૫૯.૦૦ |
| ૫ | એલ. ટી. સી. એડવાન્સ | ૧-૦૪-૦૮ પહેલાની | ૭૮,૦૯૬.૭૫ |
| યુનિવર્સિટી પ્રેસ | | | |
| ૧ | દિવાળી એડવાન્સ | ૧-૦૪-૦૯ પહેલાની | ૪૯,૩૩૭.૮૦ |
| ૨ | અનાજ એડવાન્સ | ૧-૦૪-૦૯ પહેલાની | ૩૬,૬૫૮.૬૦ |
| ૩ | વ્હીકલ એડવાન્સ | ૧-૦૪-૦૯ પહેલાની | ૭૪,૧૬૫.૫૦ |
| ૪ | સ્પે. લોન | ૧-૦૪-૦૯ પહેલાની | |
| ૫ | એલ. ટી. સી. એડવાન્સ | ૧-૦૪-૦૧ થી ચુકવેલ | ૨૫,૪૬૩.૪૦ |
| | કુલ | | ૮,૦૦,૦૭૩.૭૬ |

ફકરા નં. ૨૭



યુનિવર્સિટી દ્વારા શિક્ષણ અને સંશોધન પાછળ અંદાજ કરતાં ઓછો ખર્ચ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન સંસ્થાએ રજુ કરેલ અંદાજપત્ર તથા વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં યુનિવર્સિટી દ્વારા શિક્ષણ અને સંશોધન પાછળ અંદાજપત્રમાં કરેલ જોગવાઇ તથા કરેલ ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે.

| અ. નં. | વર્ષ | અંદાજપત્રમાં કરેલ જોગવાઇ | ખરેખર કરેલ ખર્ચ | ઓછો ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૪૪,૮૯,૫૮,૫૦૦ | ૪૧,૪૨,૮૩,૪૪૦ | ૩,૪૬,૭૫,૦૫૯.૮૫ |

આમ, અંદાજપત્રમાં કરેલ જોગવાઇ કરતાં **<u>સને ૨૦૦૯-૧૦</u>** માં રૂ.૩,૪૬,૭૫,૦૫૯.૮૫ નો ઓછો ખર્ચ કરેલ છે. જે જોતાં વિદ્યાર્થીઓ સંશોધનની પ્રવૃત્તિને વેગ આપવા માટેના લાભથી ઘણા વંચીત રહેલ છે જો બજેટમાં કરેલ જોગવાઇ મુજબ ખર્ચ કરવામાં આવેલ હોતતો વિદ્યાર્થીઓ વધુ જાણકારી તથા નવી માહિતિ મેળવી શકેલ હોત તેમજ આગામી પેઢીને પણ ફાયદો થાત. આમ, અંદાજપત્રમાં કરેલ જોગવાઇ કરતાં ઓછો ખર્ચ કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા સહ આધારિત ખાત્રી કરાવવા જણાવેલ હતુ તેમ છતાં સંસ્થા દ્વારા આ બાબતે ખાત્રી કરાવેલ નથી.

પ્રા. વાં. નં. ૮ નો જવાબ સંસ્થાએ આપેલ છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૬૪૫)

## ફકરા નં. ૨૮

બેંક મેળવણા પત્રક અને બેંક સિલકની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના વાર્ષિક હિસાબ મુજબ કુલ – ૧૨ બેંકોમાં ખાતાઓ છે અને તેની સિલકની માહિતિ આ સાથે સામેલ પરિશિષ્ટ – ૧૦ માં દર્શાવવામાં આવેલ છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

તેજ પ્રકારે સને ૨૦૦૯-૧૦ ના વર્ષમાં તા.૩૧-૩-૧૦ ના રોજ સ્ટેટબેંક ઓફ ઇન્ડિયા ખાતે રૂ.૭,૭૮૪.૨૯ બેંક ઓફ ઇન્ડિયા જનરલ ફંડ ખાતે રૂ.૧,૯૯૩.૫૧ તેમજ સ્ટેટબેંક ઓફ ઇન્ડિયા યુનિવર્સિટી બ્રાન્ચ ખાતે રૂ.૧,૭૯,૫૫,૮૩૯.૭૫ મળી કુલ રૂ.૧,૭૯,૬૫,૬૧૭.૭૫ ની જમા બાકી રહેવા પામેલ છે જેનો અર્થ એ છે કે યુનિવર્સિટી દ્વારા સિલક કરતાં વધુ રકમના ચેકો લખવામાં આવેલ છે અને યુનિવર્સિટીના હિસાબ મુજબ ઓવર ડ્રાફટ થયેલ છે તો કયા કારણોસર સિલક કરતાં વધુ રકમના ચેકો લખવામાં આવેલ છે તેની આધારસહ સ્પષ્ટતા પ્રા. વાં. નં. ૩૯, તા.૧-૧-૧૪ થી માંગેલ જેમાં સંસ્થાએ તા. ૧૦-૩-૨૦૧૪ ના જવાબમાં એસ. બી. આઇ. જી. એફ. ખાતેની રકમ રૂા.૭,૭૮૪.૨૯ ની અસર વાઉચર નં. ૬૫૭૬ થી તા. ૩૧-૧-૧૧ બેંક ઓફ ઇન્ડિયા જનરલ ફંડ ખાતેની રકમ રૂા. ૧૯૯૩.૫૧ ની અસર વાઉચર નં. ૬૫૭૬, તા.૩૧-૧-૧૧ થી સને ૨૦૧૦-૧૧ ના હિસાબોમાં અસર આપવામાં આવેલ છે પરંતુ સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, યુનિવર્સિટી બ્રાન્ચની રકમ રૂા. ૧,૭૯,૫૫,૮૩૯.૭૫ અંગે કેશબુકની બંધસિલકે હોવાની સ્પષ્ટતા કરવામાં આવેલ છે પરંતુ સ્ટેટ બેંક યુનિવર્સિટી બ્રાન્ચની બંધ સિલક રૂા.૨,૫૫,૧૩,૪૭૩.૦૬ હોઇ કેશબુક તથા બેંક વચ્ચે આવતા રૂા. ૭૫,૫૭,૬૩૩.૩૧ તફાવત બાબતે કોઇ સ્પષ્ટતા કરેલ ન હતી.

વધુમાં નીચે જણાવેલ બેંકમાં ઉધાર બાકી બોલતી રકમો અંગે બેંકમાંથી સ્ટેટમેન્ટ મંગાવેલ છે આવેથી રજુ કરવામાં આવશે. તેવો વચગાળાનો જવાબ કરેલ છે. જે સ્પષ્ટતા થતાં સુધી ફકરો ચાલુ રાખવામાં આવે છે.

| અ. નં. | બેંક / બ્રાંચ | કયારથી ખોલેલ છે | કોડ નંબર | વાર્ષિક હિસાબ મુજબ ઉધાર બાકી રકમ | સંસ્થાનો જવાબ |
|---|---|---|---|---|---|
| ૧ | ઇ.આર.ડી.ઓ. એસ. બી. આઇ. | ૧-૪-૧૦ | ૯૪૦૫૦૧૨ | ૨૩,૨૬,૭૬૦.૯૨ | ૨૦૧૦-૧૧ ના વા ન ૩૬૫, તા. ૨૦-૬-૧૦ થી અસર આપી ખાતું મેળવેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | એસ.બી.આઇ. બી.એ.બી.એડ | ૧-૪-૦૫ | ૯૪૦૫૦૧૪ | ૮૫,૧૧,૨૩૫.૦૦ | બેંકમાંથી સ્ટેટમેન્ટ મળેલ નથી. આવેથી રજુ કરવામાં આવશે. |
| ૩ | એસ. બી. આઇ. લાયબ્રેરી | ૧-૪-૦૬ | ૯૪૦૫૦૦૩ | ૪૬૯૯.૩૪ | -----સદર--- |
| ૪ | બેંક ઑફ બરોડા | ૧-૪-૮૬ | ૯૪૦૫૦૦૫ | ૪૮૩.૦૩ | -----સદર--- |
| ૫ | એસ. બી. આઇ. ગ્રાન્ટ એકાઉન્ટ | ૧-૪-૧૦ | ૯૪૦૫૦૦૯ | ૯૧૯૨૨૫૯.૯૧ | ભવનમાંથી વિગત આવે સરભર થાય તેમ છે. |
| ૬ | પી. જી. મેડીકલ | ૧-૪-૯૦ | ૯૪૦૫૦૧૦ | ૧૦૦.૦૦ | વા. નં. ૬૫૭૬ તા.૩૧-૧-૧૧ થી સરભર કરેલ છે. |
| ૭ | પી. જી. મેડીકલ | ૧-૪-૯૦ | ૯૪૦૫૦૧૧ | ૧૦૦.૦૦ | વા. નં. ૬૫૭૬ તા. ૩૧-૧-૧૧ થી સરભર કરેલ છે. |
| ૮ | બેંક ઓફ ઇન્ડિયા ગુજ. યુનિ. બ્રાંચ | ૧-૪-૦૫ | ૯૪૦૫૦૧૪ | ૧૦૦૦૦.૦૦ | બેંકમાંથી સ્ટેટમેન્ટ મંગાવી યોગ્ય કાર્યવાહી કરી જણાવશું. |

આમ ઉક્ત ૧ થી ૮ ની માહિતી સંસ્થા તરફ મળેલ ન હોઇ, બેંક રીકન્સીલેશન નિયમિત ન થતું હોઇ તેમ પ્રસ્થાપિત થતુ હોઇ જવાબદારોની જવાબદારી નક્કી કરી ઉક્ત વિગતોએ આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

## પરિશિષ્ટ – ૧૦

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના તા.૩૧-૩-૧૦ ના રોજ ટ્રાયલ બેલેન્સ મુજબ બેંકની સિલક દર્શાવતું પરિશિષ્ટ

| અ. નં. | બેંકનું નામ | તા. ૩૧-૩-૧૦ ના રોજ ઉધાર સિલક રૂપિયા | તા. ૩૧-૩-૧૦ ના રોજ જમા સિલક રૂપિયા |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા જી. એફ. | ------ | ૭,૭૮૪.૨૯ |
| ૨ | [illegible] એફ. એસ. બી. આઇ. | ૨,૩૨,૨૬,૭૬૦.૯૨ | ------ |
| ૩ | એસ. બી. આઇ. યુનિ. Bed Admi. | ૮૫,૧૧,૨૩૫.00 | ------ |
| ૪ | એસ. બી. આઇ. બ્રાન્ચ લાઇબ્રેરી | ૪,૬૯૯.૩૪ | ------ |
| ૫ | ગુજ. યુનિ. સ્પોર્ટ્સ એકાઉન્ટ | ------ | ------ |
| ૬ | બેંક ઓફ ઇન્ડિયા જી. એફ. | ------ | ૧,૯૯૩.૫૧ |
| ૭ | બેંક ઓફ બરોડા જી. એફ. | ૪૮૩.03 | ------ |
| ૮ | એસ. બી. આઇ. યુનિ. બ્રાન્ચ | ------ | ૧,૭૯,૫૫,૮૩૯.૭૫ |
| ૯ | એસ. બી. આઇ. ગ્રાન્ટ એકાઉન્ટ | ૯,૧૯,૨૫૯.૯૧ | ------ |
| ૧૦ | પી. જી. ફી બી જે. મેડીકલ | ૧૦૦.00 | ------ |
| ૧૧ | પી. જી. ફી વી એસ. હોસ્પીટલ | ૧૦૦.00 | ------ |
| ૧૨ | [illegible] રજીસ્ટ્રાર ગુજ. યુનિ. એકા. | ૧૦,૦૦૦.00 | ------ |
| કુલ | | ૪,૦૯,૪૫,૬૩૮.૪૦ | ૧,૭૯,૬૫,૬૧૭.૫૫ |

૬૬

| | |
|---|---|
| તફાવત | |
| ઉધાર બાકી | ૪,૦૯,૪૫,૬૩૮.૨૦ |
| જમા બાકી | ૧,૭૯,૬૫,૬૧૭.૫૫ |
| વાર્ષિક હિસાબ મુજબ ખર્ચ પત્ર | ૨,૨૯,૮૦,૦૨૦.૬૫ |

585

(૬૬૬)

ફકરા નં.૨૯

આઇ. એ. એસ. ટ્રેનીંગ સેન્ટર પાછળ કરેલ ખર્ચની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન આઇ. એ. એસ. તાલીમ કેન્દ્રના રેકર્ડની માંગણી કરતાં સદરહું તાલીમ કેન્દ્ર ઘણા સમયથી બંધ હોવાનું જાણવા મળેલ છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉપરોકત વિગતે જાણવા મળ્યા મુજબ આઇ. એ. એસ. તાલીમ કેન્દ્ર ઘણા લાંબા સમયથી બંધ છે તો સદર તાલીમ કેન્દ્ર કેટલા સમયથી અને કયા કારણોસર બંધ પડેલ છે તેની વિગતવાર માહિતિ ઓડિટે રજુ કરવામાં આવેલ નથી.

(૨) તાલીમ કેન્દ્ર બંધ પડયા પછી આજ દિન સુધી તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કઇ કઇ વિગતે કરવામાં આવેલ છે તેની વર્ષવાર સમગ્ર વિગતો ઓડિટને પુંરી પાડવામાં આવેલ નથી.

(૩) તાલીમ કેન્દ્ર ચાલુ કરવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ? તેમજ તાલીમ કેન્દ્ર ચાલુ નહિ કરવાના કારણો જણાવી તેને સત્વરે ચાલુ કરવા ઓડિટનું સુચન છે જેથી જરૂરીયાત મંદ વિદ્યાર્થીઓને તેનો લાભ મળી શકે.

(૪) સદર તાલીમ કેન્દ્ર બંધ હોવા છતાં સને ૨૦૦૯-૧૦ દરમ્યાન નીચેની વિગતે ખર્ચ કરવામાં આવેલ છે.

| અ. નં. | વિગત | ખર્ચનું સદર | સને ૨૦૦૯-૧૦ |
|---|---|---|---|
| ૧ | પગાર | ૨૫૨૨૦૦૧ | ૩૬૮૦૬૦.૦૦ |
| ૨ | ડી. એ. | ૨૫૨૩૦૦૧ | ૧૭૩૪૬૬.૦૦ |
| ૩ | એચ. આર. એ. | ૨૫૨૩૦૦૨ | ૩૯૮૯૯.૨૫ |
| ૪ | સી. એલ. એ. | ૨૫૨૩૦૦૩ | ૬૦૮૦.૦૦ |
| ૫ | અધર | ૨૫૨૩૦૦૪ | ૪૪૧૬૫૦.૫૦ |
| ૬ | ટેલિફોન | ૨૫૩૬૦૦૦ | ૧૫૫૮૩.૦૦ |
| ૭ | ઇલે. એકસ્પેન્ડીચર | ૨૫૪૩૦૦૦ | ---- |
| ૮ | બોનસ | ૨૫૯૧૦૦૦ | ૪,૯૩૪.૦૦ |
| | કુલ | | ૧૦૪૯૬૭૨.૭૫ |

આમ સમગ્ર રીતે જોતાં અન્વેષણ સમયગાળા દરમ્યાન તાલીમ કેન્દ્ર બંધ હોવા છતા કુલ રૂ ૧૦,૪૯,૬૭૨.૭૫ ના ખર્ચ કરવામાં આવેલ છે આમ તાલીમ કેન્દ્ર બંધ હોવાથી જરૂરીયાત

(૬૪૧)

વાળા વિદ્યાર્થીઓને લાભ નહી મળવા છતાં ખર્ચ કરવા સબબ સ્પષ્ટતા સહ ખાત્રી કરાવવી ઘટે તેમજ વહેલી તકે તાલીમ કેન્દ્ર શરૂ કરવા ઓડિટનું સુચન છે.

ઉપરોકત વિગતે ખાત્રી કરાવતાં સુધી કરેલ તમામ ખર્ચ રૂ.૧૦,૪૯,૬૭૨.૭૫ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રા. વા. નં. ૫૪, નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

<u>વાંધા હેઠળ રકમ</u>

સને ૨૦૦૯-૧૦ રૂ.૧૦,૪૯,૬૭૨.૭૫/-

(590)

## ફકરા નં. ૩૦

કેમ્પસમાંની મેસો ચલાવવાના થયેલ કરારોમાં જોવા મળેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન કેમ્પસમાં કુલ ત્રણ મેસ ચલાવવામાં આવતી હતી. જેમાં એક મેસ લેડીઝ હોસ્ટેલમાં અને બાકીની બે મેસો બોયઝ હોસ્ટેલ ખાતે ચલાવવામાં આવતી હતી. આ મેસો સંબંધિત ઇજારદારોને મેસ ચલાવવા ક્યા નંબર તારીખ થી કોના આદેશથી ચલાવવા આપેલ છે તેના આધારો સંસ્થા પાસેથી માંગવામાં આવેલ હતાં. જેના અનુસંધાને પ્રાથમિક વાંધા નં. ૮૧ તા. ૧-૨-૧૪ ના જવાબમાં સંસ્થાના વોર્ડન દ્વારા તા.૩૦-૧૧-૦૬ ના પત્રથી કુલપતિશ્રી અને રજીસ્ટ્રારશ્રીની સીડી મેસના કરાર માટે લેખિતમાં મંજુરી માંગેલ હતી પરંતુ તેઓશ્રીની મૌખિક સૂચનાઓ આપેલ તે મુજબ કરાર કરવામાં આવેલ છે તેમ જવાબમાં જણાવેલ હતું. આમ મેસ સંસ્થામાં શરૂ થયા તારીખથી તા. ૩૦-૧૧-૦૬ સુધી મેસ ચલાવવા માટે ઇજારદાર સાથે કરાર કરવાની પ્રથા અમલી બની તે માટે કુલપતિશ્રી તથા રજીસ્ટ્રારશ્રીની મૌખિક સુચના મેળવલ હતી લેખિતમાં આવો કોઇ આદેશો આપવામાં આવેલ નથી તેમ સંસ્થા ઉક્ત પ્રાથમિક વાંધા નં. ૮૧ ના આપેલ જવાબથી પ્રસ્થાપિત થાય છે. સંસ્થા જ્યારે પોતાના કેમ્પસ કોઇ ખાનગી ઇજારદારને પોતાની મિલ્કત વાપરવા આપે ત્યારે સંસ્થાએ પોતાની ફાઇનાન્સ કમીટી, સેનેટ વગેરે ચલન ઓથોરીટી પાસે તેની અનુમતિ મેળવી જરૂરી હોય તેમ ઓડિટનું માનવું છે જેથી સંબંધિત દ્વારા પોતાની મિલ્કત ખાનગી ઇજારદારોને વાપરવા આપતા પહેલા લેખિતમાં મંજુરી આપવાની પ્રથા અમલી બનવવાનું ઓડીટનું સૂચન છે જેથી ભવિષ્યમાં ઉકત મેસોના કબજેદાર ઇજારદારો પાસેથી મિલ્કત ખાલી કરાવવા માટે કાયદાકીય પ્રશ્નો ઉદભવે નહી તે બાબતને ધ્યાને લેવી જરૂરી હતી.

લેડીઝ હોસ્ટેલ અને બોઇઝ હોસ્ટેલની સી. ડી. મેસ સાથે સંસ્થા વતી ચીફ વોર્ડન દ્વારા રૂ.૧૦૦/- સ્ટેમ્પ ઉપર ઇજારદારો સાથે મેસ ચલાવવા અંગેના કરારો કરવામાં આવેલ હતાં. કરારની શરત નંબર - ૪ મુજબ સર્વિસ ચાર્જ પેટે માસિક રૂ.૧૦૦૦/- મકાન ઘસારા નો માસિક રૂ.૧૫૦૦/- વાસણોના ઘસારા પેટે માસિક રૂ. ૨૫૦૦/- અને ફર્નીચરના ઘસારા પેટે માસિક રૂ.૧૫૦૦/- લેવાનો કરારમાં જોગવાઇ કરવામાં આવેલ હતી. શરત નં. ૮ અને ૧૪ મુજબ ભોજનની ગુણવત્તા સંબંધિત જોગવાઇ કરેલ અને તેમાં ઇજારદાર નિષ્ફળ જાય તો રૂ.૫૦,૦૦૦/- સુધીનો દંડ કરવાની જોગવાઇ કરવામાં આવેલ હતી. શરત નં ૧૫ મુજબ કાયદાકીય જોગવાઇ મુજબ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ ગુજરાત સરકાર દ્વારા નક્કી કરેલા નીતિ - નિયમો અનુસાર હેલ્થ ખાતાનુ લાઇસન્સ મેળવવાની જોગવાઇ કરવામાં આવેલ હતી.

(591)

કરાર કરવામાં આવેલ હોવા છતાં ચીફ વોર્ડન દ્વારા તા. ૧૨-૨-૦૯ ની નોંધ મુકી લેડીઝ હોસ્ટેલ અને બોઇઝ હોસ્ટેલની સીડી મેસના ઇજારદારો દ્વારા ભાવવધારો માંગેલ હોઇ વિદ્યાર્થીઓના હિતમાં કોઇ ભાડુ ન લેવું તેવા આદેશો નોંધ કુલ સચિવ મેળવેલ હતાં પરંતુ સંસ્થામાં ચાલતી ત્રીજી એ. બી. મેસના ઇજારદારને મેસ ચલાવવા માટે પહોંચ નં. ૧૧૧૫૨, તા. ૫-૧૦-૦૯ થી રૂા.૫૦,૦૦૦/- એડવાન્સ સંસ્થામાં જમા કરાવી દર માસે એ. બી. મેસ પાસે માસિક રૂા.૧૦૦૦/- સર્વીસ ચાર્જ અને રૂા.૧૫૦૦ મકાન ઘસારા પેટે કુલ રૂા. ૨૫૦૦/- લેખે તા.૧-૯-૦૯ થી સંસ્થાએ પ્રાથમિક વાંધા નં. ૮૧ ના જવાબ આપ્યો તા. ૧૭-૨-૧૪ દરમ્યાન નિયમિત રીતે રૂા. ૨૫૦૦/- લેખે એ. બી. મેસ પાસેથી મકાનઘસારા અને સર્વીસ ચાર્જ પેટે રૂા. ૨૫૦૦/- વસુલ કરેલ હતાં.

આમ એક જ સંસ્થામાં ત્રણ મેસો ચાલતી હોવા છતાં બે મેસો પાસે ડીપોઝીટ અને સર્વીસ ચાર્જ મકાન ઘસારાની કોઇ રકમ વસુલાત ન કરવી અને સંસ્થામાં ચાલતી ત્રીજી મેસ પાસે ડીપોઝીટ, સર્વીસ ચાર્જ અને મકાન ઘસારાની રકમ વસુલાત કરવી તે બાબત નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતનો ભંગ થતો હોઇ સંસ્થાએ આપેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ ન હોઇ ફકરો ચાલું રાખવામાં આવે છે.

**ફકરા નં. ૩૧(૧)**

પ્રકાશન વિભાગના રજિસ્ટરો ચકાસતાં જોવા મળેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ અન્વેષણ દરમિયાન પ્રકાશન શાખાના વર્કબુક તથા પરીક્ષાફોર્મ રજીસ્ટરની ચકાસણી કરતાં પરિશિષ્ટ - ૧૧(૧) ની વિગતે એમ. એસ. સી. આઇ. ના ફોર્મ તા. ૧-૪-૦૯ ના રોજ ઉ.સિલક ૨૮૩૮ હતી. જેની છાપેલ કિંમત રૂા. ૨૫/- હતી. તા. ૧-૪-૦૯ થી ૫-૧-૧૦ દરમિયાન રજીસ્ટરની વિગતે કુલ ૧૦૨૩ ફોર્મનું વેચાણ થયેલ હતુ. જુના સ્ટોકમાના કુલ ૧૮૧૫ કેન્સલ કરવામાં આવેલ છે. નવા ફોર્મ ૧૧-૧-૧૦ ના રોજ આવેલ ૨૫૦૦ અને ૫-૩-૧૦ ના રોજ આપેલ ૭૮ મળી કુલ નવા ૨૫૭૮ સામે ૬૮૧ ફોર્મનું વેચાણ દર્શાવી તા. ૩૧-૩-૧૦ ના રોજ ઉક્ત ફોર્મ વેચાણ કર્યા વગર ૧૮૯૭ પડી રહેલ તેમ દર્શાવેલ છે. ઉક્ત ૧૮૧૫ ફોર્મ રદ કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

આજ રીતે ઉક્ત રજીસ્ટરમાં એમ. કોમ. - Mcom- II માં રેગ્યુલરના ફોર્મ તેની કિંમત રૂા.૨૫/- દર્શાવેલ હતી તેમાં તા. ૧-૪-૦૯ ના રોજ ઉઘડતી સિલક ૧૭૬૮ ફોર્મ હતા. જ્યારે તા.૨૨-૧૨-૦૯ થી તા.૧૩-૧-૧૦ દરમિયાન કુલ ૨૨૩૩ ફોર્મનું વેચાણ થયેલ છે તેમ દર્શાવેલ હતુ જેથી ૪૬૫ ફોર્મ સ્ટોકમાં ન હોવા છતાં કયા ફોર્મનું વેચાણ કરવામાં આવેલ હતુ તેની સ્પષ્ટતા થવી ઘટે.

આજ રીતે ઉક્ત રજીસ્ટરમાં ફાઇનલ Final MBBS I ના ફોર્મની કિંમત રૂા.૨૫/- દર્શાવેલ હતી તેમાં તા. ૧-૪-૦૯ ના રોજ ઉ. સિ. ૧૪૦ તથા તા.૧૪-૧૧-૦૯ ના નવા ૫૦૦ ફોર્મ મળી નાણાંકિય વર્ષ દરમિયાન કુલ ૬૪૦ ફોર્મ સંસ્થા પાસે ઉપલબ્ધ હતા. છતાં તા.૧-૪-૦૯ થી તા. ૧૨-૫-૦૯ દરમિયાન ૧-૪-૦૯ ની ઉ.સિ. ના ૧૪૦ ફોર્મ સામે ૧૫૩ ફોર્મનું વેચાણ કરેલ હતુ અને નાણાંકિય વર્ષના કુલ ૬૪૦ ફોર્મ સામે ૯૪૨ ફોર્મનું વેચાણ કરવામાં આવેલ હતુ. આમ ૩૦૨ ફોર્મ સ્ટોકમાં ન હોવા છતાં વેચાણ કયા ફોર્મ ક્યારે છપાવી / મેળવી વેચાણ કર્યાના આધાર પુરાવા રજૂ થવા ઘટે.

આજ રીતે તમામ પ્રકારના ફોર્મ તથા મતદારયાદી ફોર્મ રજિસ્ટર ચકાસતાં કોન્વોકેશન ફોર્મ કે જેની છાપેલી કિંમત રૂા.૧૦/- તેવા ૮૦૬૬ ફોર્મ સંસ્થા પાસે તા. ૧-૪-૦૯ ના રોજ સ્ટોક પર હતા. ત્યાર બાદ ૩-૮-૦૯ થી ૧૦-૮-૦૯ દરમિયાન બીજા ૩૦,૦૦૦ ફોર્મ છાપવામા આવેલ છે. જે રજીસ્ટરમા જમા લીધેલ હતા. પરંતુ ઉક્ત ઉ. સિ. ના ૮૦૬૬ ફોર્મ પૈકી તા.૪-૫-૦૯ થી તા. ૬-૭-૦૯ દરમિયાન ૯૦૯ ફોર્મનું વેચાણ કરી ૭૧૫૭ રદ કર્યાની નોંધ છે તો ૭૧૫૭ ફોર્મ રદ કરવા અંગેના વ્યાજબી કરવા આધાર સહ ઓડિટ સમક્ષ રજુ થવા ઘટે.

પ્રા. વાં. નં. ૧૧૬ નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

593

**ફકરા નં. ૩૧(૨)**

**પ્રકાશન શાખાના તમામ પ્રકાશનના ફોર્મ તથા મતદારયાદીઓ રજીસ્ટર ચકાસતા ધ્યાને આવેલ અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમિયાન પ્રકાશન શાખાના તમામ પ્રકારના ફોર્મ તથા મતદારયાદીઓ રજીસ્ટર ચકાસતા નીચે મુજબની પરિશિષ્ટ - ૧૧(૨) ની વિગતે અનિયમિતતા ધ્યાને આવેલ હતી.

(૧) ઉક્ત રજિસ્ટરમાં પુનઃ મુલ્યાંકન ફોર્મની ઉ. સિ. તરીકે કુલ ૧૪૮૦૦ ફોર્મ જેની પર કિંમત છાપેલ નથી. તેમ જણાયેલ છે અને પ્રેસ શાખા પાસે જોબ નં. ૯૩ થી તા. ૧૧-૫-૦૯ થી ઉક્ત નવા ફોર્મ ૧૦,૦૦૦/- છપાવેલ હતા જેની ઉપર કિંમત રૂ.૧૦/- છાપવામાં આવેલ છે અને સંસ્થાને તા. ૨૭-૫-૦૯ થી તા. ૧-૧૨-૦૯ દરમિયાન કુલ ૪૫૦૧ ફોર્મનું વેચાણ કર્યાનું ઉક્ત રજિસ્ટર ચકાસતાં ધ્યાને આવેલ છે જે ફોર્મ નવા છપાવેલ ફોર્મની સિલકમાંથી બાદ કરેલ છે પરંતુ તા. ૧-૪-૦૯ ની સ્થિતિએ હાથ પરના ૧૪૮૦૦ ફોર્મ હાલ કયા, કઇ રીતે વેચાણ / નિકાલ કર્યાની આધાર રજીસ્ટર નોંધેલ નથી. આ બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(૨) ઉક્ત રજીસ્ટરમાં પી. એચ. ડી. રજીસ્ટર ફોર્મ જેની એક ફોર્મની કિંમત રૂ.૫૦/- છાપવામાં આવેલ હતી. તે ૧-૪-૦૯ ના રોજ ૧૭૬ ફોર્મ સંખ્યાના સંબંધિત વિભાગના કર્મચારીના હાથ પર હતી. નાણાંકિય વર્ષ દરમિયાન બીજા અન્ય કોઇ ફોર્મ છપાઇને આવ્યાની નોંધ નથી. તા. ૬-૪-૦૯ થી ૨૩-૩-૧૦ દરમિયાન કુલ ૨૫૮ ફોર્મ વેચાણ કર્યાની નોંધ રજીસ્ટર જોવા મળેલ છે. આમ સંખ્યાના સંબંધિત શાખાના કર્મચારી પાસે ૧૭૬ ફોર્મ સામે ૨૫૮ ફોર્મ વેચાણ કરેલ હોઇ બાકીના ૮૨ ફોર્મ કયાંથી અને કોના તરફથી મળેલ હતા તેના આધારે રજીસ્ટરમાં નોંધવામાં આવેલ ન હતા. જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) આજ રીતે રજીસ્ટર માં વિજ્ઞાન ભવન ફોરેન્સિક સાયન્સ પ્રવેશ ફોર્મ કે જેની કિંમત રૂ.૧૦૦/- છાપવામાં આવેલ હતી. તે ફોર્મનો સ્ટોક તા. ૧-૪-૦૯ ના રોજ ૨૦ હતો. ત્યારબાદ અનુક્રમે તા. ૨૧-૬-૦૯ અને ૨-૭-૦૯ ના રોજ ૨૭ અને ૧૦૦૦ ફોર્મ છપાઇને આવતા સ્ટોક ૧૦૪૭ ફોર્મનો થયેલ હતો. પરંતુ રજીસ્ટરમાં નોંધેલી થયા મુજબ ઉ. સિ. તા. ૧-૪-૦૯ ના ૨૦ ફોર્મ તથા તા. ૨૨-૬-૦૯ ના રોજ આપેલ ૨૭ ફોર્મ ગણી તા. ૨૨-૬-૦૯ સુધી સંબંધિત શાખા પાસે ફક્ત ૪૭ ફોર્મ હાથ પર હોવા છતાં સંસ્થાએ

આ ફોર્મ તા. ૨૨-૫-૦૯ એ ૨૦૦ અંને ૧૫-૬-૦૯ ના રોજ ૫૦ ગણી કુલલ ૨૫૦ ફોર્મ વેચાણ થયાનું નોંધેલ છે. જેથી ૨૫૦ ફોર્મના વેચાણ સામે ૪૭ ફોર્મ હાથ પર હોવા છતાં ૨૦૩ ફોર્મ ક્યાંથી ક્યારે કોના દ્વારા મેળવી વેચાણ કરેલ છે. તેના આધારો સહ અન્વેષણને વેચાણ કર્યાની યથાર્થતાની ખાત્રી કરાવવી ઘટે.

(૪) આજ રીતે આ રજીસ્ટરમાં પી. જી. ડેન્ટલ પ્રવેશ ફોર્મ MDS જેની કિંમત રૂા. ૫૦૦/- છાપવામાં આવેલ હતી. તે ફોર્મનો તા. ૧-૪-૦૯ નો સ્ટોક નીલ હતો. તા.૭-૧-૧૦ ના રોજ ૨૫૦ મળતા કુલ ૨૫૦ ફોર્મ પૈકી તા.૮-૪-૦૯ થી ૧૫-૬-૦૯ દરમિયાન ૧૭ ફોર્મ ત્યારબાદ ૨૧૭ મળી કુલ ૨૩૪ ફોર્મનું વેચાણ થયેલ દર્શાવેલ હતુ. જેથી ૮-૪-૦૯ થી ૧૫-૬-૦૯ દરમિયાન વેચાણ કરેલ ફોર્મ કંયાથી, ક્યારે, કોના દ્વારા મેળવી વેચાણ કરેલ છે. તેના આધારો સહ અન્વેષણને વેચાણ કર્યાની યથાર્થતાની જાણ કરાવવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૧૭, તા. ૨૪-૨-૧૪ નો જવાબ સંસ્થાએ આપેલ નથી.

# પરિશિષ્ટ - ૧૧(૧)

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૯-૧૦ અન્વેષણ દરમ્યાન પ્રકાશન વિભાગના રજીસ્ટરોમાં જણાયેલ અનિયમિતતાની વિગત દર્શાવતું પરિશિષ્ટ

| અ. નં. | ફોર્મની વિગત | ઉ. સિલક ૧-૪-૦૯ ના રોજ | આવક | કુલ | વેચાણ | બંધ સિલક | ફોર્મનો દર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | એમ. એસ. સી. | ૨૮૩૮ | | | | | ૨૫ રૂા. |
| | તા.૯-૪-૦૯ થી ૫-૧-૧૦ વેચાણ | | | ૨૮૩૮ | ૧૦૨૩ | ૧૮૧૫ | રદ કરેલ ફોર્મનું શું કરેલ જે તે સ્પષ્ટ થતું નથી. |
| | ૧૧-૧-૧૦ આવક | | ૨૫૦૦ | | | | |
| | ૫-૩-૧૦ આવક | | ૭૮ | | | | |
| | કુલ | | ૨૫૭૮ | ૨૫૭૮ | | | |
| | ૧૧-૧-૧૦ થી ૨૨-૩-૧૦ વેચાણ | | | | ૬૮૧ | ૧૮૯૭ | |
| ૨ | એમ. કોમ.... રેગ્યુલર | ૧૭૬૮ | | | | | ૨૫ રૂા. |
| | આવક | | શૂન્ય | ૧૭૬૮ | | ૧૭૬૮ | |
| | ૨૨-૧૨-૦૯ થી ૧૩-૧-૧૦ વેચાણ | ૧૭૬૮ | | ૧૭૬૮ | ૨૨૩૩ | ૧ | ૨૨૩૩<br>૧૭૬૮<br>(-)૪૬૫ સ્ટોક ન હોવા છતાં વેચાણ |
| 3 | ફાઇનલ એમ. બી. બી. એસ. ... | ૧૪૦ | | | | | ૨૫ રૂા. |
| | ૧૪-૧૧-૦૯ આવક | ૧૪૦ | ૫૦૦ | ૬૪૦ | | ૬૪૦ | ૯૪૨<br>૬૪૦ |
| | ૧૬-૪-૦૯ થી ૨૩-૧૦-૦૯ વેચાણ | ૧૪૧ | ૫૦૦ | ૬૪૦ | ૯૨ | ૧ | --------<br>૩૦૨ સ્ટોક ન હોવા છતાં વેચાણ |

596

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ઉપરાંત : ૧૬-૪-૦૯ થી ૨૩-૧૦-૦૯ દરમ્યાન ૧૪૦ સામે ૬૪૦ ફોર્મ વેચાણ કરવા અને સ્પષ્ટતા કરવી. | | | | | | | |
| ૪ | કોન્વોકેશન ફોર્મ | ૮૦૬૬ | | | | | |
| | ૪-૫-૦૯ થી ૬-૭-૦૯ વેચાણ | ૮૦૬૬ | --- | ૮૦૬૬ | ૯૦૯ | ૭૧૫૨ | |
| ૮૦૬૬ ફોર્મ કેન્સલ કર્યાની નોંધ છે તો ૪-૫-૦૯ થી ૬-૭-૦૯ સુધી વેચાણ કરેલ ફોર્મ નાણાં જમા થયા ઉપરાંત ૮૦૬૬ કે ૭૧૫૭ ફોર્મ કેન્સલ કર્યાના આધાર બતાવેલ નથી. | | | | | | | |
| | ૩-૮-૦૯ આવક | | ૧૫૦૦૦ | | | | |
| | ૪-૮-૦૯ આવક | | ૧૫૦૦૦ | | | | |
| | ૧૦-૮-૦૯આવક | | ૪૦૦૦૦ | | | | |
| | કુલ | | ૭૦૦૦૦ | ૭૦૦૦૦ | | | |
| | ૪-૮-૦૯ થી ૧૩-૧-૧૦ વેચાણ | ૭૦૦૦૦ | --- | ૭૦૦૦૦ | ૫૧૫૧૮ | ૧૮૪૮૨ | બેલેન્સ હતું. |

(૫૧૨)

# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૯-૧૦ અન્વેષણ દરમ્યાન પ્રકાશન શાખાના રજીસ્ટર ચકાસતા ધ્યાન આવેલ અનિયમિતતાની વિગત દર્શાવતું

## પરિશિષ્ટ - ૧૧(૨)

| અ. નં. | ફોર્મની વિગત | ઉ. સિલક ૧-૪-૦૯ ના રોજ | આવક | વેચાણ | બંધ સિલક | ફોર્મનો દર |
|---|---|---|---|---|---|---|
| ૧ | પુનઃ મુલ્યાકન ફોર્મ | ૧૪૮૦૦ | | | | ૧૦ રૂા. |
| | ૧૧-૫-૦૯ આવક | | ૧૦૦૦૦ | | | |
| | કુલ | ૨૪૮૦૦ | | | | |
| | ૨૭-૫-૦૯ થી ૧-૧૨-૦૯ વેચાણ | | | ૪૫૦૧ | | |
| | બંધસિલક | | | | ૫૪૯૯ | દર્શાવેલ છે વાસ્તવમાં |
| | ઉ. સિલકના | ૧૪૮૦૦+૫૪૯૯=૨૦૨૯૯ને બદલે ૫૪૯૯ બંધ સિલક દર્શાવેલ છે. | | | | ઉ.સિલક ના ૧૪૮૦૦ ફોર્મ બેલેન્સમાં બતાવેલ નથી. તેનું શુ કર્યુ. |
| ૨ | પી. એચ. ડી. રજી. ફોર્મ | ૧૭૬ | | | | ૫૦ રૂા. |
| | આવક | | શૂન્ય | | | |
| | કુલ | ૧૭૬ | | | | ૨૫૮-૧૭૬=૮૨ ફોર્મનો સ્ટોક ન હોવા છતાં વેચાણ કરવા અંગે સ્પષ્ટતા કરવી. |
| | ૬-૪-૦૯ થી ૨૩-૩-૧૦ વેચાણ | | | | | |
| | બંધ સિલક | | | | શૂન્ય | |
| ૩ | વિજ્ઞાન ભવન ફોરેન્સિક સાયન્સ | ૨૦ | | | | રૂા.૧૦૦/- |
| | પ્રવેશ ફોર્મ | | | | | |
| | આવક ૨૨-૬-૦૯ - ૨૭ | | ૧૦૨૭ | | | |
| | ૨-૭-૦૯ - ૧૦૦ | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | કુલ | ૧૦૪૭ | | | | |
| | ૨૨-૫-૦૯ વેચાણ | | ૨૦૦ | | | ૨૨/૫ થી ૧૫/૬ સુધી ૨૫૦ વેચાણ દર્શાવેલ છે. જ્યારે તે સમયે સંસ્થા પાસે સ્ટોક જ ન્હોતો. |
| | ૧૫-૬-૦૯ - વેચાણ | | ૫૦ | | | |
| | ૧-૧-૧૦ - વેચાણ | | ૩૮ | | | |
| | ૮-૩-૧૦ - વેચાણ | | ૧ | | | |
| | કુલ વેચાણ | | ૨૮૯ | | | |
| ૪ | પી. જી. ડેન્ટલ પ્રવેશ ફોર્મ એમ. ડી. એસ. | શૂન્ય | | | | તા.૮-૪-૦૯ થી ૧૫-૬-૦૯ દરમ્યાન સ્ટોક ન હોવા છતાં ૧૭ ફોર્મની વેચાણ કર્યાના આધાર આપવા વિનંતી છે. |
| | ૭-૧-૧૦ આવક | | ૨૫૦ | | | |
| | કુલ | ૨૫૦ | | | | |
| | ૮-૪-૦૯ થી ૨૦-૧-૧૦ વેચાણ | | | ૨૩૪ | | |
| | બંધ સિલક | | | | ૧૬ | |

(૬૧૧)

ફકરા નં. ૩૨

આપેલ એડવાન્સની રકમો સમયસર હિસાબમેળ ન કરવા બાબત.

---

ગુજરાત યુનીવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમિયાન પ્રા. વા. ૩૫ અને ૩૮ તા. ૧૮-૧૨-૧૩ અને તા. ૨૧-૧૨-૧૩ થી સંસ્થાને વાર્ષિક હિસાબોમાં પરિશિષ્ટ - આઇ મુજબ ૧૧૨૨૩૬૨૬૪.૫૭ ની રકમ તેમની તાબાના ભવનો, ખાનગી સંસ્થાઓ અને સંલગ્ન કોલેજોને એડવાન્સ પેટે રકમ ચુકવવામાં આવેલ હતી. જેમાં જનરલ ફંડ અને એડવાન્સ પેટે પરિશિષ્ટ - જે ની વિગતે ૯૪૪૧૪૯૯૦.૨૮ નો સમાવેશ ઉક્ત રકમમાં થઇ જતો હતો. જેના અનુસંધાને પરીક્ષા સંબંધિત આપેલ પેશગીના નમૂનારૂપ કિસ્સાઓ ચકાસી સને ૨૦૦૪-૦૫ થી તા. ૩૧-૩-૦૯ દરમિયાન ૨૬૯ પાર્ટીને પરિશિષ્ટની વિગતે ચૂકવેલ ૭૪૨૨૩૯૦ ની રકમ સરભર કરવા જણાવેલ હતું. પ્રા. વા. ૯૭ થી એકેડેમીક સ્ટાફ કોલેજને ૧૪૫૪૫૦૫૮.૩૦ ની પેશગીની રકમ જે સને ૨૦૦૫-૦૬ થી હિસાબ મેળ કર્યા વિનાની પડતરમાં હતી. જેના જવાબમાં સંસ્થાએ તા. ૧૩-૨-૧૪ ના પત્રથી યુ. જી. સી. દ્વારા ૧,૧૫,૦૦,૦૦૦/- ની રકમ સને ૨૦૦૭-૦૮ સને ૨૦૦૮-૦૯ ના વર્ષની મંજુર કરી લીધેલ હોઇ સંબંધિત શાખા દ્વારા હિસાબ મેળ કરવાની કાર્યવાહી ચાલુમાં છે તેમ વચગાળાનો જવાબ કરેલ છે.

પ્રા. વા. નં. ૧૬ થી ગંગા ટ્રાવેલ્સને ચૂકવેલ પેશગી પેટે રૂા. ૧૬,૪૮,૬૩૮ ની રકમ તા. ૩૧-૩-૧૦ ની સ્થિતિએ સરભર કરવાની બાકી બોલતી હતી. જેના અનુસંધાને સંસ્થાએ તા. ૨૩-૧-૧૪ ના જવાબમાં પરીક્ષાની કાર્યવાહી લાંબો સમય ચાલતી હોઇ સંસ્થાએ કરેલ કરાર મુજબ ૮૦ ટકા રકમ સંસ્થાને એડવાન્સ તરીકે ચૂકવવાની જોગવાઇ છે. તેમ જણાવેલ છે.

ગુજરાત નાણાંકિય નિયમોના નિયમ - ૮ અને નાણાંકિય ઔચિત્યના નિયમોની નોંધ - ૬ મુજબ વ્યક્તિએ પોતાના અંગત કામ માટે જે રીતે સ્વબુધ્ધિ થી ખર્ચ કરવાનો હોય છે. તે રીતે જ સંસ્થાના નાણાંનો ખર્ચ કરાય તે આ કરારની શરતમાં જોગવાઇ હોય તો તાત્કાલિક તે કરારની શરત રદ કરવા ઓડિટનું સૂચન છે.

આમ, કુલ ૧૧૨૨૩૬૨૬૪.૫૭ ની રકમ પેશગી તરીકે ચૂકવાયેલ છે. તે રકમ સંબંધિતો પાસેથી તાત્કાલિક હિસાબમેળ કરવા અંગેની નક્કર કાર્યવાહી કરી તેની ઓડિટને આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

600

ફકરા નં. ૩૩

એફ. ડી. રજીસ્ટરમાં બેંક પુરાંત તરીકે દર્શાવતી લાંબા સમયગાળાની રકમનો ઉલ્લેખ ન કરવા બાબત.

---

ગુજરાત યુનીવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબો બેંક પુરાંત તરીકે નીચે જણાવેલ બેંકમાં મુકેલ એફ. ડી. ની રકમો ઘણા લાંબા સમય સુધી રીન્યુ કરાવવામાં આવેલ ન હતી. જે બાબતે સંસ્થા પાસેથી પ્રા. વા. નં. ૧૨૩ થી સ્પષ્ટતા પણ માંગવામાં આવેલ જેના જવાબ અન્વેષણને મળેલ ન હોઇ સને ૨૦૧૧-૧૨ વાર્ષિક હિસાબોમાં પણ આ રકમ બાકી ખેંચાતી આવતી હોઇ સંસ્થા દ્વારા આ રકમ ક્યા કેટલા સમય થી કેટલી રકમ જમા બોલે છે તેની પર મેળવાપાત્ર વ્યાજ જમા થયુ કે કેમ તે અંગે જવાબદાર અધિકારી / કર્મચારી દ્વારા સમયોચિત પગલા ભરવામાં આવતા નથી તેમ પ્રસ્થાપિત થતું હોઇ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(૧) એસ. બી. આઇ. નરોડા બ્રાન્ચ - રૂા.૨,૨૩,૧૪૪/- ૧-૪-૨૦૦૫ થી બાકી
(૨) એ. ડી. સી. બેન્ક નરોડા બ્રાન્ચ - રૂા.૩૭૦૮૧૨/- ૧-૪-૨૦૦૫ થી બાકી
(૩) ઇ. આર. ડી. આઇ. એસ. બી. આઇ. - રૂા.૧૧૭૮૮૩૪૦/- ૧-૪-૨૦૦૯ થી બાકી

વધુમાં ઉપરોક્ત એફ. ડી. ની રકમ એફ. ડી. રજીસ્ટરમાં નોંધવામાં આવેલ ન હતી અને તેથી નાણાંકિય વર્ષ ૨૦૦૯-૧૦ ના ઓડિટ દરમ્યાન કરેલ રોકાણોની ભૌતિક ચકાસણી સમયે પણ ઉપરોક્ત એફ. ડી. રજુ થયેલ નથી તો ખરેખર સદરહુ એફ. ડી. ની રકમ ક્યાં અને કોના કબજામાં છે અને કોઇ અનિયમિતતા થયેલ નથી તેની ધોરણસરની તપાસ કરી ઓડિટ સમક્ષ આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વા. નં. ૧૨૩ તા. ૧૧-૩-૧૪ નો જવાબ સંસ્થાએ આપેલ નથી.

601

**ફકરા નં. ૩૪**

પ્રકાશન શાખાના રદ કરેલ ફોર્મનો નિકાલ કરવા બાબત.

---

ગુજરાત યુનીવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમિયાન પ્રકાશન શાખાની વર્કબુક, પરીક્ષા ફોર્મ, તમામ પ્રકારના ફોર્મ તથા મતદાર યાદીઓના ફોર્મ વેચાણ રજિસ્ટરોની પરિશિષ્ટ - ૧૨ ની વિગતે ચકાસણી કરતાં સમગ્ર વર્ષ દરમિયાન કુલ ૪,૧૮,૨૫૮ જેની કિંમત ૬૪,૪૪,૪૬૦ છાપેલી હતી તે રજિસ્ટરમાં નોંધણી કર્યા મુજબ સચિવશ્રીના તા. ૧૨-૩-૧૦ ના હુકમથી ફોર્મ રદ કર્યાનો ઉલ્લેખ છે.

ઉક્ત રદ કરેલ તમામ ફોર્મનો નિકાલ કર્યાની વિગતની ફાઇલ, હરાજીને કારણે જે કાંઇ રકમ ઉપજેલ હોય તો તેના આધાર રદ કરેલ ફોર્મની સંબંધિત રજિસ્ટરોમાં ફોર્મ રદ કર્યાની નોંધ જવાબદાર અધિકારી / કર્મચારી દ્વારા તેની નોંધણી કરી પ્રમાણિત કર્યાનો કોઇ આધાર રજિસ્ટરે જોવા મળેલ નથી. સંબંધિત બાબતો અંગે જવાબદાર અધિકારી / કર્મચારી દ્વારા આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૨૪ તા. ૧૧-૩-૧૪ નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ - ૬૨૮૦૪૬૦/-

૬૨

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦
## પ્રકાશન શાખાના રદ કરેલ ફોર્મની વિગત દર્શાવતું પરિશિષ્ટ - ૧૨

| અ. નં. | વિગત | પ્રકાર | ફોર્મની સંખ્યા | છાપેલી કિંમત | કુલ કિંમત |
|---|---|---|---|---|---|
| ૧ | એફ. વાય. બી. એ. / બી. કોમ. / બી. એસ. સી. - એ સ્ટ્રીમ | વર્કબુક તથા પરીક્ષા ફોર્મ | ૧૪૭૫ | ૧૦ | ૧૪૭૫૦ |
| ૨ | એફ. વાય. બી. એ. / બી. કોમ. / બી. એસ. સી. - બી સ્ટ્રીમ | !! | ૧૧૧૪ | ૧૦ | ૧૧૧૪૦ |
| 3 | એફ. વાય. બી. કોમ. - સી. સી. | !! | ૭૪૦૫ | ૧૦ | ૭૪૦૫૦ |
| ૪ | એફ. વાય. બી. કોમ. એ./સી. ગુજ. | !! | ૧૧૪૫૫ | ૧૦ | ૧૧૪૫૫૦ |
| ૫ | એફ. વાય. બી. કોમ. અંગ્રેજી | !! | ૩૫૬૫ | ૧૦ | ૩૫૬૫૦ |
| ૬ | એસ. વાય. બી. એ. / બી. એસ. સી. - બી સ્ટ્રીમ | !! | ૩૩૫૫ | ૧૦ | ૩૩૫૫૦ |
| ૭ | ટી. વાય. બી.એ./ બી.એસ.સી. અંગ્રેજી | !! | ૧૩૪૫ | ૧૦ | ૧૩૪૫૦ |
| ૮ | ટી. વાય. બી. કોમ. - સી. સી. | !! | ૬૯૯ | ૧૦ | ૬૯૯૦ |
| ૯ | એમ. એસ. સી. - I | !! | ૧૮૧૫ | ૨૫ | ૪૫૩૭૫ |
| ૧૦ | ટી. વાય. બી. કોમ. | !! | ૩૪૬૧૨ | ૨૫ | ૮૬૫૩૦૦ |
| ૧૧ | કોન્વોકેશન ફોર્મ | તમામ પ્રકારના કાર્ડ તથા મતદારયાદી | ૭૧૫૭ | ૧૦ | ૭૧૫૭૦ |
| ૧૨ | એનરોલમેન્ટ ફોર્મ | !! | ૫૨૧૧૬ | ૨૫ | ૧૩૦૨૯૦૦ |

603

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | પી. જી. સ્ટુ. રજી. ફોર્મ | !! | ૮૯૪૫ | ૧૦ | ૮૯૪૫૦ |
| ૧૪ | એમ. ફીલ ટીચર માન્યતા ફોર્મ | !! | ૪૦૪ | ૭૫ | 30300 |
| ૧૫ | બોયઝ હોસ્ટેલ પ્રવેશ ફોર્મ | !! | ૧૨૯ | ૨૫ | ૩૨૨૫ |
| ૧૬ | એફ. વા. બી. એ. એક્સ્ટર્નલ ફોર્મ | !! | ૧૫૩૩ | ૫૦ | ૭૬૬૫૦ |
| ૧૭ | એસ. વાય. બી. એ. એક્સ્ટર્નલ ફોર્મ | !! | ૯૬૪ | ૫૦ | ૪૮૨૦૦ |
| ૧૮ | ટી. વાય. બી. એ. એક્સ્ટર્નલ ફોર્મ | !! | ૩૬૪૭ | ૫૦ | ૧૮૩૫૦ |
| ૧૯ | એમ. એ. I એક્સ્ટર્નલ ફોર્મ | !! | ૭૮૧૨ | 30 | ૨૩૪૩૬૦ |
| ૨૦ | એમ. એ. II એક્સ્ટર્નલ ફોર્મ | !! | ૪૪૧૬ | 30 | ૧૩૨૪૮૦ |
| ૨૧ | એમ. કોમ. I એક્સ્ટર્નલ ફોર્મ | !! | ૯૭૮૫ | 30 | ૨૯૩૫૫૦ |
| ૨૨ | એમ. કોમ. II એક્સ્ટર્નલ ફોર્મ | !! | ૧૦૯૭૬ | 30 | ૩૨૯૨૮૦ |
| ૨૩ | એફ. વાય. બી. કોમ. પ્રવેશ ફોર્મ | !! | ૨૧૦૬૬૩ | ૧૦ | ૨૧૦૬૬૩૦ |
| ૨૪ | એફ. વાય. બી. બી. એ. પ્રવેશ ફોર્મ | !! | ૩૨૮૭૧ | ૧૦ | ૩૨૮૭૧૦ |
| | કુલ | | ૪૧૮૨૫૮ | | ૬૨૮૦૪૬૦ |

૬૦૫

**ફકરા નં. ૩૫**

સંસ્થાઓના લેણદારોને લાંબા સમયથી ચુકવવાપાત્ર રકમ ન ચુકવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ અને લેજરની ચકાસણી કરતા સામેલ પરિશિષ્ટ - ૧૩ ની વિગતે તા. ૧-૪-૮૬ થી તા. ૩૧-૩-૨૦૧૦ દરમ્યાન ૭૪ પાર્ટીઓને સંસ્થા પાસેથી રૂ.૨૭૯૨૨૩૧૫૨.૬૬ ની રકમ પરત લેવાની બાકી રહે છે. આ રકમો આટલા લાંબા સમયથી પડતર રહેવા અંગે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે. આ અંગે સંસ્થાએ રકમ ચુકવવા અંગે વખતોવખત લીધેલ પગલાઓની માહિતી રેકર્ડ આધારિત માંગવામાં આવેલ હતી.

પ્રા. વાં. નં. ૩૧ **નો જવાબ સંસ્થા તરફથી મળેલ નથી.**

(605)

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સંને ૨૦૦૯-૧૦ ના લાંબા સમયથી પડતર દેવાની રકમની ઉઘરાણી કરવામાં ન આવતી પાર્ટીઓનું વિગત દર્શાવતું પત્રક

### (પરિશિષ્ટ - ૧૩)

| અ. નં. | ખર્ચ કોડ | દેવાની તારીખ | પાર્ટીનું નામ | રકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૯૧૦૨૦૦૦ | ૧-૪-૯૯ | કન્ઝયુમર કો. ઓ. સોસાયટી | ૨૦,૦૦૦.૦૦ | |
| ૨ | ૯૨૦૧૦૦૦ | ૧-૪-૦૯ | પેપર સ્ટોક એ./સી. | ૩૯૩૫૬૩૪.૨૦ | |
| ૩ | ૯૨૦૨૦૦૦ | ૧-૪-૦૩ | સ્ટીલ સ્ટોક એ./સી. | ૮૭૩૫.૮૫ | |
| ૪ | ૯૨૦૩૦૦૦ | ૧-૪-૯૭ | સીમેન્ટ સ્ટોક એ./સી. | ૧૩૩૪૮૩.૪૩ | |
| ૫ | ૯૩૦૪૦૦૫ | ૧-૪-૦૯ | યુ. એસ. સી. એડ. બોટની ડીપા. | ૧૨૦૦૩૮૦.૮૮ | |
| ૬ | ૯૩૦૪૦૦૬ | ૧-૪-૦૯ | યુ. એસ. સી. કેમેસ્ટ્રી | ૭૫૯૧૫૯૦.૩૧ | |
| ૭ | ૯૩૦૪૦૦૭ | ૧-૪-૦૯ | યુ. એસ. સી. ફીઝીક્સ | ૩૦૩૭૨૯.૮૦ | |
| ૮ | ૯૩૦૪૦૦૯ | ૧-૪-૦૯ | યુ.એસ.સી. ઝુલોજી | ૯૨૭૯૭.૯૧ | |
| ૯ | ૯૩૦૪૦૧૦ | ૧-૪-૦૯ | યુ.એસ.સી. માઇક્રોબાયોલોજી | ૬૫૬૪૮૪૮.૫૭ | |
| ૧૦ | ૯૩૦૪૦૧૧ | ૧-૪-૦૯ | યુ.એસ.સી. સેન્ટ્રલ લેબ | ૭૨૦૯૩.૯૦ | |
| ૧૧ | ૯૩૦૪૦૧૨ | ૧-૪-૦૯ | યુ.એસ.સી. જીઓગ્રાફી | ૪૪૩૯૭.૦૫ | |
| ૧૨ | ૯૩૦૪૦૧૭ | ૧-૪-૦૮ | એડી. ફોરેન્સીક સાયન્સ | ૧૫૯૯૫૦.૦૦ | |
| ૧૩ | ૯૩૦૫૦૦૩ | ૧-૪-૦૬ | યુ. એસ. વી. પી. જી. ડી. ઇ. એ. એડ. | ૯૫૪૦૬૦.૦૦ | |
| ૧૪ | ૯૩૦૬૦૦૩ | ૧-૪-૦૯ | બી. બી. એ. એડ. | ૧૫૩૯૭૩૮.૯૫ | |
| ૧૫ | ૯૩૦૯૦૦૩ | ૧-૪-૦૬ | ડી. પી. ઇ. એડ. લોકલ સ્પોર્ટસ | ૨૩૮૫૩૬.૦૪ | |
| ૧૬ | ૯૩૧૦૦૦૦૩ | ૧-૪-૦૩ | એડલ્ટ એજ્યુકેશન | ૮૦૧૪૬૩૩.૪૧ | |
| ૧૭ | ૯૩૧૧૦૦૫ | ૧-૪-૯૭ | કોશ્રયન બેંક | ૧૦૧.૭૫ | |
| ૧૮ | ૯૩૧૧૦૦૬ | ૧-૪-૯૯ | પી. જી. રીસર્ચ | ૧૭૯૯૪.૦૦ | |
| ૧૯ | ૯૩૧૧૦૧૦ | ૧-૪-૯૬ | ડમી નો વર્ક | ૨૭૭૮૪૫.૫૯ | |

606

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૯૩૧૩૦૩૨ | ૧-૪-૮૮ | સીવીલ સપ્લાય | ૧૮૩૭૩૫.૦૦ | |
| ૨૧ | ૯૩૧૩૦૩૩ | ૧-૪-૮૬ | બ્લુ સ્ટાર લી. | ૧૦૯૫૦.૦૦ | |
| ૨૨ | ૯૩૧૩૦૩૪ | ૧-૪-૦૫ | પી. ડબ્લ્યુ. ડી. | ૪૨૪૧૬૬૩.૦૦ | |
| ૨૩ | ૯૩૧૩૦૩૫ | ૧-૪-૦૭ | એન. ટી. એલ. | ૧૪૫૦૬૮.૦૦ | |
| ૨૪ | ૯૩૧૫૦૦૧ | ૧-૪-૦૭ | પોલીવેલન્ટ કેડર એડ | ૫૫૯૬૮.૬૫ | |
| ૨૫ | ૯૩૨૦૦૫ | ૧-૪-૦૩ | એજ્યુ. એડ પ્રેસ | ૩૭૨૬.૦૦ | |
| ૨૬ | ૯૩૨૦૦૮ | ૧-૪-૦૧ | એલ. ટી. સી. એડ પ્રેસ સ્ટાફ | ૨૫૪૬૩.૪૦ | |
| ૨૭ | ૯૩૨૦૦૧૪ | ૧-૪-૦૮ | એસ. પી. એલ. લોન એ./સી. સ્ટાફ ડી. એફ. | ૭૭૭૫૯.૦૦ | |
| ૨૮ | ૯૩૨૦૦૧૫ | ૧-૪-૦૮ | એલ.ટી.સી. એડ જી. પી. એફ. સ્ટાફ | ૭૮૦૯૬.૭૫ | |
| ૨૯ | ૯૩૨૨૦૦૦ | ૧-૪-૦૬ | એડ એ./સી. એફ.વાય. બી. કોમ. એડમી. | ૬૩૦૦૦.૦૦ | |
| ૩૦ | ૯૩૩૧૧૧૭ | ૧-૪-૦૬ | વી. સી. બોર્ડ એ./સી. | ૧૭૪૮૬.૧૮ | |
| ૩૧ | ૯૩૩૧૨૦૨ | ૧-૪-૦૬ | કે. કપુર | ૬૨૬૧૬૪૩.૩૨ | |
| ૩૨ | ૯૩૩૧૨૧૦ | ૧-૪-૯૨ | સી. એમ. સી. લી. | ૧૩૨૧૩૨.૦૦ | |
| ૩૩ | ૯૩૩૨૧૩ | ૧-૪-૯૪ | એ. આઇ. યુ. કોન્ફરન્સ | ૨૩૬૪૬.૯૦ | |
| ૩૪ | ૯૩૩૧૨૦૩ | --- | અનપેઇડ બીલસ | ૩૧૯૯૪૫૯૮.૨૮ | |
| ૩૫ | ૯૩૫૧૦૦૪ | ૧-૪-૦૭ | અનીલ પ્રિન્ટર્સ પ્રા. લી. | ૧૨૩૧૩૭૦.૦૦ | |
| ૩૬ | ૯૩૫૧૦૧૦ | ૧-૪-૯૫ | આર. ઓ. બી. (વાટર સપ્લાય ) | ૪૮૦૦૦.૦૦ | |
| ૩૭ | ૯૩૫૧૦૧૧ | ૧-૪-૯૯ | ઉમેશ જી.ઇ.આર. | ૨૦૦૦૦.૦૦ | |
| ૩૮ | ૯૩૫૧૦૧૨ | ૧-૪-૯૯ | આસી. પેટ્રોલીયમ કોર્પો. | ૧૧૨૫૦.૦૦ | |
| ૩૯ | ૯૩૫૧૦૧૫ | ૧-૪-૦૮ | માઈક્રોપ્રોટેક્ટ | ૨૦૦૦૦.૦૦ | |
| ૪૦ | ૯૩૫૧૦૧૬ | ૧-૪-૦૮ | સી પ્રેસ | ૩૭૫૬૨૦૦.૦૦ | |
| ૪૧ | ૯૩૫૧૦૧૭ | ૧-૪-૦૮ | નીશાન ઓફસેટ | ૫૦૦૦૦૦.૦૦ | |
| ૪૨ | ૯૩૫૧૦૨૦ | ૧-૪-૦૪ | સીવીલ ઓરગનાઇઝેસ | ૪૦૫૪.૧૭ | |
| ૪૩ | ૯૩૫૧૦૨૧ | ૧-૪-૦૪ | અનતીમ બીલ્ડર્સ | ૬૩૫૨.૭૬ | |
| ૪૪ | ૯૩૫૧૦૨૫ | ૧-૪-૦૪ | સ્પેસ બીલ્ડર્સ | ૬૭૯૯.૫૭ | |
| ૪૫ | ૯૩૫૧૦૩૦ | ૧-૪-૦૪ | પટેલ કન્સ્ટ્રકશન | ૪૮૪૬૧.૫૯ | |

607

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪૬ | ૯૩૫૧૦૩૬ | ૧-૪-૦૪ | હર્ષા કન્સ્ટ્ર. | ૩૩૩૧૮.૪૫ | |
| ૪૭ | ૯૩૫૧૦૩૭ | ૧-૪-૦૮ | વિનય કન્સ્ટ્ર. | ૧૧૯૯૯૭.૦૦ | |
| ૪૮ | ૯૩૫૧૦૩૮ | ૧-૪-૦૯ | ગુજરાત કન્સ્ટ્ર. કો. | ૮૧૨૭૭૬૨.૦૦ | |
| ૪૯ | ૯૩૫૧૦૩૯ | ૧-૪-૦૭ | પટેલ કન્સ્ટ્ર. | ૧૦૬૦૧૩૦.૦૦ | |
| ૫૦ | ૯૩૫૧૦૪૦ | ૧-૪-૦૭ | હર્ષદ શાહ એન્ડ કો. | ૫૪૫૬૧૭૨.૦૦ | |
| ૫૧ | ૯૩૫૧૦૪૧ | ૧-૪-૦૯ | ઉદય બીલ્ડ પ્રા. | ૮૭૮૧૨૭૫૫.૦૦ | |
| ૫૨ | ૯૩૫૧૦૪૪ | ૧-૪-૦૬ | જય વિજય કન્સ્ટ્ર. | ૫૭૧૬૮૭૧.૦૦ | |
| ૫૩ | ૯૩૫૧૦૪૬ | ૧-૪-૦૬ | સોમ ઇલેક્ટ્રોનિક્સ | ૪૦૭૬૯૬૩.૦૦ | |
| ૫૪ | ૯૩૫૧૦૪૭ | ૧-૪-૦૮ | ડીજીટલ એન્જી. પ્રો. પ્રા. | ૧૧૨૪૧૬.૦૦ | |
| ૫૫ | ૯૩૫૧૦૪૮ | ૧-૪-૦૬ | જે. કે. એન્જી. | ૭૩૯૬૩૮૧.૦૦ | |
| ૫૬ | ૯૩૫૧૦૫૦ | ૧-૪-૦૭ | પટેલ કન્સ્ટ્ર. ન્યુ. બીલ્ડ | ૪૬૬૪૮૦૩.૦૦ | |
| ૫૭ | ૯૩૫૧૦૫૧ | ૧-૪-૦૮ | એમ. / એસ. જે. કે. એન્જી. | ૧૬૭૬૬૦૬.૦૦ | |
| ૫૮ | ૯૩૫૧૦૫૨ | ૧-૪-૦૭ | એમ. / એસ. જય વિજય કન્સ્ટ્ર. | ૧૯૧૩૦૯૯.૦૦ | |
| ૫૯ | ૯૩૫૧૦૫૫ | ૧-૪-૦૮ | એમ./એસ. સુઝકો ઇન્ટીરીયર | ૧૭૭૩૧૪૯.૦૦ | |
| ૬૦ | ૯૩૫૧૦૫૭ | ૧-૪-૦૮ | સીવીક ઓરગેનીક્સ | ૩૬૩૬૯૨૩.૦૦ | |
| ૬૧ | ૯૩૫૧૦૫૮ | ૧-૪-૦૮ | એમ. / એસ. પટેલ ફાઉન્ડેશન | ૯૧૦૧૨૩.૦૦ | |
| ૬૨ | ૯૩૫૧૦૫૯ | ૧-૪-૦૮ | એમ./એસ. વર્ધમાન પ્રી. પ્રા. | ૧૫૭૬૯૨૯૬.૦૦ | |
| ૬૩ | ૯૩૫૧૦૬૦ | ૧-૪-૦૮ | સમવીત બીલ્ડ કેર | ૪૩૯૩૧૧૭.૦૦ | |
| ૬૪ | ૯૩૫૧૦૬૧ | ૧-૪-૦૯ | એમ. / એસ. પટેલ બ્રધર્સ | ૯૩૮૦૨૯૮.૦૦ | |
| ૬૫ | ૯૩૫૧૦૬૨ | ૧-૪-૦૯ | એમ. / એસ. જે. સી. બીલ્ડર્સ | ૨૧૨૪૩૪૬.૦૦ | |
| ૬૬ | ૯૩૫૧૦૬૩ | ૧-૪-૦૯ | એમ. /એસ. વોલ્ટસ લી. | ૧૪૩૦૨૪૨૨.૦૦ | |
| ૬૭ | ૯૩૫૧૦૬૪ | ૧-૪-૦૮ | હેમંત કે. શાહ | ૧૮૩૩૦૬૩.૦૦ | |
| ૬૮ | ૯૩૫૧૦૬૫ | ૧-૪-૦૯ | શ્રી ચીતરા જુથ પ્રા. | ૭૯૩૮૧૭.૦૦ | |

608

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૯ | ૯૩૫૧૦૬૬ | ૧-૪-૦૮ | એમ. /એસ. હર્ષદ શાહ એન્ડ કું. | ૨૫૬૩૯૯૨.૦૦ | |
| ૭૦ | ૯૩૫૧૦૬૭ | ૧-૪-૦૮ | એમ. /એસ. રોલર કન્સ્ટ્ર. | ૧૦૭૨૨૯૩.૦૦ | |
| ૭૧ | ૯૩૫૧૦૬૮ | ૧-૪-૦૯ | એમ. /એસ. મનીયાર એસો. | ૧૪૨૨૬૪૯.૦૦ | |
| ૭૨ | ૯૩૫૧૦૬૯ | ૧-૪-૦૯ | એમ. / એસ. પી. સી. સ્નેહલ કન્સ્ટ્ર. | ૫૨૦૯૨૩૪.૦૦ | |
| ૭૩ | ૯૩૫૧૦૭૦ | ૧-૪-૦૯ | એમ. / એસ. પટેલ બ્રધર્સ | ૧૭૭૧૭૦૩.૦૦ | |
| ૭૪ | ૯૩૫૧૦૭૧ | ૧-૪-૦૯ | એમ. / એસ. સુપરટેક પ્રા. | ૩૯૬૧૪૭૮.૦૦ | |
| | | | કુલ | ૨૭૯૨૨૩૧૫૨.૬૬ | |

609

ફકરા નં. ૩૬

પેન્શન કેસ તૈયાર કરી મોકલી આપવાની પ્રક્રિયામાં જોવા મળેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમિયાન મહેકમ શાખામાં પેન્શન કેસો તૈયાર કરતાં ટેબલનું અન્વેષણ કરતાં નીચેની અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી.

સંસ્થામાં હિસાબી શાખા દ્વારા કર્મચારી નિવૃત્ત થાય તે પહેલા કર્મચારીની પાસે સંસ્થાને કોઇ લેણું બાકી નથી નીકળતું તેવું ૧ થી ૮ ની વિગત દર્શાવતું પત્રક જે તે કર્મચારી પાસેથી બાંહેધરી પ્રમાણપત્ર મેળવી પછીની નિવૃત્ત કરવાની પ્રણાલી સંસ્થામાં ચાલતી આવે છે. જેના અંગે શ્રી પી. એન. જોવનપુત્રા તા.૩૧-૧૦-૨૦૧૩ ના રોજ નિવૃત્ત થતા હતા અને તેઓ પાસેથી ૧ થી ૮ ની વિગત દર્શાવતું ના લેણા અંગેનું પ્રમાણપત્ર સંબંધિત શાખાઓ પાસેથી મેળવી લેવામાં આવેલ હતુ. તે જ રીતે આપની સંસ્થામાં શ્રી વાય. ટી. જસરાય તા. ૧૦-૫-૧૩ ના રોજ સ્વૈચ્છિક નિવૃત્ત થયેલ અને શ્રી બી. એમ. બ્રહ્મભટ્ટ તા. ૩૧-૧૦-૧૩ ના રોજ વયનિવૃત્તિ થયેલ હતા. તેઓના પેન્શન કેસ અનુક્રમે તા. ૩-૨-૧૪ અને તા. ૧૯-૧૧-૧૩ ના રોજ પેન્શન પેપરો તૈયાર કરી શિક્ષણ વિભાગ તરફ મોકલી આપવામાં આવેલ હતા અને બંનેના પેન્શન કેસ પેપરોમાં સંસ્થાનું કોઇ લેણું બાકી નથી. તે મતલબનું ઇન્ચાર્જ રજિસ્ટારશ્રીની સહીથી પેન્શનકેસો શિક્ષણ વિભાગમાં મોકલી આપવામાં આવેલ હતા.

ઉક્ત બંને કર્મચારીઓ નિવૃત્ત થતા પહેલા તેઓ પાસેથી લેવાનું થતુ બાંહેધરી પત્રક તથા સંસ્થાની પ્રણાલી મુજબ ૧ થી ૮ ની વિગત દર્શાવતું ના લેણાં અંગેનું પત્રક ભરવામાં આવેલ ન હતું.

હિસાબી શાખાના તા. ૧૩-૩-૧૨ ના પત્ર નં. હિસાબ / એડવાન્સ/૫૮૬૧૪ થી બોટની ભવનના વડાશ્રી વાય. ટી. જસરાયને સંસ્થા દ્વારા તા.૧૨-૩-૨૦૧૨ ની સ્થિતિએ રૂા.૨૪,૪૬,૪૭૪.૮૮ ની રકમ તેમના હસ્તક તેમના તાબાના વિભાગને એડવાન્સ તરીકે આપવામાં આવેલ હતી. જેના હિસાબો ઓડિટની તારીખ સુધી પણ હિસાબમેળ કરવામાં આવેલ ન હતો.

આજ રીતે શ્રી બી. એમ. બ્રમભટ્ટના તાબાની એકડેમી સ્ટાફ કોલેજને હિસાબી શાખાના પત્ર નં. હિસાબ / એડવાન્સ / ૫૪૭૬૮ થી શ્રી બ્રમભટ્ટને સંસ્થા દ્વારા તા. ૧૨-૬-૧૨ ની સ્થિતિએ રૂા.૨,૧૭,૧૫,૩૫૪.૩૦ ની રકમ તેમના હસ્તકના અને તેમના તાબાના વિભાગને એડવાન્સ તરીકે આપવામાં આવેલ હતી. જેના હિસાબો ઓડિટની તારીખ સુધી પણ હિસાબમેળ કરવામાં આવેલ ન હતો.

આમ, ઉક્ત બંને કર્મચારીઓની નિવૃત્તિની તારીખે તેમના તાબાના હસ્તકની શાખાઓના લીધેલ પેશગીઓના હિસાબોનો હિસાબમેળ અંગેની કોઇ નક્કર કામગીરી હાથ ધરવામાં ન આવવા છતાં તેમના પેન્શન કેસોમાં ઇન્ચાર્જ રજિસ્ટ્રારશ્રીની સહીથી ના લેણા અંગેનું પ્રમાણપત્ર સહી મેળવી શિક્ષણ વિભાગમાં કયા કારણોસર મોકલી આપવામાં આવે છે તે અંગે જવાબદારોથી આધારસહ સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં ઉક્ત બંને એટલે કે બોટની વિભાગમાં રૂા.૧૧૬૩૨૦૫.૮૮ અને એકેડમીક સ્ટાફ કોલેજ ખાતે રૂા.૧૪૫૪૫૦૫૮.૩૦ તા.૩૧-૩-૧૦ ની સ્થિતિએ હિસાબમેળ કરવાનો બાકી બોલતી હતી. તે અંગે હિસાબી શાખા દ્વારા ઉક્ત બંને કર્મચારીઓ પાસે ગુજરાત નાણાંકિય નિયમો - ૨૦૦૨ ની કલમ - ૧૮૬ મુજબ એડવાન્સ લીધેલ રકમના હિસાબો ૩ માસની સમય મર્યાદામાં જમા કરાવવાના થાય અન્યથા તે ઉપર જમા કરાવેલા હિસાબો ઉપર ઓવરડ્રાફટ દરે વ્યાજ વસૂલ કરવાનું થાય છે. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વા. નં. ૯૬, તા. ૧૦-૨-૧૪ નો જવાબ સંસ્થા તરફથી મળેલ નથી.

(611)

ફકરા નં. ૩૭

ચીફ એકાઉન્ટ ઓફિસરની નિયમણૂંકમાં થયેલી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ ના અન્વેષણ દરમિયાન નિરિક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીગર તા.૧૫-૩-૧૪ ના પત્ર નં. એલ/એમક્યુ/યુનિવર્સિટી ઓડીટ / ૭૫૧ થી મળેલ સૂચના અંતર્ગત શ્રી પ્રદીપ પ્રજાપતિ (પૂર્વ સેનેટ સભ્ય ગુજરાત યુનીવર્સિટી) તા. ૨૧-૨-૧૪ ની અરજી તથા કરેલ બીડાણ પત્રોની વિગતો ચકાસવાના આદેશો મળેલ હતા. જેના અનુસંધાને પ્રા. વા. નં. ૧૩૦ તા. ૨૫-૩-૧૪ થી સંસ્થાને નીચે મુજબની સ્પષ્ટતા આધાર સહ કરવા જણાવેલ હતું.

(૧) શ્રી શાહની તા. ૧-૦૯-૮૪ થી સંસ્થામાં જોડાયા તે અંગે થયેલ ભરતી પ્રક્રિયા, હોદ્દાને લગતી લઘુત્તમ લાયકાત મળેલ અરજીઓ અને આ ભરતીને સેનેટ અને રાજ્ય સરકારની મંજૂરી મળેલ હતી કે કેમ?

(૨) શ્રી શાહ તા. ૧૧-૮-૦૩ થી સંસ્થામાં પુનઃ નિયુક્ત થયા અંગે દૈનિક સમાચાર પત્રોમાં આપેલી જાહેરાત હોદ્દાને લગતી લઘુત્તમ લાયકાત અને ઇન્ટરવ્યુમાં કેટલા ઉમેદવાર આવેલ તેની વિગત તથા સેનેટ અને રાજ્ય સરકારની મંજૂરી લીધેલ છે કે કેમ? તેના આધારો રજુ કરવા ઘટે.

(૩) શ્રી શાહની નિમણુંક ગેરકાયદેસર છે તે બાબતે શ્રી ડો. પ્રદીપ પ્રજાપતિએ કરેલ અરજીના સંદર્ભમાં તેઓ ખરેખર લાયકાત ધરાવતા હતા કે કેમ? તેની ચકાસણી સંસ્થાએ કરાવેલ છે કે કેમ તેના આધારો રજુ કરવા ઘટે.

(૪) શ્રી એમ. એમ. ભટ્ટ અને ડો. એ. એસ. રાઠોર આચાર્યશ્રી ગુજરાત આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજ અમદાવાદ દ્વારા થયેલી તપાસના તારણો ના આધારે સંસ્થાએ કરેલી સ્પષ્ટતા અને લીધેલ પગલા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૫) શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રીના તા.૭-૭-૧૧, તા. ૩૦-૮-૧૧, તા. ૬-૧૨, તા.૧૦-૫-૧૨ ના પત્રથી માજી કુલપતિશ્રીને સંસ્થામાં ગેરકાયદેસર નિમણુંક બાબતે પગલા ભરવા અન્યથા ભવિષ્યમાં યુનીવર્સિટીને આપવામાં આવતી નાણાંકિય સહાય બાબતે રાજ્ય સરકારે ફેરવિચારણા કરવાની ફરજ પડશે તે પ્રમાણેની તાકીદ આપેલ તે સબબ ઉક્ત પત્રોના સંદર્ભમાં સંસ્થાએ કરેલ જવાબો અને દરેક મુદ્દાવાર આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(612)

(૬) ઉક્ત અનુક્રમ નંબર ૧ થી ૫ ની વિગતોને ધ્યાને લેતા યુનીવર્સિટીના કુલપતિશ્રીએ ગુજરાત યુનીવર્સિટી એક્ટની કલમ ૧૧(૪)(અ) થી પોતાની સત્તાનો ઉપયોગ કરી શ્રી શાહને છુટા કરી પુનઃ નિમણુંક આપેલ છે. જ્યારે અનુક્રમ નંબર - (૪) અને (૫) ની વિગતે શ્રી શાહની નિમણુંક ગેરકાયદેસર પૂરવાર થયેલ હોઇ રાજ્ય સરકારને ગુજરાત યુનીવર્સિટીની એક્ટની કલમ ૧૧(૬) અને ૫૮ થી નિમણુંક રદ કરવાની સંપુર્ણ સત્તા હોઇ આ બાબતે રાજ્ય સરકાર તરફથી કોઇ હુકમો / આદેશો મેળવી તેમની નિમણુંકને કાયદેસરના આપવા અંગેના આધારો ઓડિટ રજૂ થવા ઘટે.

જેના જવાબમાં સંસ્થાએ નીચે મુજબ તબક્કાવાર સ્પષ્ટતા કરેલ હતી.

ડો. પરિમલ એચ. ત્રિવેદી, કુલપતિશ્રીએ ડેપ્યુટી સેક્રેટરી, એજ્યુકેશન ગાંધીનગરને તા. ૧૩-૬-૨૦૧૨ પત્રાંક વીસી/૧૦૪૬/૨૦૧૨ થી જાણ કરેલ છે. શિક્ષણ વિભાગના તા.૩૧-૫-૨૦૧૨ ચીફ એકાઉન્ટસ ઓફિસર તરીકે શ્રી એમ. એસ. શાહ ની ગેરકાયદેસરની નિમણુંક અંગે લખેલ પત્ર ચીફ એકાઉન્ટસ ઓફિસર તરીકેની જગ્યાની ફરજોમાંથી મુક્ત કરવા કરેલ કાર્યાલય આદેશ તા. ૨૯-૫-૨૦૧૩ ની નકલ બીડેલ હતી. નામ. ગુજરાત યુનિવર્સિટી સર્વિસીઝ ટ્રીબ્યુનલ, અમદાવાદના આદેશ મુજબ શ્રી શાહને એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સમક્ષ રજૂ કરવા જણાવેલ હતુ અને એકિઝક્યુટીવ કાઉન્સીલના નિર્ણય મુજબ કાર્યવાહી કરવા ઠરાવેલ હતુ. શ્રી શાહની લેખિત રજૂઆત તા. ૬-૦૯-૨૦૧૩ ના રોજ એક્ઝિક્યુટીવ કાઉન્સીલમાં મૂકવામાં આવી હતી અને એકઝીક્યુટીવ કાઉન્સીલે સર્વાનુમતે કુલપતિશ્રીએ કરેલ આદેશ રદ કર્યો હતો અને શ્રી શાહને તાત્કાલિક નોકરી ઉપર ચાલુ કરવા હુકમ કરેલ હતો. ગુજરાત યુનિવર્સિટીની તા. ૬-૯-૨૦૧૩ ના રોજ મળેલ એકઝીક્યુટીવ કાઉન્સીલની બા. ક. ૩ અન્વયે નામ. ગુજરાત યુનીવર્સિટી સર્વિસીઝ ટ્રીબ્યુનલ, અમદાવાદ ખાતે કરેલ મીસે. એટલી ૪/૨૦૧૩ ના ક્રમાંક - ૯ અન્વયે ચીફ એકાઉન્ટસ ઓફિસરને તાત્કાલિક નોકરી પર ચાલુ રાખવામાં આવેલ. શ્રી એમ. એસ. શાહને નોકરી પર પુનઃ નિયુક્ત કરવાના કાર્યાલય આદેશ તા. ૬-૯-૨૦૧૩ ની નકલ બીડેલ હતી. શિક્ષણ વિભાગના તા. ૨૨-૧૦-૧૩ ના પત્ર અન્વયે કાર્યાલયના તા. ૬-૯-૨૦૧૩ ના પત્રથી કરેલ જાણ તેમજ યુનીવર્સિટીએ તા. ૨૫-૧૦-૧૩ થી શિક્ષણ વિભાગને પાઠવેલ જવાબની નકલ સામેલ હતી. શિક્ષણ વિભાગના તા. ૨૬-૧૧-૨૦૧૩ ના પત્રની નકલ આ સાથે નકલ સામેલ હતી. શિક્ષણ વિભાગના તા. ૨૬-૧૧-૧૩ ના પત્રના સંદર્ભમાં યુનિવર્સિટીએ પાઠવેલ તા ૫/૬-૧૨-૨૦૧૩ ના જવાબની નકલ સામેલ હતી

મુદ્દા નં. ૩, ૪, ૫ અને ૬ ના અનુસંધાને શ્રી ડો. પ્રદીપ પ્રજાપતિએ નિરિક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીને તા. ૨૧-૨-૧૪ ની અરજીથી અરજી તથા કરેલ બીડાણના પત્રોની વિગતે તથા સંસ્થાને પ્રા. વા. નં. ૧૩૦ ના મુદ્દા નં ૩ થી ૬ ના અનુસંધાને

(613)

મુદ્દા નં. ૩, ૪, ૫ અને ૬ ના અનુસંધાને શ્રી ડો. પ્રદીપ પ્રજાપતિએ નિરિક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરીને તા. ૨૧-૨-૧૪ ની અરજીથી અરજી તથા કરેલ બીડાણના પત્રોની વિગતે તથા સંસ્થાને પ્રા. વાં. નં. ૧૩૦ ના મુદ્દા નં. ૩ થી ૬ ના અનુસંધાને સ્પષ્ટતા કરવાની કે શ્રી એમ. એમ. ભટ્ટ અને ડો. એ. એસ. રાઠોર આચાર્યશ્રી ગુજરાત આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજ અમદાવાદના થયેલ તપાસના તારણો નીચે મુજબ તારવેલ હતા.

યુનિવર્સિટીએ ચીફ એકાઉન્ટસ ઓફિસરની જગ્યા ભરવા માટે બે વાર પ્રસિધ્ધ કરાયેલ બંને જાહેરાત પ્રમાણેની લાયકાત ન ધરાવતા હોવા છતાં યુનિવર્સિટીએ શ્રી શાહની બંને ઇન્ટરવ્યુમાં ઉમેદવારી માન્ય રાખી હતી એટલુ જ નહી પરંતુ તેમની પસંદગી કરી નિમણુંક પણ આપવામાં આવી છે જે નિયમનુસાર નથી. શ્રી શાહ મૂળભૂત રીતે બી. કોમ. ની પદવી માં એકાઉન્ટન્સીનો વિષય ધરાવતા નથી. શ્રી શાહની સાથે ટેલીફોન ઉપર વાત થયા મુજબ યુનીવર્સિટી દ્વારા ચીફ એકાઉન્ટસ ઓફિસરની લાયકાતના સંદર્ભે કોઇ બાંધછોડ કરવા અંગે સીન્ડીકેટ કે કુલપતિશ્રી દ્વારા કોઇ ઠરાવ કે આદેશ કરવામાં આવેલ નથી તેમ તેમણે જણાવ્યુ હતુ. જેથી આ તપાસ સમિતિનું તારણ છે કે " શ્રી શાહ ગુજરાત યુનીવર્સિટી દ્વારા અપાયેલ જાહેરાતમાં જે જગ્યાં માટે ઉમેદવારી કરી હતી તેના માટે નિર્દિષ્ટ કરાયેલ પૂરી લાયકાત ધરાવતા નથી. શાહ તા. ૨૧-૪-૦૧ ની જાહેરાત મુજબ એકાઉન્ટન્સી વિષય સાથે બી. કોમ. ની ડીગ્રી ધરાવતા નથી. તેમજ બીજી વખતની તા. ૨૬-૬-૦૩ ની જાહેરાત મુજબ તેઓ એમ. કોમ. ની ડીગ્રી ધરાવતા નથી. આમ શ્રી શાહ પહેલી કે બીજી વખતે અપાયેલ જાહેરાતમાં માંગ્યા મુજબની લાયકાત ધરાવતા નથી તેવો સ્પષ્ટ અભિપ્રાય આપેલ હતો. કમિશ્નરશ્રી, સંયુક્ત નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીએ તેઓના તા. ૧૦-૫-૧૧ અને ૪-૨-૧૪ થી શિક્ષણ વિભાગના ઉપસચિવ, સંયુક્ત સચિવ અને અગ્રસચિવ દ્વારા તેઓના તા. ૭-૭-૧૧, તા. ૩૦-૮-૧૧, તા. ૧૩-૧૨-૧૧ જુન - ૧૨, તા. ૧૦-૫-૧૨ ના પત્રોથી ઉક્ત પ્રકરણ અંગે ગુજરાત તકેદારી આયોગ અને ગુજરાત યુનીવર્સિટીને શ્રી ડો. ભટ્ટ અને ડો. રાઠોરના તપાસના અહેવાલને ધ્યાને લઇ શ્રી શાહ સામે તાત્કાલિક અસરથી પગલા ભરવા અને સંબંધિત બાબતે સ્પષ્ટતાઓ માંગેલ હતી. જેના અનુસંધાને ગુજરાત યુનીવર્સિટી દ્વારા તેઓના તા. ૨૯-૫-૧૩ ના આદેશથી તેમની નિમણુંક રદ કરી ફરજ મુક્ત કરેલ હતા. જે સંદર્ભે શ્રી શાહ નામદાર ગુજરાત યુનીવર્સિટી સર્વિસીઝ ટ્રીબ્યુનલ અમદાવાદ ખાતે એમ. આઇ. એસ. સી. એપ્લીકેશન નં. ૪ / ૧૩ ઇન એપ્લીકેશન નં. ૦૭ / ૨૦૧૩ ના ચુકાદા તા. ૨૬-૬-૨૦૧૩ ના અનુસંધાને એકઝીક્યુટીવ કાઉન્સીલે તેઓની તા. ૧૩-૮-૧૩ ની બેઠકના ક્રમાંક નં. ૯ મુજબ નિર્ણય લેતા શ્રી શાહને કા. કુલસચિવશ્રી દ્વારા તા.

૬-૯-૧૩ ના આદેશથી પુનઃ નોકરી પર નિયુક્ત કરવામાં આવે છે તેમ આદેશ કરવામાં આવેલ હતો.

પરંતુ ઓડિટના પ્રા. વા. ૧૩૦ ના ક્રમાંક મુદ્દા નં. ૬ થી કુલ સચિવ દ્વારા ગુજરાત યુનીવર્સિટી એક્ટ ની કલમ - ૧૧(૪)(અ) થી પોતાની સત્તાની રૂએ. શ્રી શાહને છુટા કરી પુનઃ નિમણુંક આપેલ છે પરંતુ અનુક્રમ નં. ૪ અને ૫ ની વિગતે ગુજરાત યુનિવર્સિટી એક્ટની કલમ - ૧૧(૫) અને ૫૮ થી રાજ્ય સરકારનો કરેલ આદેશ આખરી ગણાશે તે બાબતે સ્પષ્ટતા કરેલ નથી અને હાલ આ પ્રકરણ નામદાર ગુજરાત યુનિવર્સિટી સર્વિસીસ ટ્રીબ્યુનલમાં વિચારાધીન હોઇ અને પ્રકરણ અંગે ગુજરાત યુનિવર્સિટી એક સ્વાયત્ત સંસ્થા હોઇ રાજ્ય સરકાર પોતાના સંબંધિત વિભાગો જેમ કે શિક્ષણ કાયદા અને નાણાં વિભાગ સાથે પરામર્સ કરી અંતિમ નિર્ણય જાહેર કર ત્યાં સુધી ઉક્ત ફકરો ચાલુ રાખવો જોઇએ તેમ ઓડીટનું માનવું રહે.

(615)

# ફકરા નં. ૩૮(૧) થી ૩૮(૯)

## નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ગાંધીનગરના તા.૧૩-૭-૧૨ ના પત્ર અન્વયે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં. ૧/૧૨ અનુસંધાને કરેલ અન્વેષણની વિગત

616

**ફકરા નં. ૩૮(૧)**

પ્રશ્ન પત્ર છપામણીના કામે જણાયેલ અનિયમિતતા બાબત. સને ૨૦૦૯-૧૦-૧૧-૧૨

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૭-૦૯ ના અન્વેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરના તા.૬-૮-૧૨ ના પત્ર અનુસંધાને ખાસ ઓડીટ હાથ ધરી ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં. ૧/૧૨ માં દર્શાવેલ મુદ્દાઓની ચકાસણી સારૂ સને ૧/૪/૨૦૦૬ થી તા.૩૧-૭-૧૨ દરમ્યાન પ્રશ્નપત્રોની છપામણી અંગેની ફાઇલોની ચકાસણી કરતાં નીચેની વિગતે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સને ૨૦૦૯-૧૦ ના વર્ષની પ્રશ્નપત્ર છપામણી માટે તા.૧૧-૧૦-૦૮ ના રોજ ગુજરાત સમાચાર તેમજ દિવ્યભાસ્કર દૈનિક વર્તમાનપત્રમાં જાહેરાત આપવામાં આવેલ હતી.

૧. સને ૨૦૦૯-૧૦ ના વર્ષ માટે પ્રશ્નપત્ર છપામણી અંગેની રજુ થયેલ ટેન્ડર ફાઇલની ચકાસણી કરતાં કુલ સાત ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હોવાનું જણાય છે યુનિવર્સિટી દ્વારા ટેન્ડર રજિસ્ટર નહીં નિભાવેલ હોવાને કારણે કુલ કેટલા ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હતુ કેટલા ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા તે અંગેની કોઇ જ ખાત્રી થઇ શકેલ નથી ટેન્ડર ફાઇલની ચકાસણી કરતાં ચાર ટેન્ડરો ભરાઇને પરત આવેલ હોવાનું જણાય છે. ટેન્ડર ફાઇલે તુલનાત્મક પત્રક બનાવીને રાખવામાં આવેલ ન હોઇ ખરેખર કેટલી પાર્ટીઓના ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા અને કઇ પાર્ટીના ભાવો સૌથી ઓછા હતા તે જાણી શકાયેલ નથી. આવેલ ટેન્ડરોની ચકાસણી માટે ટેન્ડરોની માંગણી કરતાં એક પણ ટેન્ડર રજુ થયેલ નથી. જેને કારણે કઇ પાર્ટીએ કેટલા ભાવ ભરેલ હતાં અને સૌથી ઓછા ભાવ કઇ પાર્ટીના હતા. તે જાણી શકાયેલ નથી. આમ, સૌથી નીચા ભાવવાળી પાર્ટીને કામ સોંપવામાં આવેલ હતું કે કેમ? તેની ખરાઇ થઇ શકેલ નથી.

૨. ફાઇલે મુકવામાં આવેલ તા.૩૦-૩-૦૯ ની નોંધ મુજબ આવેલ ચાર ટેન્ડરો પૈકી મે. ડેટા પ્રોસેસીવ ફોર્સ પ્રા. લિ. તેમના પત્ર દ્વારા જણાવેલ છે કે તેઓને કામગીરીમાં રસ નથી જેના અનુસંધાને ફાઇલની ચકાસણી કરતાં ડેટા પ્રોસેસીંગ પ્રા. લિ. દ્વારા તા.૬-૧-૦૯ ના પત્રમાં જણાવ્યા મુજબ " આપશ્રી દ્વારા આજદિન સુધી" ટેન્ડર ફાઇનલ કરેલ ન હોવાથી ભરેલ ઇ. એમ. ડી. પરત માંગેલ છે. ત્યાર બાદ ફરીથી તા.૧૦-૨-૦૯ ના પત્રમાં પણ " આજદિન સુધી" આપના દ્વારા ટેન્ડર ફાઇનલ કરેલ ન હોવાથી " અમોને ટેન્ડરમાં ભાગ લેવાની ઇચ્છા નથી" તેમ જણાવી ઇ. એમ. ડી. ની રકમ પરત માંગેલ છે આમ યુનિવર્સિટી દ્વારા તા. ૧૮-૧૧-૦૮ ના રોજ જાહેરાત આપી ટેન્ડરો મંગાવેલ ત્યારબાદ ઘણા સમય સુધી આ અંગેની કોઇ જ કાર્યવાહી નહીં કરવાને કારણે સદરહુ ઇજારદાર ન છુટકે ઇ. એમ. ડી. ની રકમ પરત માગી સ્પર્ધામાંથી

ખસી ગયેલ હોવાનું જણાય છે વધુમાં સરસ્વતી ઓફ સેટ પ્રા. લિ. દિલ્હીનો ફોન ઉપર સંપર્ક કરતાં સંપર્ક નહીં થવાને કારણે સ્પર્ધામાંથી બાકાત રાખવામાં આવેલ છે તારીખ ૧૯-૧૧-૦૮ ના રોજ જાહેરાત આપી તા.૩૦-૩-૦૯ ના રોજ કાર્યવાહી કરવામાં આવેલ છે જે દરમ્યાન સરસ્વતી ઓફ સેટ પ્રા. લિ. નો પત્ર દ્વારા સંપર્ક કરેલ હોત તો થઇ શકેલ હોત અને સ્પર્ધાત્મક ભાવોનો લાભ મેળવી શકાયેલ હોત આમ જાહેરાત આપ્યા પછી ત્રણ માસ જેટલા સમય સુધી કાર્યવાહી નહીં કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

૩. આમાં ભરાઇને આવેલ ચાર ટેન્ડરો પૈકી વિલ્સન પ્રિન્ટ સીટી તેમજ કોન્ફીસેક પ્રિન્ટર્સ પ્રા. લિ. ને તા.૩-૩-૦૯ ના પત્રથી બે કંપનીઓને બે વર્ષ એટલે કે ૨૦૦૯-૧૦ અમે ૨૦૧૦-૧૧ ના બંને વર્ષ માટે પ્રશ્ન પત્ર છપામણી માટે કામ સોંપવામાં આવેલ છે આમ, એક જ કામ બે પાર્ટીઓ વિલ્સન પ્રિન્ટ સીટી તેમજ કોન્ફીસેક પ્રિન્ટર્સને સોંપવામાં આવેલ છે જે નિયમો વિરૂધ્ધ ગણી શકાય તેમજ આ બાબતે જવાબદારથી સ્પષ્ટતા થવી ઘટે તેમજ સદર બે પાર્ટીઓને બોલાવીને તેઓ સાથે નેગોશીયેશન કરેલ હોત તો આ કરતાં પણ ઓછા ભાવનો લાભ યુનિવર્સિટીને મળી શકેલ હોત આમ, નાણાકીય ઔચિત્યતા સિંધ્ધાતનો ભંગ કરવા બદલ પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

આમ, એક જ કામ માટે બે પાર્ટીઓને એક જ ભાવથી તા.૩-૩-૦૯ ના પત્રથી ઓર્ડર આપવામાં આવેલ છે અને તે અંગેનું ચુકવણું સામેલ પરિશિષ્ટ - ૧૩ મુજબ કરવામાં આવેલ છે.

૪. ટેન્ડરની શરત નં. ૨૦ માં જણાવ્યા મુજબ ભરેલા ભાવો તમામ ખર્ચ કરવેરા સહીતના ભાવો સાથેની જોગવાઇ હતી તેમ છતાં ફાયનાન્સ સમિતિની તા.૨૦-૮-૦૯ ની બા. ઠ. ૨ તથા ઇ. સી. તા.૧૧-૧૦-૦૯ બા. ક્રમાંક ૧૦ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ હતુ " પ્રશ્નપત્ર છપામણીમાં પ્રશ્નપત્રોની ગુપ્તતા રહે તે ધ્યાને લઇને પેકીંગ ઉપરાંત વધારાનો પેકીંગ ખર્ચ મજુર કરવાની સત્તા તેમજ પ્રશ્નપત્રના કોરા પાનાનો ખર્ચ મંજુર કરવાની સત્તા મે. કુલપતિશ્રીને આપવી " જેને મા. કુલપતિશ્રીએ તા.૧૩-૧૦-૦૯ થી મંજુરી આપી આ વધારનો ખર્ચ મંજુર કરેલ હતો.

૫. આમ ઉપરોકત વિગતેની ટેન્ડરમાં કોઇ જોગવાઇ ન હોવા છતાં તેમજ પ્રશ્નપત્રો છપામણીની કામગીરી વર્ષો વર્ષ થતી જ હોય છે અને તે ગુપ્તજ રાખવાની હોય છે સદર કમગીરી કોઇ નવી કામગીરી નથી. તેમજ પ્રશ્નપત્રો છપામણીની કામગીરી અગાઉના વર્ષોમાં પણ થયેલ છે તો ચાલુ વર્ષે જ પેકીંગ ઉપરાંત વધારાના પેકીંગની જરૂરીયાત કયા સંજોગોમાં ઉભી થવા પામેલ હતી તેમજ આ વધારાનો ખર્ચ નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંત વિરૂધ્ધ કેમ ન ગણવો અને આવો ખર્ચ કરી યુનિવર્સિટીને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

૬. વધુમાં ટેન્ડર પ્રક્રિયા વખતે ટેન્ડરમાં ૫૦ નકલ થી ૭૫૦ નકલ સુધીના અલગ – અલગ ભાવો મંગાવવામાં આવેલ છે તેમ છતાં ઓછામાં ઓછી ૧૦૦૦ નકલનો ભાવ ગણી ઇજારદારોને ચુકવણું કરવામાં આવેલ છે આમ કરેલ ચુકવણા ઉપરથી ઇજારદારોને લાભ કરાવી આપવાના હેતુથી ટેન્ડરની શરતનું ઉલ્લંઘન કરેલ હોય તેમ જણાય છે જે પણ સદંતર રીતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતો વિરૂધ્ધનો કેમ ન ગણવો તે બાબતે જવાબદારોએથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

૭. સામેલ પરિશિષ્ટ- ૧૨ મુજબ સને ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન છપાવેલ પ્રશ્નપત્રોમાં ટેન્ડરની શરતોમાં જોગવાઇ ન હોવા છતાં વેટ રૂ.૫,૭૬,૫૧૧/-, પ્રિન્ટેડ પોલી બેગનો વધારાનો પેકીંગ ચાર્જ રૂ.૨,૫૮,૯૦૫/- તેમજ કલોથ બેગ પાર્સલનો ચાર્જ રૂ.૧,૨૬,૧૧૫/- મળી કુલ રૂ.૯,૬૧,૫૩૧/- તેમજ

સને ૨૦૧૦-૧૧ માં અનુક્રમે રૂ.૭,૪૭,૩૨૧ +૬,૮૮,૫૨૯ +૩,૨૯,૦૬૫ મળી કુલ રૂ.૧૭,૬૪,૯૧૫/- તેમજ

સને ૨૦૧૧-૧૨ માં વાઉચર સિવાય અન્ય કોઇ એટલે કે ટેન્ડર જાહેરાત ટેન્ડર ફાઇલ તેમજ કરાર – શરતો વર્ક ઓર્ડર વિગેરેની વિગતોનું રેકર્ડ રજુ થયેલ ન હોઇ કોઇ ચકાસણી થઇ શકેલ નથી. અનુક્રમે રૂ.૪,૮૧,૬૪૦ +૩,૯૩,૨૧૧ +૨,૪૮,૭૮૨ મળી કુલ રૂ.૧૧,૨૩,૬૩૩/- નું ચુકવણું વધારે કરેલ છે. જે બાબતે જવાબદારોથી યોગ્ય સ્પષ્ટતા થતાં સુધી પરિશિષ્ટમાં દર્શાવેલ તમામ ખર્ચની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

૮. વધુમાં યુનિવર્સિટીને પોતાનો પ્રેસ હોવા છતાં પ્રશ્નપત્રો તથા ઉત્તરવહીઓનું છાપકામ ખાનગી ધોરણે કરાવવાને કારણે યુનિવર્સિટીને ખુબજ મોટા પ્રમાણમાં નુકસાન થવા પામેલ છે અથવા તેના ફાયદાથી વંચિત રહેલ છે.

મુદ્રણાલયની સ્થાપના કરવામાં આવી ત્યારથી સ્વયં સંચાલિત ધોરણે એટલે કે નહીં નફો નહીં નુકસાનના ધોરણે કરાવેલ હોવા છતાં અને યુનિવર્સિટી પ્રેસ ખાતે અદ્યતન પ્રકારની મશીનરી માટે જંગી નાણાંનું રોકાણ કરેલ હોવા છતાં યુનિવર્સિટી પ્રેસની સ્થાપનાનો હેતુ સિધ્ધ થતો નથી. આ બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

<u>વાંધા હેઠળ રકમ</u> :

| | |
|---|---|
| સને ૨૦૦૯-૧૦ | રૂ.૧,૨૧,૦૬,૭૫૫/- |
| સને ૨૦૧૦-૧૧ | રૂ.૧,૫૬,૯૫,૮૨૧/- |
| સને ૨૦૧૧-૧૨ | રૂ.૧,૦૧,૧૬,૫૪૬/- |
| કુલ | રૂ.૩,૭૯,૧૯,૧૨૨/- |

## પરિશિષ્ટ – ૧

### પ્રશ્નપત્ર છપામણી માટે કરેલ ખર્ચની વિગત દર્શાવતું પત્રક

| વર્ષ | અ. નં. | વા. નં. | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે. પ્રીન્ટેડ પોલીબેગનો ચાર્જ | કલોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧ | ૨૦૮૭ | ૧૭-૭-૦૯ | વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લિ. | ૧૩,૦૫,૦૬૫ | ૬૨,૧૪૫ | ----- | ----- |
| | ૨ | ૨૦૮૮ | !! | કોન્ફિસેક પ્રિન્ટરી | ૩૫,૨૧,૭૫૪ | ૧,૬૭,૭૦૨ | ----- | ----- |
| | ૩ | ૩૫૭૫ | ૫-૯-૦૯ | !! | ૧૩,૫૩,૨૯૮ | ૬૪,૪૪૩ | ----- | ----- |
| | ૪ | ૪૪૨૫ | ૧૫-૧૦-૦૯ | !! | ૬,૫૨,૭૩૭ | ૩૧,૦૮૩ | ૧,૭૭,૬૫૮ | ૧,૧૪,૦૭૦ |
| | ૫ | ૬૯૪૨ | ૧૯-૨-૧૦ | !! | ૨૦,૪૫,૧૧૩ | ૯૭,૩૮૬ | ૫૦,૦૬૫ | ૧૨,૦૪૫ |
| | ૬ | ૬૯૭૯ | ૧૯-૨-૧૦ | !! | ૧૬,૯૫,૨૩૪ | ૮૦,૭૨૫ | ૧૬,૨૯૫ | ----- |
| | ૭ | ૭૩૦૬ | ૮-૩-૧૦ | !! | ૧૫,૩૩,૫૫૪ | ૭૩,૦૨૭ | ૧૪,૮૮૭ | ----- |
| કુલ | | | | | ૧,૨૧,૦૬,૭૫૫ | ૫,૭૬,૫૧૧ | ૨,૫૮,૯૦૫ | ૧,૨૬,૧૧૫ |

620

| વર્ષ | અ. નં. | વા. નં. | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે. પ્રીન્ટેડ પોલીબેગનો ચાર્જ | કલોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧ | ૩૧૩ | ૧૬-૪-૧૦ | કોન્ફિસેક પ્રિન્ટરી | ૭૦,૯૬૪ | ૩,૩૭૯ | ૨,૮૦૫ | ----- |
| | ૨ | ૩૧૪ | ૧૬-૪-૧૦ | !! | ૯,૩૮,૮૨૩ | ૪૪,૭૦૬ | ૨૩,૫૮૭ | ----- |
| | ૩ | ૪૦૧ | ૨૦-૪-૧૦ | !! | ૧૦,૬૦,૪૩૧ | ૫૦,૩૯૭ | ----- | ----- |
| | ૪ | ૨૧૫૪ | ૮-૭-૧૦ | વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લિ. | ૧૨,૬૫,૦૯૫ | ૬૦,૨૪૨ | ૭૩,૯૧૨ | ૩૮,૫૦૦ |
| | ૫ | ૩૦૪૪ | ૧૭-૮-૧૦ | !! | ૪૫,૩૨,૮૩૮ | ૨,૧૫,૮૫૦ | ૮૮,૧૯૨ | ૯૨,૩૪૫ |
| | ૬ | ૩૪૦૭ | ૭-૯-૧૦ | !! | ૨,૬૨,૪૭૩ | ૧૨,૪૯૯ | ૧૦,૫૭૪ | ----- |
| | ૭ | ૩૪૦૮ | ૭-૯-૧૦ | !! | ૧૦,૮૧,૯૮૨ | ૫૧,૫૨૩ | ૩૬,૮૩૯ | ----- |
| | ૮ | ૪૩૨૧ | ૨૨-૧૦-૧૦ | કોન્ફિસેક પ્રિન્ટરી | ૫૩,૬૨,૬૨૫ | ૨,૫૫,૩૬૪ | ૨,૪૬,૬૬૫ | ૧,૯૮,૨૨૦ |
| | ૯ | ૭૨૨૯ | ૨૪-૨-૧૧ | !! | ૧૧,૨૦,૫૯૦ | ૫૩,૩૬૧ | ૨,૦૫,૯૫૫ | ----- |
| | | | કુલ | | ૧,૫૬,૯૫,૮૨૧ | ૭,૪૭,૩૨૧ | ૬,૮૮,૫૨૯ | ૩,૨૯,૦૬૫ |

| વર્ષ | અ. નં. | વા. નં. | તારીખ | પાર્ટીનું નામ | ખર્ચની કુલ રકમ | ચુકવેલ વેટ | સ્પે. પ્રીન્ટેડ પોલીબેગનો ચાર્જ | કલોથ બેગ પાર્સલનો ચાર્જ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨૦૧૧-૧૨ | ૧ | ૨૩૧૧ | ૧૨-૭-૧૧ | વિલ્સન પ્રિન્ટસીટી પ્રા. લિ. | ૩,૩૪,૬૯૬ | ૧૫,૯૩૮ | ---- | ----- |
| | ૨ | ૩૮૮૯ | ૨૮-૯-૧૧ | કોન્ફિસેક પ્રિન્ટરી | ૯૨,૨૨,૨૮૭ | ૪,૩૯,૧૫૬ | ૩,૭૫,૪૯૩ | ૨,૪૮,૭૮૨ |
| | ૩ | ૮૯૧૩ | ૨૭-૩-૧૨ | !! | ૫,૫૯,૫૬૩ | ૨૬,૫૪૬ | ૧૭,૭૧૮ | ---- |
| કુલ | | | | | ૧,૦૧,૧૬,૫૪૬ | ૪,૮૧,૬૪૦ | ૩,૯૩,૨૧૧ | ૨,૪૮,૭૮૨ |

૬૨૧

(622)

## ફકરા નં. ૩૮(૨)

ઉત્તરવહી ખરીદી તેમજ પલ્પીંગના કામે જણાયેલી અનિયમિતતા બાબત. સને ૨૦૦૬-૦૭

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૭-૦૯ ના અન્વેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ ગાંધીનગરના તા.૬-૮-૧૨ ના પત્ર અનુસંધાને હિસાબોની ચકાસણી કરતાં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા સને ૨૦૦૬ થી તા. ૩૧-૭-૧૨ દરમ્યાન ઉત્તરવહીઓની ખરીદી કરેલ હતી સને ૨૦૦૬-૦૭ દરમ્યાન ખરીદેલ ઉત્તરવહીઓ તેમજ તેના કરેલ પલ્પીંગની કાર્યવાહી બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

સને ૨૦૦૬-૦૭ ના વર્ષના યુનિવર્સિટી દ્વારા પુરા પાડેલ દફતરની ચકાસણી કરતાં યુનિવર્સિટી દ્વારા જુદા – જુદા પેજ પ્રમાણેની ઉત્તરવહીઓ છપાવવા માટે દિવ્યભાસ્કર, સંદેશ તેમજ ગુજરાત સમાચાર દૈનિકોમાં તા.૨૦-૧-૦૬ ના રોજ જાહેરાત આપી ભાવો મંગાવવામાં આવેલ હતા.

સદર કામે કુલ કેટલા ટેન્ડરો વેચાયેલ હતા અને તે પૈકી કેટલા ટેન્ડરો ભરાઇને પરત આવેલ હતા તે અંગે ટેન્ડર રજિસ્ટર નહીં રાખવાને કારણે સાચી હકીકત જાણી શકાયેલ નથી. ફાઇલે સામેલ તા.૨૭-૨-૦૬ ની ફાયનાન્સ સમિતિની મીટીંગની બાબત ક્રમાંક : ૬ (બી) માં જણાવ્યા મુજબ તુલનાત્મક પત્રક (ફાઇલે તુલનાત્મક પત્રક જોવા મળેલ નથી.) ને આધારે જય ટ્રેડર્સના ભાવો સૌથી ઓછા હોવાથી તેઓને રૂ.૩.૩૮ ના ભાવથી ૩૨ પેજ ની ઉત્તરવહી ૧૭ લાખ, ૧૨ પેજની ઉત્તરવહી ૩ લાખ ઉત્તરવહી રૂ.૧.૨૭ના ભાવથી, ખાખી સ્ટીકર નંગ ૧,૦૦,૦૦૦/- રૂ.૦.૧૪ પૈસાના ભાવથી તેમજ પોલીનેટ કવર નંગ ૪૦,૦૦૦/- રૂ.૪.૫૦ ના ભાવથી ખરીદવા માટે પ્રેસ નં. ૧૭૩, તા.૨૮-૨-૦૬ થી ઓર્ડર આપી ખરીદી કરેલ હતી. જેનુ ચુકવણું રૂ.૬૪,૪૭,૦૦૦/- નું વા. નં. ૧૦૩૮, તા.૨૦-૫-૦૬ થી કરવામાં આવેલ હતું.

ગુજરાત યુનિવર્સિટીની એકઝીકયુટીવ કાઉન્સીલ તા.૧૪-૫-૦૬ ના રોજ મળેલ હતી જેની બાબત ક્રમાંક : ૧૩ ના ઠરાવમાં જણાવ્યા મુજબ બાકીની ૧૭ લાખ ૩૨ પેજ મુખ્ય ઉત્તરવહી તેમજ ૩ લાખ ૧૨ પેજ પુરક ઉત્તરવહીઓ માટેનો ઓર્ડર વિલ્સન પ્રિન્ટસિટી લિ. ને આપવો અને તે કામ કરવા તૈયાર ન થાય તો જય ટ્રેડર્સને બાકીનો ઓર્ડર આપવો તેવું ઠરાવેલ હતુ. આમ, પ્રથમ જય ટ્રેડર્સને પુરેપુરો ઓર્ડર આપ્યા બાદ કયા કારણોસર આ પ્રકારે નિર્ણય લેવાનો થયો તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે અને તે પછી આ ઠરાવને અનુસંધાને જય ટ્રેડર્સના તા.૧૯-૪-૦૬ ના પત્ર થી ફેર વિચારણામાં લેવા જણાવતાં તે ધ્યાને લઇ ફરીથી જય ટ્રેડર્સને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો અને તેનું ચુકવણું વા. નં. ૨૫૪૨, તા.૪-૮-૦૬ થી રૂ.૬૧,૨૭,૦૦૦/- કરેલ હતુ.

(૨) સને ૨૦૦૬-૦૭ ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી પ્રેસના ઉત્તરવહી રજીસ્ટરની ચકાસણી કરતાં કોઇ જગ્યાએ ઉઘડતો સ્ટોક દર્શાવવામાં આવેલ નથી તેમ છતાં ફાઇલોની ચકાસણી કરતાં સને ૨૦૦૫-૦૬ નો બંધ સ્ટોક ૩૨ પેજની ૪,૦૦,૦૦૦/- નંગ સ્ટોક હતો. સને ૨૦૦૬-૦૭ દરમ્યાન પરીક્ષાઓ માટે ૩૪,૦૦,૦૦૦/- મુખ્ય ઉત્તરવહીની ખરીદી કરેલ હતી આમ કુલ ૩૮૦૦,૦૦૦/- જથ્થો થવા પામેલ હતો જેની સામે સને ૨૦૦૬-૦૭ ના વર્ષ દરમ્યા લેવાયેલ પરીક્ષાઓ માટે ૩૨ પેજની મુખ્ય ઉત્તરવહી રૂ.૧૬,૦૧,૮૭૫/- નો વપરાશ થવા પામેલ હતો અને ૨૧,૯૮,૧૨૫/- નો સ્ટોક પડી રેહવા પામેલ હતો આમ અંદાજે વાર્ષિક ૨૦,૦૦,૦૦૦/- ઉત્તરવહીઓના વપરાશની સામે ૧૮,૦૦,૦૦૦/- ઉત્તરવહીઓ વધારે ખરીદવામાં આવેલ હતી અને તે માટે કુલ રૂ. ૬૦,૯૪,૦૦૦/- નું રોકાણ કરી યુનિવર્સિટીને બીન જરૂરી જંગી નાણાંનું રોકાણ કરી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડવા સબબ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) ટેન્ડરમાંમાંગવામાં આવેલ ઉત્તરવહીની સાઇઝ ૮".૫× ૧૧" ઇંચ તથા વજન ૬૦ જી. એસ. એમ. તથા એ-૪ સાઇઝનો કાગળ વાપરવાનો રહેશે તેમ જણાવેલ જે અંગેની ખરાઇ માટે અત્રેના પ્રા. વાંધા નં. ૧૦૩ તા.૧૭-૭-૧૨ થી છપાઇને આવેલ ઉત્તરવહીઓનું ટેન્ડરમાં દર્શાવેલ સાઇઝ તથા વજન બાબતે વૈજ્ઞાનિક પરીક્ષણકરાવેલ હોય તો તેની વિગતો પુરી પાડવા જણાવવા છતાં સંસ્થા તરફથી કોઇ વિગત રજુ થયેલ નથી, જેથી ઉત્તરવહીઓટેન્ડરની શરત મુજબ છપાઇને આવેલ હોવા બાબતની ઓડિટને ખરાઇ થઇ શકેલ નથી.

સને ૨૦૦૫-૦૬ ના વર્ષ માટે વપરાયેલ ઉત્તરવહીઓનું કુલ વજન ૧,૩૩,૯૦૪ કિલો ગ્રામ વજનની સામે યુનિવર્સિટી દ્વારા મોકલાવેલ પલ્પીંગ માટેની ઉત્તરવહીઓનું વજન ૩૯,૬૭૦ કિ. ગ્રામ થવા પામેલ હતુ આમ ૯૪,૨૩૪ કિ ગ્રામ ઓછુ વજન થતાં સંસ્થાને રૂ.૧૦/- લેખે રૂ.૯,૪૨,૩૪૦/- નું નુકસાન થવા પામેલ હતુ જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

યુનિવર્સિટી દ્વારા ઉત્તરવહી રજિસ્ટરે અગાઉનો સ્ટોક દર્શાવવામાં આવેલ ન હોવાથી ઉત્તરવહીઓના સ્ટોકની ખરીદી તપરાશ તેમજ આખરના સ્ટોકની સાચી હકીકત જાણી શકાયેલ નથી. વધુમાં સ્ટોક રજિસ્ટર સહિ સિક્કા રજિસ્ટરે ચઢાવેલ નથી તેમજ તેમાં કોઇ કર્મચારી / અધિકારીની સહીઓ પણ થયેલ ન હોવાથી તેમાં કરેલ નોંધો સાચી હોવાનું પ્રમાણિત થતુ નથી તેમજ વણવપરાયેલ ઉત્તરવહીઓ કોલેજમાંથી પરત આવેલ નથી તો તે અંગે કોઇ કાર્યવાહી નહીં કરવા બદલ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૦૮, તા.૨૧-૮-૧૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

૬૨૫

**ફકરા નં. ૩૮(૩)**

ઉત્તરવહીની ખરીદી તથા સ્ટોકમાં જણાયેલ અનિયમિતતા બાબત.

વર્ષ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૧-૧૨

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦ થી સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન પ્રેસ વિભાગ તરફથી રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટની વિગતે ઉત્તરવહીના સ્ટોક, ખરીદી તથા વપરાશ અંગેની માહિતિ સામેલ છે જે અંગે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૯-૧૦ દરમ્યાન ઉત્તરવહીનો શરૂનો સ્ટોક પુરતાં પ્રમાણમાં હોવાથી વર્ષ દરમ્યાન ઉત્તરવહીની કોઇ ખરીદી કરવામાં આવેલ નથી. હાજર સ્ટોકમાંથી ઉત્તરવહીનો વપરાશ કર્યા પછી પણ ખુબ જ મોટા પ્રમાણમાં સ્ટોક પડી રહેવા પામેલ હતો જેની વિગત પરિશિષ્ટ - ૧૪માં આવેલ છે. આમ, યુનિવર્સિટી દ્વારા અગાઉના વર્ષોના વપરાશના અંદાજને ધ્યાને લીધા સિવાય અગાઉના વર્ષમાં જરૂર કરતાં વધુ મોટા પ્રમાણમાં ખરીદી કરી નાણાંકિય ઓચિત્યના સિધ્ધાંતનો ભંગ કરેલ છે.

(૨) સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં ઉત્તરવહીનો ઉઘડતો સ્ટોક અને વાર્ષિક વપરાશના અંદાજને ધ્યાને લીધા સિવાય ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી ૩૦,૦૦,૦૦૦ ખરીદી કરવામાં આવેલ હતી અને વર્ષના અંતે ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી ૧૮,૯૦,૬૩૭ નો સ્ટોક બચત રહેવા પામેલ હતો. અગાઉના વર્ષોના વપરાશના અંદાજને ધ્યાને લઇ ૧૫,૦૦,૦૦૦ મુખ્ય ઉત્તરવહીની ખરીદી કરેલ હોત તો ૧૫,૦૦,૦૦૦ મુખ્ય ઉત્તરવહીનો ખર્ચ અટકાવી નાણાંનું બીન જરૂરી રોકાણ અટકાવી શકાયેલ હોત. આમ, જરૂર કરતાં બે ગણી મુખ્ય ઉત્તરવહીની ખરીદી કરી ઇજારદારને લાભ કરાવી આપેલ છે અને સંસ્થાની રૂ.૪.૮૦ પૈસા લેખે રૂ.૭૨,૦૦,૦૦૦/- ની મુડીનું બીન જરૂરી રોકાણ કરી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડેલ છે. જે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) સને ૨૦૧૧-૧૨ ના વર્ષમાં મુખ્ય ઉત્તરવહી-૩૨ પાનાનો શરૂઆતનો સ્ટોક ૧૮,૯૦,૦૦૦ હતો તેમ છતાં ૨૪ પાનાની ૩૦,૦૦,૦૦૦ ઉત્તરવહી ખરીદી કરવામાં આવેલ છે આમ, સમગ્ર રીતે અગાઉના વર્ષોના વપરાશના અંદાજોને ધ્યાને લઇ ઉત્તરવહીની ખરીદી કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી સને ૨૦૧૧-૧૨ ના વર્ષ દરમ્યાનના ઉત્તરવહીના વપરાશનો વિગતો ઓડિટ સમક્ષ રજુ થયેલ ન હોઇ વપરાશની વિગતો જાણી શકાયેલ નથી.

પ્રા. પા. નં. ૧૧૭, તા.૧૭-૯-૧૨ નો સસ્થાએ જવાબ કરેલ નથી.

## ઉત્તરવહીની ખરીદી તથા સ્ટોકની વિગત દર્શાવતું પરિશિષ્ટ – ૨

| વર્ષ | અ.નં. | ઉત્તરવહીની વિગત | શરૂઆતનો સ્ટોક | વર્ષ દરમ્યાન ખરીદી | કુલ | વર્ષ દરમ્યાનનો વપરાશ | વર્ષના અંતે બંધ સ્ટોક |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૧ | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ૨૬,૫૯,૪૮૭ | ---- | ૨૬,૫૯,૪૮૭ | ૧૭,૨૮,૮૫૦ | ૯,૪૦,૬૩૭ |
| | ૨ | ૧૨ પાનાની પુરક ઉત્તરવહી | ૧૮,૦૫,૯૮૩ | ---- | ૧૮,૦૫,૯૮૩ | ૭,૯૬,૨૦૦ | ૧૦,૦૯,૭૮૩ |
| | ૩ | ખાખી સ્ટીકર | ૨૫,૭૨,૨૦૬ | ---- | ૨૫,૭૨,૨૦૬ | ૨૩,૧૧,૪૦૦ | ૨,૬૦,૮૦૬ |
| ૨૦૧૦-૧૧ | ૧ | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ૯,૪૦,૬૩૭ | ૩૦,૦૦,૦૦૦ | ૩૯,૪૦,૬૩૭ | ૨૦,૫૦,૦૦૦ | ૧૮,૯૦,૬૩૭ |
| | ૨ | ૧૨ પાનાની પુરક ઉત્તરવહી | ૧૦,૦૯,૭૮૩ | ૧,૫૦,૦૦૦ | ૧૧,૫૯,૭૮૩ | ૧૦,૫૭,૧૮૦ | ૧,૦૨,૬૦૩ |
| | ૩ | ખાખી સ્ટીકર | ૨,૬૦,૮૦૬ | ૪૩,૦૩,૪૦૦ | ૪૫,૬૪,૨૦૬ | ૨૮,૨૬,૪૦૦ | ૧૭,૩૭,૮૦૬ |
| ૨૦૧૧-૧૨ | ૧ | ૩૨ પાનાની મુખ્ય ઉત્તરવહી | ૧૮,૯૦,૬૩૭ | ---- | ૧૮,૯૦,૬૩૭ | રેકર્ડ રજુ નહિ થવાની જાણી શકાયેલ નથી. | |
| | ૨ | ૧૨ પાનાની પુરક ઉત્તરવહી | ૧,૦૨,૬૦૩ | ---- | ૧,૦૨,૬૦૩ | ---- | |
| | ૩ | ૨૪ પાનાની મુખ્ય ઉત્તરવહી | ---- | ૩૦,૦૦,૦૦૦ | ૩૦,૦૦,૦૦૦ | ---- | |
| | ૪ | ૮ પાનાની પુરક ઉત્તરવહી | ---- | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ---- | |
| | ૫ | સ્ટીકર | ૧૭,૩૭,૮૦૬ | ૪૫,૦૦,૦૦૦ | ૬૨,૩૭,૮૦૬ | ---- | |

ફકરા નં. ૩૮(૪)

સને ૨૦૧૦-૧૧ ના વર્ષ દરમ્યાન ઉત્તરવહીની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા સને ૨૦૧૦ માં લેવાનાર વિવિધ પરીક્ષાઓ માટે દિવ્ય ભાસ્કર, ગુજરાત સમાચાર તથા સંદેશ દૈનિક વર્તમાન પત્રમાં તા.૬-૨-૧૦ ના રોજ જાહેરાત આપી ઉત્તરવહી તેમજ ખાખી સ્ટીકર ખરીદવા માટે જાહેરાત આપી ભાવો મંગાવવામાં આવેલ હતા.

(૧) ફાયનાન્સ સમિતિના તા.૨૦-૨-૧૦ ના રોજ મળેલ સભામાં જણાવ્યા મુજબ કુલપતિશ્રીએ નિમેલ સમિતિની ભલામણો ઉપર વિચારણા કરી આવેલ ચાર પાર્ટીઓના ટેકનીકલ બીડની સ્થળ તપાસ કરીને તેમજ ચારેય કંપનીઓને પ્રત્યક્ષ બોલાવીને ચર્ચાને અંતે બે કંપનીના કોમર્શીયલ બીડ ખોલીને તમામ ભાવો માટે વ્યાજબી ભાવો કરવા ચર્ચા કરી જેના આધારે વિલ્સન કંપની અને જય ટ્રેડર્સ સાથે થયેલ ચર્ચાને અંતે વિલ્સન કંપનીએ ભરેલ ભાવ ૪.૮૫ ને બદલે ૪.૮૦ ના ભાવથી ૨૫,૦૦,૦૦૦ મુખ્ય ઉત્તરવહી, રૂ.૧.૯૦ ના ભાવથી પુરક ઉત્તરવહી ૩,૦૦,૦૦૦ તેમજ ૦.૨૪ પૈસાના ભાવથી ખાખી સ્ટીકર નંગ ૫૦,૦૦,૦૦૦ તૈયાર કરવા માટે નક્કી કરવામાં આવ્યુ તેમજ આ બાબતે પરીક્ષા નિયામકનો અભિપ્રાય રજુ થયેલ નથી. ફાઇલ વર્ક ઓર્ડર સામેલ નથી.

સદર કામે આવેલ ચાર કંપનીઓના ભાવ નીચે પ્રમાણે હતા.

| ક્રમ | કંપનીનું નામ | ૩૨ પેજ મુ. ઉત્તરવહી | ૧૨ પેજ પુરક ઉત્તરવહી | ખાખી સ્ટીકર |
|---|---|---|---|---|
| ૧ | ગાલા પ્લસ | રૂ.૪.૧૫ પૈસા | રૂ.૧.૯૦ પૈસા | રૂ.૦.૧૨ પૈસા |
| ૨ | વિલ્સન પ્રિન્ટ સીટી લિ. | રૂ.૪.૮૫ પૈસા | રૂ.૧.૯૦ પૈસા | રૂ.૦.૨૪ પૈસા |
| | નેગોશી. બાદ સુધારીને | રૂ.૪.૮૦ પૈસા | | |
| ૩ | જય ઓફ સેટ | (એ) રૂ.૪.૫૦ પૈસા | રૂ.૨.૬૦ પૈસા | રૂ.૦.૨૭ પૈસા |
| | | (બી) રૂ.૪.૬૦ પૈસા | રૂ.૨.૭૦ પૈસા | --- |
| | | (સી) રૂ.૪.૭૫ પૈસા | રૂ.૨.૯૦ પૈસા | --- |
| ૪ | ગુજરાત ઓફસેટ | રૂ.૫.૪૫ પૈસા | રૂ.૨.૧૨ પૈસા | રૂ.૦.૩૭ પૈસા |

627

ઉપર કુજબ ચાર કંપનીઓના ભાવ આવ્યા છતાં ફાયનાન્સ સમિતિમાં જણાવ્યા મુજબ ફકત બે જ કંપનીના કોમર્શીયલ બીડ ખોલવામાં આવેલ હતા. ગાલા પ્લસ તેમજ ગુજરાત ઓફસેટના કોમર્શીયલ બીડ કયા કારણોસર ખોલવામાં આવેલ ન હતા જે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

સદરહુ કામે આવેલ ટેન્ડર ફાઇલો તથા ટેકનીકલ બીડની ચકાસણી કરતાં આવેલ ચારેય કંપનીઓના ભાવોમાં સૌથી ઓછા ભાવ ગાલા પ્લસના હોવાનું જોવા મળેલ હતુ તેમજ તેઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તદ્દન આ પ્રકારની જ કામગીરી કરેલ હતી તેમજ અન્ય કોઇ અગત્યના ડી. મેરીટ્સ જોવા મળેલ ન હતા આમ ગાલા પ્લસનું ટેકનીકલ બીડ નહીં ખોલવાને કારણે યુનિવર્સિટીને ૩૨ પેજની ખરીદેલ ઉત્તરવહી ૨૯,૮૫,૦૦૦ × ૬૫ પૈસા (૪.૮૦ – ૪.૧૫ ૦.૬૫) લેખે રૂ.૧૯,૪૦,૨૫૦/- નું તેમજ ખાખી સ્ટીકર ખરીદેલ ૩૮,૬૮,૬૦૦ ×૧૨ પૈસા , (૦.૨૪ પૈસા – ૦.૧૨ પૈસા ૧૨ પૈસા) લેખે રૂ.૪,૬૪,૨૩૨/- મળી કુલ રૂ.૨૪,૦૪,૪૮૨/- નું નુકસાન થવા પામેલ છે. જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ટેન્ડરમાં માંગવામાં આવેલ ઉત્તરવહીની સાઇઝ ૮.૫" ૧૧.૫" ઇંચ તથા વજન ૬૦ જી.એસ.એમ. તથા એ-૪ સાઇઝનો કાગળ વાપરવાનો રહેશે. તેમ જણાવેલ જે અંગેની ખરાઇ માટે અત્રેના પ્રા. વાંધા નં. ૧૦૩ તા.૧૭-૭-૧૨ થી છપાઇને આવેલ ઉત્તરવહીઓનું ટેન્ડરમાં દર્શાવેલ સાઇઝ તથા વજન બાબતે વૈજ્ઞાનિક પરીક્ષણ કરાવેલ હોય તો તેની વિગતો પુરી પાડવા જણાવવા છતાં સંસ્થા તરફથી કોઇ વિગત રજુ થયેલ નથી. જેથી ઉત્તરવહીઓ ટેન્ડરની શરત મુજબ છપાઇને આવેલ હોવા બાબતની ઓડિટને ખરાઇ થઇ શકેલ નથી.

**ફકરા નં. ૩૮(૫)**

સને ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ ના વર્ષમાં કરેલ પલ્પીંગ કામમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં પરીક્ષામાં વપરાયેલ ઉત્તરવહીઓની બીજા વર્ષે પલ્પીંગની કામગીરી હાથ ધરવામાં આવતી હોય છે. આમ, સને ૨૦૦૮-૦૯માં વપરાયેલ ઉત્તરવહીની વિગત નીચે પ્રમાણે છે જેનુ પલ્પીંગ માટે ટેન્ડર પ્રક્રિયા કરી ડાયમંડ સ્કેચ ટ્રેડર્સ અમદાવાદને પ્રતિ કિલો રૂ.૧૦.૭૫ પૈસાના ભાવથી આપવાનો ત્રણ વર્ષ માટે કરાર કરેલ. જેના દ્વારા ડીએસજી પેપર્સ પ્રા. લિ. પતિયાલા ખાતે પલ્પીંગ કરાવવામાં આવેલ હતું. સને ૨૦૦૮-૦૯ ના વર્ષ દરમ્યાન વપરાયેલ ઉત્તરવહીઓની વિગતે નીચે પ્રમાણે હતી જે સને ૨૦૦૯-૧૦ માં પલ્પીંગ કરાવવામાં આવેલ છે.

| ક્રમ નં. | વિગત | વપરાશ | વજન | કુલ વજન |
|---|---|---|---|---|
| ૧ | ૩૨ પેજ મુ. ઉત્તરવહી | ૨૧,૩૦,૫૧૩ | ૬૦ ગ્રામ | ૧,૨૧,૮૩૦ કિ. ગ્રા. |
| ૨ | ૧૨ પેજ પુરક ઉત્તરવહી | ૬,૯૪,૦૧૭ | ૨૨.૬૮ ગ્રામ | ૧૫,૭૪૦ કિ. ગ્રા. |
| ૩ | ૪ પુરક ઉત્તરવહી | ૩,૧૩,૯૦૫ | ૭.૫૬ ગ્રામ | ૨,૩૭૩ કિ. ગ્રા. |
| કુલ | | | | ૧,૩૯,૯૪૩ કિ. ગ્રા. |

ઉપરોકત વિગત જોતાં વપરાયેલ ઉત્તરવહીનું કુલ વજન ૧,૩૯,૯૪૩ કિ. ગ્રામ થવુ જોઇએ જ્યારે પલ્પીંગ માટે મોકલાવેલ ઉત્તરવહીનું વજન ૨૯,૭૨૦ કિ. ગ્રામ થયેલ હતુ આમ ૧,૧,૦,૨૨૩ કિ. ગ્રામની ઘટ પડવા પામેલ છે અને રૂ.૧૦.૭૫ પૈસાનો ભાવ ગણતાં રૂ.૧૧,૮૪,૮૯૫/- નું નુકસાન થવા પામેલ છે જે બાબતે જવાબદારોથી રેકર્ડ આધારિત ખાત્રી થવી ઘટે.

વર્ષ ૨૦૦૯-૧૦ ના વર્ષ દરમ્યાન વપરાયેલ ઉત્તરવહીઓની વિગત નીચે મુજબ છે અને જેનું સને ૨૦૧૦-૧૧ ના વર્ષમાં પલ્પીંગ કરવામાં આવેલ હતુ.

| ક્રમ નં. | વિગત | વપરાશ | વજન | કુલ વજન |
|---|---|---|---|---|
| ૧ | ૩૨ પેજ મુ. ઉત્તરવહી | ૧૭,૨૮,૮૫૦ | ૬૦ ગ્રામ | ૧,૦૩,૭૩૧ કિ. ગ્રા. |
| ૨ | ૧૨ પેજ પુરક ઉત્તરવહી | ૭,૯૬,૨૦૦ | ૨૨.૬૮ ગ્રામ | ૧૮,૦૫૭ કિ. ગ્રા. |
| ૩ | ૪ પુરક ઉત્તરવહી | ૨,૫૮,૫૦૦ | ૭.૫૬ ગ્રામ | ૧,૯૫૪ કિ. ગ્રા. |
| કુલ | | | | ૧,૨૩,૭૪૨ કિ. ગ્રા |

629

ઉપરોકત વિગતો જોતાં વપરાયેલ કુલ ઉત્તરવહીઓનું વજન ૧,૨૩,૭૪૨ કિ. ગ્રામ થવું જોઇએ જયારે પલ્પીંગ માટે ડાયમન્ડ સ્ક્રેપને મોકલી આપેલ ઉત્તરવહીઓનું વજન ૩૧૫૬૫ કિ. ગ્રામ થવા પામેલ હતુ આમ ૯૨૧૭૭ કિલો ગ્રામનો ઘટ પડેલ હતો ડાયમંડ સ્ક્રેપના ભાવ પ્રતિ કિલો રૂ.૧૦.૭૫ ગણતાં રૂ.૯,૯,૯૦૨/- નું નુકસાન થવા પામેલ હતુ જે બાબતે જવાબદારોથી રેકર્ડ આધારિત સ્પષ્ટતા થવા વિનંતી.

વધુમાં ડાયમન્ડ સ્ક્રેપ ટ્રેડર્સ દ્વારા પલ્પીંગ માટે ખરીદેલ ઉત્તરવહીઓનું પલ્પીંગનું કામ ધરતી પેપર મીલ ધરતી પેપર એન્ડ વિનિંગ નંદાસણ મહેસાણા ખાતે કરાવેલ છે. ફાઇલે પલ્પીંગ સમયે યુનિવર્સિટીએ બે કર્મચારીઓને મોકલવા માટેની નોંધ થયેલ છે પરંતુ તેઓની હાજરીમાં પલ્પીંગ થયા અંગેનું ધરતી પેપર મીલ ધરતી પેપર એન્ડ વિનિંગનું પ્રમાણપત્ર સામેલ રાખવામાં આવેલ નથી. જેથી ખરેખર યોગ્ય રીતે પલ્પીંગની કામગીરી થયેલ છે કે કેમ તેની ખાત્રી થઇ શકેલ નથી.

ઉપરોકત તમામ મુદ્દાઓ બાબતે મુદ્દાસર રેકર્ડ આધારિત ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

વાંધા હેઠળ રૂ.૨૪,૪૦,૪૮૨/-

630

**ફકરા નં. ૩૮(૬)**

સેલ્ફ ફાયનાન્સ કોલેજોને મંજુરી તથા ડેવલપમેન્ટ ફંડ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ અંતર્ગત સને ૨૦૦૬ થી તા.૩૧-૭-૧૨ દરમ્યાન કુલ ૧૯૨ સેલ્ફ ફાયનાન્સ કોલેજો હતી જુદી – જુદી વિદ્યા શાખાની કોલેજો પાસેથી ડેવલપમેન્ટ ફંડ પેટે રૂ.૨,૫૫૯.૫ લાખ વસુલ કરવામાં આવેલ છે. આ ફંડ ચુકવવામાંથી કોઇ કોલેજને મુક્તિ આપવામાં આવેલ નથી.

સલંગ્ન કોલેજો પૈકીની ખુબજ ઓછી વિદ્યાર્થી સંખ્યા ધરાવતી બી. બી. એ. કોલેજોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કોલેજનું નામ | શૈક્ષણિક વર્ષ | રકમ |
|---|---|---|---|
| ૧ | દિવાબા બી. બી. એ. કોલેજ એનાસણ | ૧૧-૧૨ થી | ૭.૫૦ લાખ |
| ૨ | રૂદ્ર બી. બી. એ. કોલેજ વહેલાલ | !! | ૭.૫૦ લાખ |
| ૩ | આર.એમ.ટી ગ્રુપ બી. બી. એ. કોલેજ ભોયણી | !! | ૭.૫૦ લાખ |
| ૪ | કામેશ્વર બી. બી. એ. કોલેજ સરગાસણ | !! | ૭.૫૦ લાખ |
| ૫ | કલોલ તાલુકા કેળવણી મંડળ બી. બી.એ. કોલેજ કલોલ | !! | ૭.૫૦ લાખ |
| ૬ | બ્રહ્માનંદ બી. બી. એ. કોલેજ હાથીજણ | !! | ૭.૫૦ લાખ |
| | કુલ | | ૪૫,૦૦,૦૦૦/- |

સને ૨૦૦૫-૦૬ થી નવુ જોડાણ મેળવેલી કોલેજ નીચે મુજબ છે.

| અ. નં. | કોલેજનું નામ | શૈક્ષણિક વર્ષ | પ્રતિ વર્ષ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | એન. એમ. ઝાલા આર્ટસ અને કોમર્સ કોલેજ નરોડા | ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ | ૫,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |
| ૨ | શેઠ સી. એલ. કોમર્સ કોલેજ રખિયાલ | !! | ૫,૦૦,૦૦૦ | ૨૫.૦૦.૦૦૦ |
| ૩ | શ્રીમતી આર બી. પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ સાણંદ | !! | ૫,૦૦,૦૦૦ | ૨૫,૦૦,૦૦૦ |
| | કુલ | | | ૭૫,૦૦,૦૦૦ |

આમ ઉપરોકત જણાવેલ ૬ કોલેજોના રૂ.૭.૫૦ લાખ લેખે સને ૨૦૧૧-૧૨ ના રૂ.૪૫,૦૦,૦૦૦/- તેમજ નવા જોડાણ મેળવેલ ૩ કોલેજોના રૂપિયા પાંચ લાખ લેખે અને ૨૦૦૭-૦૮ થી ૨૦૧૧-૧૨ ના પાંચ વર્ષના રૂ.૭૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૧,૨૦,૦૦,૦૦૦/- ડેવલપમેન્ટ ફંડ પેટે વસુલાતના બાકીમાં રહે છે જે માટે યુનિવર્સિટીએ શું પગલાં લીધો તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ આ નહીં ભરેલ ડેવલપમેન્ટ ફંડ નહીં ભરવા સબબ દંડની કોઇ જોગવાઇ નહીં રાખવા બદલ પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા સેલ્ફ ફાયનાન્સ કોલેજો પાસેથી ડેવલપમેન્ટ ફંડ તરીકે ફી ઉઘરાવવાનું નક્કી કરેલ હતુ તે માટે કોઇ ધારા ધોરણો કે નિયમો બતાવવામાં આવેલ નથી કઇ કોલેજ પાસેથી કેટલી ફી લેવી તેમજ આ પ્રકારે ઉઘરાવેલ ફંડનો ઉપયોગ કયા હેતુ માટે કરવો તે અંગે યુનિવર્સિટી એકટમાં પણ કોઇ જોગવાઇ કરવામાં આવેલ નથી. જે બાબતે જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વાં. નં. ૧૦૬, તા.૧૩-૮-૧૨ તેમજ પ્રા. વા. નં. ૧૧૩, તા. ૨૭-૮-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહય રાખી શકાય તેમ નથી.

(632)

**ફકરા નં. ૩૮(૭)**

ગુજરાત યુનિવર્સિટી એસ્ટેટ વિભાગ દ્વારા કરાવેલ બાંધકામના કામોમાં જણાયેલી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૭-૦૯ ના અન્વેષણ દરમ્યાન નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગરના તા.૬-૮-૧૨ ના પત્ર અનુસંધાને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં. ૧/૧૨ માં દર્શાવેલ મુદ્દાઓ અનુસંધાને એસ્ટેટ વિભાગ દ્વારા સને ૨૦૦૬ થી તા.૩૧-૭-૧૨ દરમ્યાન કરેલ કામોની વિગતો માંગતા નીચે જણાવેલ કામોની ફાઇલો ઓડિટમાં રજુ કરેલ હતી.

| ક્રમ | કામનું નામ | ઇજારદારનું નામ | મંજુર કરેલ રકમ |
|---|---|---|---|
| ૧ | વુમન ડેવલપમેન્ટ | પી. સી. સ્નેહલ | ૪૬,૯૬,૭૦૪ |
| ૨ | રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર | !! | ૭૯,૯૫,૩૩૮ |
| ૩ | એચ. કે. ટ્રેનીંગ સેન્ટર એક્ષ્ટેન્શન | સામવિત બિલ્ડ કેર | ૪૧,૫૯,૬૦૯ |
| ૪ | પ્રોફેશનલ મેનેજમેન્ટ સ્ટડી સેન્ટર | પી. સી. સ્નેહલ | ૩,૭૮,૧૫,૫૭૦ |
| ૫ | બાયો કેમેસ્ટ્રી ફોરેન્સીક સાયન્સ | !! | ૧,૭૦,૭૪,૩૪૧ |
| ૬ | ગેસ્ટ હાઉસ એકેડેમીક સ્ટાફ કોલેજ | !! | ૧,૩૨,૧૩,૭૫૦ |
| ૭ | લેડીઝ હોસ્ટેલ બ્લોક | હર્ષદ શાહ કું. | ૧,૬૭,૩૩,૨૫૮ |
| ૮ | સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ચેઝીંગ રૂમ | !! | ૩૪,૫૭,૮૯૦ |
| | કુલ | | ૧૦,૫૧,૪૬,૪૬૦ |

૨. ઉપરોકત રજુ કરેલ ફાઇલોની ચકાસણી કરતાં બાંધકામ સમિતિની તા.૨૦-૮-૨૦૦૯ ની સભાના ઠરાવ નં. ૬ થી બાંધકામને લગતા આનુસંગિક કામો માટે આર્કિટેક્ટ / કન્સલ્ટંટ મે. એલ. જે. પુરાણી એન્ડ એસોસીએટ્સ પાસેથી કાર્યવાહી કરવાનું રાખવું તેમ ઠરાવેલ છે સદરહુ કન્સલ્ટંટ તરીકે એલ. જે. પુરાણીની નિમણુંક માટે કાયદેસરની તેમજ નિયમોનુસારની કાર્યવાહી એટલે કે ટેન્ડરો મંગાવી કરવામાં આવેલ હતી કે કેમ તે ટેન્ડર જાહેરાત, ટેન્ડર ફાઇલ, તુલનાત્મક પત્રક, વર્ક ઓર્ડર, કમ્પ્લીશન સર્ટી વિગેરે રજુ નહી થવાને કારણે ચકાસણી થઇ શકેલ નથી

૩. સદરહુ કામો અંગે કરવામાં આવેલ જાહેરાત / ટેન્ડર પ્રક્રિયાની ફાઇલોની વિગતો માંગતા બાધકામ સમિતિની તા.૩-૨-૦૭ ની મીનીટસ રજુ કરેલ હતી જેની બાબત ક્રમાંક:૨ માં જણાવ્યા મુજબ યુનિવર્સિટી અંતર્ગત કરવાના થતા ૫૦ લાખથી નીચેના

સિવિલ કામો માટે આવેલ પ્રિ. કવોલીફીકેશનના ૨૧ ટેન્ડરો પરથી મે.એલ. જે. પુરાણી એસોસીએટ્સ દ્વારા વિગતો જેવી કે બાંધકામનો અનુભવ કરેલા કામો અને તેની કિંમતો ટેકનીકલ સ્ટાફની વિગતો જેવી કે તેઓનો બાંધકામનો અનુભવ, સાધન સામગ્રીની માહિતિ વિગેરેની ચકાસણી કર્યાબાદ તૈયાર કરેલ તારણ પત્રક પરથી જે કોન્ટ્રાકટરો ૬૫ માર્કસ કે તેથી વધુમાં આવે છે તે મુજબના કોન્ટ્રાકટરોની પેનલ બનાવીને કામો સોંપવાની કાર્યવાહી કરવામાં આવેલ હતી અને હવે પછી જરૂર જણાય ત્યારે તેઓની પાસેથી ભાવો મંગાવી ઘટતી કાર્યવાહી કરવી તેમ નક્કી થયેલ હતુ.

ઉપરોકત વિગતો જોતાં સદર ૨૧ કોન્ટ્રાકટરોમાંથી તા.૩-૨-૦૭ ની બાંધકામ સમિતિની સભાના ઠરાવ નં. ૨ માં જણાવ્યા મુજબ નવ કોન્ટ્રાકટરોની પેનલ બનાવવામાં આવેલ હતી યુનિવર્સિટી દ્વારા આ પ્રકારે ૨૧ કોન્ટ્રાકટરો તેમજ નિયુકત નવ કોન્ટ્રાકટરોમાં મે. પી. સી. સ્નેહલનું કોઇ જગ્યાએ નામ ન હોવા છતાં ઉપરોકત દર્શાવેલ આઠ કામો પૈકી પાંચ કામો પી. સી. સ્નેહલને સોંપવામાં આવેલ હતાં અને તે માટે કોઇ ટેન્ડર પ્રક્રિયા કરેલ હતી કે કેમ તે ફાઇલ ઉપરથી જાણી શકાયેલ નથી.

આમ પી. સી. સ્નેહલનું પેનલમાં નામ ન હોવા છતાં પાંચ કામો સોંપવા સબબ સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં સોંપેલ સદર કામોમાં ક્રમ નં. ૨ તથા ક્રમ નં. ૪, ૫ અને ૬ નંબર ન કામો પચાસ લાખથી વધુ રકમના હોવા છતાં કેવા સંજોગોમાં તેઓને કામ આપવામાં આવેલ છે તે બાબતે જવાબદારેથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.
વધુમાં ઉકત બાંધકામ સમિતિના ઠરાવ નં. ૨ મુજબ ફકત પચાસ લાખથી નીચેના કામો માટે જ સદર પેનલમાંથી ભાવો મંગાવી કામો કરાવવાના થતા હતા ઉપર જણાવેલ આઠ કામો પૈકી ફકત ત્રણ કામો જ પચાસ લાખથી નીચેના છે બાકીના કામો પચાસ લાખથી વધુ રકમના હોવા છતાં પેનલના જ કોન્ટ્રાકટરોને કામ આપવામાં આવેલ છે જે ઉકત ઠરાવ સાથે સુસંગત નથી આ કામો માટે નિયમોનુસાર જાહેરાત પ્રક્રિયાથી ટેન્ડરો મંગાવી સૌથી ઓછા ભાવ વાળી પાર્ટી પાસે જ કામ કરાવવું જોઇએ જે નહી કરાવવા બદલ જવાબદારોથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

૪. બાંધકામ સમિતિના તા.૨૨-૪-૧૦ ની સભાના ઠરાવ નં. ૫ માં જણાવ્યા મુજબ પ્રોફેશનલ સ્ટડીઝના બિલ્ડીંગ માટે પ્લાન / અંદાજો તથા આનુસંગિક કાર્યવાહી કરવા અંગે દાતાશ્રી સાથે વાટાઘાટો કરી કામકાજ કરવા માટે ખુટતી કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી તેમ જણાવેલ છે સદર બાબતે આ બિલ્ડીંગ માટે કયા દાતાશ્રી તરફથી કેટલી રકમ, કઇ શરતોને આધીન દાન પેટે આપેલ છે. તેમજ આ કામ માટે

ઠરાવમાં જણાવ્યા મુજબ મા. કુલપતિશ્રીએ દાતાશ્રી સાથે વાટાઘાટો કરી તેમાં દાતાશ્રીનો સો અભિપ્રાય હતો તે અંગેની સઘળી વિગતો ઓડિટે રજુ કરવી ઘટે. દાતા તરફથી જે હેતુ માટે દાન આપેલ હતું તે જ હેતુ માટે રકમનો ઉપયોગ થયેલ હતો કે કેમ તે બાબતે ઓડિટને ખાત્રી કરાવવી રહે.

૫. ઉપરોકત વિગતો જોતાં સમગ્ર રીતે તા.૩-૨-૦૭ ની બાંધકામ સમિતિની સભાના ઠરાવ નં. ૨ નું સંપુર્ણ પણે ઉલ્લંઘન કરવામાં આવેલ હોય તેમ જણાય છે અને પસંદગીના ઇજારદારોને જ લાભ કરી આપવામાં આવેલ હોય તેમ જણાય છે આમ, નાણાંકિય ઔચિત્યના સિધ્ધાંતોનો સદંતર ભંગ કરવામાં આવેલ છે જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં સદર કામો અંગેની તમામ ફાઇલો દફતરની માંગણી કરવાં છતાં સંસ્થા દ્વારા ફકત આઠ કામોની ફાઇલો કે જેમા વર્ક ઓર્ડર, ઇજારદાર દ્વારા રજુ કરેલ બિલોની જ વિગતો જોવા મળેલ છે ઇજારદારને કામ વાઇઝ થયેલ ચુકવણાની વિગતો ઓડિટે રજુ કરવી ઘટે. તેમજ બાંધકામ રજિસ્ટર રજુ થયેલ ન હોઇ કામ કયારે શરૂ થયેલ, કામ કયારે પૂર્ણ થયેલ, કામની અંદાજીત રકમ, ટેન્ડરની રકમ, ખરેખર થયેલ ખર્ચની રકમ, ખર્ચ વધે કે ઓછો થયેલ હોય તો નિયમાનુસારની કાર્યવાહી થયેલ છે કે કેમ? તથા કામ સમયમર્યાદામાં પૂર્ણ થયેલ છે કે કેમ? મુદ્દત વધારો આપેલ છે. તે અંગેની વિગતો જાણી શકાયેલ નથી. તેમજ કામની માપપોથીઓ રજુ થયેલ ન હોઇ માપના વાજબીપણાની ખાત્રી થઇ શકેલ નથી.

પ્રા. વાં. નં. ૧૧૮, તા.૧૨-૯-૧૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ – રૂ.૧૦,૫૧,૪૬,૪૬૦/-

(635)

ફકરા નં. ૩૮(૮)

ખાનગી સીકયુરીટીના આપેલ કોન્ટ્રાકટમાં જણાયેલી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ દ્વારા ખાનગી સીકયુરીટી સલામતિના કારણોસર રોકવામાં આવતી હોય છે સને ૨૦૦૭-૦૮ ના વર્ષ માટે યુનિવર્સિટી દ્વારા રજુ કરેલ રેકર્ડની ચકાસણી કરતાં કઇ સીકયુરીટી કંપનીને કયા દરે કેટલા સીકયુરીટી / ગાર્ડ માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો તેની પુરતી ચકાસણી અ વ્યવસ્થિત રીતે નિભાવેલ રેકર્ડને કારણે થઇ શકતી નથી. તેમજ સાચી વિગતો જાણી શકાયેલ નથી.

સને ૨૦૦૮-૦૯ ના વર્ષ માટે ખાનગી સીકયુરીટી માટે કયા વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવેલ હતી. તે જાણી શકાયેલ નથી તા.૧-૧૧-૦૮ થી તા. ૩૧-૧૦-૦૯ ના વર્ષ દરમ્યાન રૂ.૩,૦૦૦/- ના માસિક ભાવે શીવ સીકયુરીટી અને રાજપુત સીકયુરીટી સાથે નેગોશીયેશન કરવામાં આવેલ અને તેઓને વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો.

વધુમાં શીવ સીકયુરીટીને પત્ર નં. ૯૬૭૨, તા. ૨૬-૧૧-૦૮ થી ઉચ્ચક માસિક રૂ.૧,૪૭,૦૦૦/- સેવા કર મુજબ તા. ૧-૧૧-૦૮ થી તા.૩૧-૧૦-૦૯ સુધી સલામતી ગાર્ડ પુરા પાડવા માટે ઓર્ડર આપવામાં આવેલ સદર ઓર્ડરમાં કેટલા સીકયુરીટી ગાર્ડ માટે કરાર કરવામાં આવેલ હતો તે અંગેની કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. તેજ પ્રમાણે પત્ર નં. ૪૦૭૫૬ તા.૨૪-૧૨-૦૮ થી હથિયાર ધારી સલામતી ગાર્ડ ૨૪ કલાક માટે (૮ કલાકની શીફટ મુજબ) માસિક ઉચ્ચક રૂ.૧૪૩૭૦/- સેવા કર મુજબ તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૧૦-૦૯ સુધી કાયમી ધોરણે પુરા પાડવા માટે ઓર્ડર આવેલ હતો.

વધુમાં રાજપુત સીકયુરીટીઝને પણ પત્ર નં. ૯૬૭૪, તા.૨૬-૧૧-૦૮ માસિક ઉચ્ચક રૂ.૯૩,૦૦૦ +સેવાકર મુજબ તા.૧-૧૧-૦૮ થી તા.૩૧-૧૦-૦૯ સુધી કાયમી ધોરણે સલામતી ગાર્ડ પુરા પાડવા માટે કોન્ટ્રાકટ આપવામાં આવેલ માસિક ધોરણે રૂ.૩,૦૦૦/- ના ભાવથી કોન્ટ્રાકટ આપવામાં આવેલ હોવા છતાં શીવ સીકયુરીટીઝ તથા રાજપુત સીકયુરીટીઝને માસિક ઉચ્ચક ધોરણે કોન્ટ્રાકટ આપવા બાબતે સ્પષ્ટતા થવીઘટે તેમજ ઉચ્ચક આપવામાં આવેલ કોન્ટ્રાકટમાં કુલ કેટલા ગાર્ડ માટે કોન્ટ્રાકટ આપવામાં આવે છે તે અંગે કોઇ સ્પષ્ટતા થયેલ નથી. તેમજ આ પ્રકારે આપેલ કોન્ટ્રાકટ બાબતેના કાયદેસરના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવો જોઇએ જે પણ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ હોવાનું ફાઇલ ઉપરથી ફલીત થતુ નથી તો આ બાબતે પણ જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

સને ૨૦૦૯-૧૦ ના વર્ષની ફાઇલની ચકાસણી કરતાં તા.૭-૧-૧૦ ના પત્ર નં. ૧૧૪૦૯ થી રાજપુત સીકયુરીટી સર્વિસીસને કુલ ૩૧ સલામતી ગાર્ડને ઉચ્ચક માસિક રૂ.૯૩,૦૦૦/- થી તા. ૧-૧૧-૦૯ થી તા. ૩૧-૧૦-૧૦ સુધી એક વર્ષ માટે કોન્ટ્રાકટ રીન્યુ કરેલ છે.

તેજ પ્રમાણે સને ૨૦૦૯-૧૦ માટે તા. ૭-૧-૧૦ ના પત્ર નં. ૧૧૪૦૮ થી ૭૬ સીકયુરીટી ગાર્ડ માટે ઉચ્ચક માસિક રૂ.૨,૨૮,૦૦૦/- + સેવાકર સાથે તા.૧-૧૧-૦૯ થી તા. ૩૧-૧૦-૨૦૧૦ સુધી કાયમી ધોરણે ગાર્ડ પુરા પાડવા માટે શીવ સીકયુરીટીનો કોન્ટ્રાકટ રીન્યુ કરેલ છે આમ અગાઉના વર્ષમાં શીવ સીકયુરીટીને રૂ.૧,૪૭,૦૦૦/- માં કોન્ટ્રાકટ આપવામાં આવેલ હતો તેને બદલે ૨૦૦૯-૧૦ માં માસિક ઉચ્ચક રૂ.૨,૨૮,૦૦૦/- ના દરે કોન્ટ્રાકટ રીન્યુ કરવા બાબતે ઓડિટને આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

સને ૨૦૧૦-૧૧ ના વર્ષ માટે દિવ્ય ભાસ્કર, સંદેશ તથા ગુજરાત સમાચાર દૈનિક વર્તમાનપત્રોમાં તા.૧૬-૧૦-૧૦ ના રોજ જાહેરાત આપી ભાવો મંગાવેલ હતા કામે કુલ કેટલા ટેન્ડરો વેચાયેલ હતા અને કેટલા ભરાઇને પરત આવેલ હતા તેમજ કઇ પાર્ટીના ભાવો સૌથી ઓછા હતા તે બાબતે ફાઇલે કોઇ વિગતન હોવાને કારણે જાણી શકાયેલ નથી.

તા.૧-૪-૧૧ થી તા.૩૧-૩-૧૨ સુધીના સમયગાળા માટે કુલ ૧૦૦ સીકયુરીટી ગાર્ડ માટેની જરૂરીયાત રહેશે તેવુ એસ્ટેટ એન્જિનિયરની નોંધ ઉપર જોવા મળેલ છે પરંતુ આ બાબતે શીવ સીકયુરીટીને તા.૧-૪-૧૧ થી તા.૩૧-૩-૧૨ સુધી કેટલા સીકયુરીટી ગાર્ડ માટે વર્ક ઓર્ડર આપવામાં આવે છે તે બાબતનો ઉલ્લેખ શીવ સિકયુરીટીને તા.૨૩-૩-૧૧ ના પત્રથી આપેલ વર્ક ઓર્ડરમાં કોઇ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. વર્ક ઓર્ડર પ્રતિ માસ રૂ.૪૧,૦૦૦/- લેખે એક ગાર્ડ પ્રમાણે વર્ક ઓર્ડર આપેલ હતો. શીવ સીકયુરીટી દ્વારા ટેન્ડરમાં જણાવ્યા મુજબ રૂ.૫,૦૦,૦૦૦/- સીકયુરીટી ડીપોઝીટ ભરવાની થતી હતી જેની સામે પહોંચ નં. ૧૦૧ તા.૧-૪-૧૧ થી રૂ.૧,૦૦,૦૦૦/- ની જ સીકયુરીટી ડીપોઝીટ ભરેલ હોવાનું ફાઇલ ઉપરથી જોવા મળેલ છે. આમ, નક્કી કરેલ ડિપોઝીટ કરતાં ઓછી ડીપોઝીટ સ્વીકારી કયા સંજોગોમાં વર્ક ઓર્ડર આપવામાં આવેલ હતો તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં ઉકત તમામ કિસ્સાઓમાં નિયમોનુસાર સ્ટેમ્પ પેપર ઉપર કોઇ કરાર કરવામાં આવતા હોવાનું જોવા મળેલ નથી. તેમજ અગાઉના વર્ષોમાં પાર્ટીઓએ સીકયુરીટી ડીપોઝીટ ભરેલ હતી કે કેમ તે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે. યુનિવર્સિટી દ્વારા રજુ કરેલ તમામ ફાઇલોની ચકાસણી કરતાં અવાર નવાર અલગ - અલગ કારણો દર્શાવી કરારની મુદતો લંબાવી ટેન્ડર પ્રક્રિયા નિયત સમયે નહી કરી ઇજારદારને લાભ કરાવી આપવામાં આવતો હોવાનું ઓડિટે ધ્યાને આવેલ છે આમ નિયત સમયગાળા દરમ્યાન ટેન્ડર પ્રક્રિયા નહીં કરી કોન્ટ્રાકટ રીન્યુ કરાવવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રા. વા. નં. ૧૧૨, તા.૨૭-૮-૧૨ નો સંસ્થાએ કરેલ જવાબ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(637)

## ફકરા નં. ૩૮(૯)

પહોંચબુકના હિસાબોનું રજિસ્ટર નહીં નિભાવવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૯-૧૦-૧૧-૧૨ ના વર્ષ દરમ્યાન અલગ – અલગ ૬૨ પ્રકારની પહોંચોથી ખુબ જ મોટા પ્રમાણમાં આવકો થયેલ હતી જેની વિગત નીચે પ્રમાણે હતી.

| ક્રમ | આવકની વિગત | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|
| ૧ | પરીક્ષા ફીની આવક | ૭,૫૫,૦૮,૯૯૯ | ૮,૯૧,૦૨,૦૫૨ | ૧૦,૧૮,૩૧,૬૬૮ |
| ૨ | પ્રકાશનોની આવક | ૧,૧૭,૦૬,૫૦૪ | ૧,૧૪,૨૧,૯૭૩ | ૨,૧૬,૨૮,૧૧૧ |
| ૩ | અન્ય ફીની આવક | ૩,૭૮,૭૭,૦૮૪ | ૫,૫૬,૦૬,૦૭૧ | ૩,૬૩,૩૯,૭૮૪ |
| ૪ | પરચુરણ આવક | ૨,૩૪,૩૮,૫૬૪ | ૧,૭૬,૯૦,૧૪૬ | ૧,૦૮,૩૩,૫૯૭ |
| ૫ | કોમ્પ્યુ. સેન્ટરની આવક | ૪,૭૮,૧૨૫ | ૩,૬૩,૪૯૫ | ૩,૦૩,૬૦૫ |

ઉપરોકત વિગતોએ પહોંચ બુકો છપાઇને હિસાબી શાખામાં આવતી હોય છે આ પ્રકારે આવેલ પહોંચ બુકોને વિગતવાર નિયમોનુસાર સ્ટોક રજિસ્ટરે જમા લેવાની હોય છે ત્યારબાદ યુનિવર્સિટીના અલગ – અલગ કાઉન્ટરો ઉપર જરૂરીયાત મુજબ ફાળવણી કરવામાં આવતી હોય છે જે અંગેનું કોઇ રજિસ્ટર નહીં નિભાવવાને કારણે કયા પ્રકારની પહોંચોનો કેટલો જથ્થો વર્ષની શરૂઆતમાં હતો, વર્ષ દરમ્યાન કેટલી અને કયા પ્રકારની પહોંચો નવી છપાઇને આવેલ તેમાંથી અલગ – અલગ કાઉન્ટરો ઉપર કયા પ્રકારની કેટલી પહોંચોની ફાળવણી કરવામાં આવેલ અને વર્ષના અંતે કયા પ્રકારની કેટલી પહોંચબુકો હાથ ઉપર રેહવા પામેલ હતી તે અંગેની ખાત્રી થઇ શકેલ નથી.

આ પ્રકારનું દફતર અદ્યતન રીતે તૈયાર કરી ઓડિટે ખાત્રી કરાવેલ નથી આ બાબત ઘણી ગંભીર છે જેને કારણે ઘણી અનિયમિતતાઓ સર્જાવાનો અવકાશ રહે છે.

પ્રા. વાં. નં. ૧૧૬, તા.૭-૯-૧૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

## પ્રમાણપત્રો

63ક

### પ્રમાણપત્ર ૧:

---

(ક) સંસ્થાના હિસાબો અધુરા હોવાથી તેમજ ઓડિટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડિટ રીપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતા સાચા હોવાનું પ્રમાણિત થઇ શકે તેમ નથી.

(ખ) ઓડિટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટી રૂપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારક માલુમ પડેલ નથી. હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરૂર છે. હિસાબો કયા નિયમ્‌ને આધારે નિભાવવામાં આવે છે તેની ઓડિટને માહિતી મળેલ નથી. વાર્ષિક હિસાબ અને લેજરમાં દર્શાવેલ આવક / ખર્ચના હિસાબોની ચકાસણી સંલગ્ન રેકર્ડ સાથે થઇ શકેલ નથી.

(ગ) ઓડિટ દરમ્યાન ૧૩૦ પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા. જેમાંથી યુનિવર્સિટીએ ૪૨ પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી.

(ઘ) ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પુર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

(ચ) નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

| | | |
|---|---|---|
| જિલ્લા સહાયક નિરીક્ષક | **સંયુક્ત નિરીક્ષક** (ગરેકમ) | નિરીક્ષક 1.9.2014 |
| સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ |
| અમદાવાદ | ગાંધીનગર. | ગુજરાત રાજય, |
| | | અમદાવાદ |

૬૩૧

# ગુજરાત યુનિવર્સિટી સને ૨૦૦૯-૨૦૧૦
## આવક – ખર્ચ ના હિસાબો દર્શાવતું પત્રક

| ક્રમ | આવક | રૂપિયા | ક્રમ | ખર્ચ | રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | પરીક્ષા ફીની આવક | ૭૫૫૦૯૦૦૦ | ૧ | કર્મચારી વર્ગ ખર્ચ | ૭૧૮૩૫૩૪૬ |
| ૨ | અન્ય ફીની આવક | ૩૭૮૭૭૦૮૪ | ૨ | કુલપતિ કાર્યાલય ખર્ચ તથા મુસાફરી ભથ્થાના ખર્ચ | ૧૦૪૪૩૬ |
| ૩ | પ્રકાશનોની આવક | ૧૧૭૦૬૫૦૪ | ૩ | પરીક્ષા ખર્ચ | ૧૧૪૩૮૪૫[illegible] |
| ૪ | ગ્રાન્ટ | ૨૩૨૩૫૯૨૧૬ | ૪ | મુસાફરી ભથ્થા | ૬૨૪૧૫૨ |
| ૫ | પરચુરણ આવક | ૨૩૪૩૮૫૬૪ | ૫ | મુદ્રણલેખન સામગ્રી તથા ટપાલ ખર્ચ | ૯૯૨૫૨૭ |
| ૬ | અનુસ્નાતક શિક્ષણકાર્ય | ૧૮૬૭૪૭૧૫ | ૬ | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃત્તિ વગેરે | --- |
| ૭ | આરોગ્ય કેન્દ્ર આવક | ૮૬૨૬ | ૭ | રમત – ગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | |
| ૮ | અતિથી ગૃહ આવક | ૩૬૩૫૦ | | (અ) વ્યાયામ પ્રવૃતિ | ૧૫૨૧૩૯૩ |
| ૯ | યુનિવર્સિટી છાત્રાલય | ૭૦૧૬૨૮ | | (બ) યુવક કલ્યાણ પ્રવૃતિ | ૪૯૦૬૩૨ |
| ૧૦ | જમીન આવક | ૨૮૪૪૨૦૦ | | (ક) રાષ્ટ્રીય સેવા યોજના | ૨૮૧૦[illegible] |
| ૧૧ | યુનિવર્સિટી ગ્રંથાલય | ૫૩૮૮૯ | | (ડ) આરોગ્ય કેન્દ્ર | ૧૯૧૮૭૪૪ |
| ૧૨ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન | ૩૮૫૯૦૦ | | (ઇ) શિક્ષણ પુરક ખર્ચ | ૩૯૨૦૩૭ |
| ૧૩ | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક | ૪૭૮૧૨૫ | ૮ | પ્રકાશનો અને તે માટેની ગ્રાન્ટ | ૧૫૬૧૧૯૧ |
| ૧૪ | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક | ૩૯૦૦૬૦ | ૯ | વીમા કર કાનુની ખર્ચ | ૫૦૬૮૬૯૬ |
| ૧૫ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન આવક | ૨૨૮૦૦ | ૧૦ | બીજા કાર્યાલય ખર્ચ | ૨૧૨૭૮૦૯૭ |
| ૧૬ | આઇ. એ. એસ. તાલીમ વર્ગની આવક | --- | ૧૧ | બીજી સંસ્થાઓની સભાસદ ફી | ૨૩૮૦૨૧ |
| ૧૭ | માસ્ટર ઓફ ફીઝીકલ એજ્યુકેશન | ૪૪૫૬૩૫ | ૧૨ | શિક્ષણ તથા સંશોધન | ૯૦૧૦૩૪૪૮ |
| ૧૮ | પત્રકારત્વ વિભાગ | ૫૮૧૦૦ | ૧૩ | જમીન જાયદાદ | ૧૧૮૪૦૩૮૩ |
| | | | ૧૪ | છાત્રાલયો | ૧૬૦૦૭૯૩ |

(૬૫૦)

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૧૫ | ગ્રાંટમાંથી ખર્ચ | ૬૭૨૮૫૦૮૬ |
| | કુલ આવક રૂ. | ૪૦૪૯૯૦૩૯૬ | ૧૬ | ઇનામો, શિષ્યવૃત્તિ, ચંદ્રકો વગેરેનું ખર્ચ | |
| | | | ૧૭ | ગ્રંથાલય ખર્ચ | ૪૯૮૬૭૭૪ |
| ૧૯ | આવક કરતા ખર્ચનો વધારો રૂ. | ૯૨૯૩૦૪૪ | ૧૮ | ગ્રાંથાલય ભવન ખર્ચ | ૭૩૩૯૮૩ |
| | | | ૧૯ | કોમ્પ્યુટર સેન્ટર ખર્ચ | ૬૧[illegible] |
| | | | ૨૦ | ડેવલપમેન્ટ સેન્ટર ખર્ચ | ૭૨૪૮[illegible] |
| | | | ૨૧ | આઇ. એ. એસ. તાલીમ વર્ગનો ખર્ચ | ૪૦૪૮૫૫ |
| | | | ૨૨ | પેન્શન / ગ્રેજયુઇટી / રજાનું રોકડમાં રૂપાંતર વગેરે | ૫૨૩૬૮[illegible] |
| | | | ૨૩ | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | ૧૭૦૫૫૫ |
| | | | ૨૪ | એસ. ટી. એસ. સી. સેલ ખર્ચ | ૨૦૯૯૭૩ |
| | | | ૨૫ | પત્રકારત્વ વિભાગ | ૮૨૯૨૪૮ |
| | | | ૨૬ | પ્રોફેશનલ ટ્રેનીંગ સેન્ટર | ૭૮૦૫૩૬ |
| | કુલ ખર્ચ | ૪૧૪૨૮૩૪૪૦ | | કુલ ખર્ચ રૂ. | ૪૧૪૨૮૩૪૪૦ |

# ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦

## તા.૩૧-૩-૨૦૧૦ નાં રોજનું પાકુ સરવૈયુ

| ફંડ તથા દેવા | રકમ | રકમ | મિલકત તથા લેણાં | રકમ | રકમ |
|---|---|---|---|---|---|
| જનરલ ફંડ | | | કાયમી મિલકતો:- | | |
| ઉઘડતી સિલક | ૮૨૪૪૧૮૭.૦૯ | | ઉઘડતી સિલક | ૧૫૯૫૭૧૭૦૨.૭૬ | |
| ઉમેરો | | | ઉમેરો | ૩૧૬૦૬૫૦ | |
| ફર્નિચર ઇત્યાદી | ૬૦૬૦૮૮.૫૦ | | કુલ | ૧૬૨૭૩૨૩૫૨.૭૬ | |
| કુલ | ૮૮૫૦૨૭૫.૫૯ | | બાદ ઘસારો | ૮૩૮૫૮૦૯૨.૬૨ | ૭૮૮૭૪૨૬૦.૧૪ |
| બાદ:- | | | રોકાણો:- | | |
| ઘસારાના | ૧૦૨૮૫૨૩ | ૭૮૨૧૭૫૨.૫૯ | સેન્ટ્રલ કન્ઝયુમર્સ સ્ટોર્સ | | ૨૦૦૦( |
| કેપીટલ ફંડ:- | | | કર્મચારી વિમા ફાળાનું રોકાણ | | ૧૭૦૦( |
| ઉઘડતી સિલક | ૬૩૫૧૭૮૨૨.૬૬ | | બેંક અને બીજી પુરાંત | | |
| ઉમેરો | | | (૧) બેંક પુરાંતી | ૨૨૯૮૦૦૨૦.૬૫ | |
| બાદ:- | | | (૨) રોકડ અને બીજી પુરાંતી | ૧૦૦૫૭.૯૮ | |
| ઘસારાના | ૧૩૪૭૦૫૨ | ૬૨૧૭૦૭૭૦.૬૬ | (૩) ટુંકી મુદતની ડીપોઝીટ | ૬૦૮૩૬૦૧૧૨.૪૬ | |
| પુસ્તક ફંડ:- | | | (૪) પોસ્ટ ઓફિસ નવરંગપુરા | ૪૦૩૭.૯૬ | ૬૩૧૩૫૪૨૨૯.૦ |
| ઉઘડતી સિલક | ૬૩૨૮૧૭૬.૮૬ | | કાગળ એકાઉન્ટ | | ૩૯૭૬૦૮૫.૨ |
| ઉમેરો | ૭૭૪૦૭૩૪.૦૦ | | સ્ટીલ એકાઉન્ટ | | ૮૭૩૫.૮ |

647

| | | | | | |
|---|---|---|---|---|---|
| કુલ | ૧૪૦૬૮૯૧૦.૮૬ | | સીમેન્ટ એકાઉન્ટ | | ૧૩૩૪૮૩.૪૩ |
| બાદ:- | | | એડવાન્સ અને બીજો ખાતો | | ૧૧૨૨૩૬૨૬૪.૫૭ |
| ઘસારાના | ૬૧૩૪૦૬૬.૦૦ | ૭૯૩૪૮૪૬.૮૬ | આવક ખર્ચ એકાઉન્ટ | | |
| બીજા ફંડો:- | | | છેલ્લા હિસાબ મુજબ | (-)૨૧૨૪૮૨૫૨.૫૮ | |
| ઉઘડતી સિલક | ૨૫૦૦૬૯૩૮૭.૫૧ | | ઉમેરો :- | ૯૨૯૩૦૪૩.૪૧ | |
| ઉમેરો | ૭૩૨૬૯૪૨૪.૦૦ | | ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો | (-)૧૧૯૫૫૨૦૯.૧૭ | |
| | | | | (-)૩૨૪૧૪૧૦૭.૦૦ | (-)૪૪૩૬૯૩૧૬.૧૭ |
| કુલ | ૩૨૩૩૩૮૮૧૧.૫૫ | | બાદ:- | | |
| ઘસારાના / ચુકવ્યા ઇત્યાદી | ૭૪૬૮૫૩૭૧ | ૨૪૮૬૫૩૪૪૦.૫૧ | ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા | | |
| સરકારી ગ્રાન્ટ:- | | | | | |
| રાજ્ય સરકાર | ૫૫૮૧૩૩૫૭.૪૬ | | | | |
| કેન્દ્ર સરકાર | ૬૮૨૮૫૭૨.૪૬ | | | | |
| યુનિ. ગ્રાન્ટ કમિશન | ૫૭૧૬૯૭૬૨.૨૧ | | | | |
| અન્ટ ગ્રાન્ટ | ૩૨૭૦૬૨૭.૬૩ | ૧૨૩૦૮૨૩૧૯.૭૬ | | | |
| સસ્પેન્સ એકાઉન્ટ | | (-)૪૬૯૭૫૧.૩૪ | | | |
| ડીપોઝીટ એકાઉન્ટ | | ૩૩૩૦૨૭૩૮૮.૬૬ | | | |
| કર્મચારી વિમા યોજના ફાળો | | ૨૯૯૭૪.૩૭ | | કુલ | ૭૮૨૨૫૦૭૪૨.૦૭ |
| | કુલ | ૭૮૨૨૫૦૭૪૨.૦૭ | | | |

૮૫૩

## ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સને ૨૦૦૯-૧૦

### જનરલ ફંડ

### વાંધા વસુલાત પત્રક

| અ. નં. | ફકરા નં. | વસુલાતપાત્ર | વાંધા હેઠળની રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૮ | | ૧૫૦૦૦ | |
| ૨ | ૧૧ | | ૪૪૧૮૮ | |
| ૩ | ૬૫ | ૨૦૧૨૦૮૪ | | |
| ૪ | ૧૪ | | ૮૬૧૨૬૪ | |
| ૫ | ૧૭ | ૩૩૦૦ | | |
| ૬ | ૨૧ | | ૩૨૧૮૭૯૧૭ | |
| ૭ | ૨૨ | ૮૯૮૮૭ | | |
| ૮ | ૨૩ | | ૧૪૮૮૫૬૦.૨૩ | |
| ૯ | ૨૪ | | ૭૧૫૬૯૬.૨૫ | |
| ૧૦ | ૨૫ | | ૩૬૮૧૭૦૬.૪૨ | |
| ૧૧ | ૨૬ | ૮૦૦૦૭૩.૭૭ | | |
| ૧૨ | ૨૯ | | ૧૦૪૯૬૭૨.૭૫ | |
| કુલ | | ૨૯૦૫૩૪૪.૭૭ | ૪૦૦૪૪૦૦૪.૬૫ | |

(643)

**નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગરના તા.૧૩-૭-૧૨ ના પત્ર અન્વયે ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ઇન્કવાયરી કેસ નં. ૧/૧૨ ના અનુસંધાને વાંધા વસુલાત પત્રક**

| અ. નં. | ફકરા નં. | વસુલાતપત્ર રકમ. | વાંધા હેઠળની રકમ | અમાન્ય રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૬ | ---- | ૩,૭૯,૧૯,૧૨૨ | ---- |
| ૨ | ૪૯ | ---- | ૨૪,૪૦,૪૮૨ | ---- |
| ૩ | ૫૧ | ---- | ૧૦,૫૧,૪૬,૪૬૦ | ---- |
| કુલ | | | ૧૪,૫૫,૦૬,૦૬૪ | ---- |